णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમધરસૂરિ-ગ્રંથાંક-૧

# આગમોદ્ધારકના વચનામૃતો

|||

: પ્રકાશક :

શ્રીજૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સૂરત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુદ્રક :
વસંતલાલ રામલાલ શાહ
પ્રગતિ મુદ્રણાલય,
ખપાટીઆ ચકલા, સૂરત

નકલ ૫૦૦ આવૃત્તિ બીજી [મૂલ્ય રૂા. ૩-૦૦
વિક્રમ સંવત્ ૨૦૨૯ ] વીર સંવત્ ૨૪૯૯ [ આગમોદ્ધારક સંવત્ ૨૪

રૂા. ૭૦૧ આ પુસ્તક પ્રકાશનમાં પૂજ્ય આચાર્યશ્રી
વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય
મુનિશ્રી પ્રબોધચંદ્રવિજયજી મહારાજના ઉપદેશથી

: પ્રાપ્તિસ્થાન :

**જૈન આનંદ પુસ્તકાલય**

ગોપીપુરા, સૂરત

પ્રકાશક :
શાંતિચંદ છગનભાઈ ઝવેરી,
જૈન પુસ્તક પ્રચારક સંસ્થા,
ગોપીપુરા, સૂરત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય નિવેદન

અમારી આ 'જૈન પુસ્તક પ્રચારક સંસ્થા' પૂર્વાચાર્યોની અને પરમતારક ગુરુદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજની કૃતિઓનું તેમ જ શાસનોપયોગી બીજી આધુનિક કૃતિઓનું પણ પ્રકાશન કરવા ભાવના રાખે છે. તે પૈકી આ પુસ્તક આગમધરસૂરિ-ગ્રંથાંક પહેલા તરીકે પૂ૰ ગુરુદેવશ્રીના પ્રખર અનુરાગી મુનિરાજ **શ્રી ગુણસાગરજી** મહારાજની પ્રેરણાથી પ્રસિદ્ધ થાય છે.

પૂ૰ મુનિ મહારાજશ્રી ગુણસાગરજી મહારાજની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રંથો પ્રકાશિત થયા છે.

સિદ્ધચક્ર–માહાત્મ્ય.
સુધા–સાગર–ભા–૧–૨.
સાગર–સમાધાન ભા–૧–૨.
શ્રી નવ સ્મરણાનિ ગૌતમરાસશ્ચ.
સૂયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન.)
પર્વ–દેશના.
(પાંચ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ.)
સ્થાનાંગ–સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ ભા–૧)
ષોડશક પ્રકરણ (વ્યાખ્યાન સંગ્રહ ભા -૧.)
આગમીયસૂક્તાવલ્યાદિ.
લઘુતમનામકોષ અને લઘુસિદ્ધપ્રભા–વ્યાકરણ
આચારાંગ સૂત્ર.
(અ૦ ૪ વ્યા૦ સંગ્રહ ભા ૧.)
ઉપદેશ રત્નાકર (મૂળ ભવાર્થ)
આરાધનામાર્ગ. (ગુજરાતી ભાવાર્થ
શ્રી તીર્થંકરપદવી–સોપાન
(વીસસ્થાનકનાં વ્યાખ્યાનો)
આગમોદ્ધારકશ્રીની અમોઘ–દેશના વ્યાખ્યાન
આગમોદ્ધારકશ્રીની અમૃત–વાણી વ્યાખ્યાન
આગમોદ્ધારકશ્રીની અમૃત–દેશના વ્યાખ્યાન
નવપદ–માહાત્મ્ય.
આગમોદ્ધારક–લેખસંગ્રહ.
પર્વ–માહાત્મ્ય (પર્વોનાં વ્યાખ્યાનો)
પ્રશમરતિ અને સંબંધકારિકા.
(વ્યાખ્યાન સંગ્રહ.)
અષ્ટાહ્નિકા–માહાત્મ્ય (અઠ્ઠાઇનાં વ્યાખ્યાનો)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્ત્વપદ માહાત્મ્ય (આ. બીજી)
શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા (હારિભદ્રીય)
તાત્ત્વિક-પ્રશ્નોત્તર
તપ અને ઉદ્યાપન.
આનંદ-સુધાસિન્ધુ ભા-૨
તાત્ત્વિક-પ્રશ્નોત્તર (સંસ્કૃત)
આરાધનામાર્ગ ભા-૧ (સં. ભાવાર્થ)
સાગર સમાધાન ભા-૧. (આ.બીજી)
સાગર સમાધાન ભા-૨. (આ.બીજી)

## 'આગમધ્ધરસૂરિ'

પુસ્તક પ્રકાશનમાં સહાયભૂત થનાર મૂળીનરેશ-પ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યભગવાન્ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના પરમવિનયી શિષ્યરત્ન શતાવધાની **પંન્યાસ શ્રી લાભસાગરજી** મહારાજ, મુનિશ્રી અરુણોદયસાગરજી મ૦, મુનિશ્રી શશિપ્રભસાગરજી મહારાજ તથા બાલમુનિ શ્રીમહાબલસાગરજી મ૦ના અમો ઋણી છીએ. આ પુસ્તકનું સંશોધન પંડિત ગુણવંતલાલ જેચંદભાઈએ કરી આપેલ છે. અંતમાં આ વચનામૃતોનાં વાંચન-મનન દ્વારા ભવ્ય જીવો આરાધના કરો એ જ અભ્યર્થના.

વિ૦ સં૦ ૨૦૨૯
વૈશાખ વદ ૫
આગમધ્ધરસૂરિ નિર્વાણદિન
સુરત

લિ૦
**મદ્રાસી પાનાચંદ ચાકેરચંદ**
**ઝવેરી અમરચંદ રતનચંદ**
**ઝવેરી શાંતિચંદ છગનભાઈ**

P. P. Ac. Gunratnasuriji M.S.    Jin Gun Aaradhak Trust

# પ્રાક્-કથન

શ્રી સિદ્ધચક્રસાહિત્યપ્રચારકસમિતિ મારફત પ્રસિદ્ધ થતા 'શ્રી સિદ્ધચક્ર' પાક્ષિકમાં આવેલ આ વચનામૃતો પૂજ્ય ગુરુદેવ આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના છે તેથી તેમનો પરિચય આપવો જરૂરી છે. પૂજ્ય ગુરુદેવશ્રીના નામથી જૈન સમાજમાં કોઈ ભાગ્યે જ અપરિચિત હશે. જૈન સમાજના પરમ ઉપકારી શાસનના પરમ પ્રભાવક પૂ૦ ગુરુદેવશ્રીની ઓળખાણ આપવી એ બાલચેષ્ટા, કિન્તુ તક પામીને એ પુણ્યપુરુષનું-શાસનના ધુરંધર સૂરિપુંગવનું સ્મરણ થાય, ભક્તિ થાય એ અનુમોદનીય છે, કર્તવ્ય છે. શૈલાનાનરેશ-પ્રતિબોધક સ્વ-પર-શાસ્ત્રરહસ્યનિષ્ણાત, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ-એ જ શ્રી જૈનસમાજના પ્રાણાધિકવલ્લભ પૂજ્ય ગુરુદેવશ્રીએ તીર્થને અંગે, શાસનને અંગે, સિદ્ધાન્ત અંગે, જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગો પ્રાપ્ત થયા છે ત્યારે ત્યારે લેશ પણ વિશ્રાંતિ વિના કોઈની પણ પરવા વિના તેઓશ્રીએ એકલે હાથે પ્રભુશાસનની અપ્રતિમ સેવાઓ બજાવી છે. એવી સેવામાં જ જીવનને તન્મય બનાવ્યું છે. પ્રભુશાસનની વિજયપતાકા જ ફરકાવી છે. એમ તો તેઓશ્રીની અગણિત સેવાઓ વિદ્યમાન છે. તેઓશ્રીનું જીવન જ સેવાના પ્રતિક સમાન છે. અનેકવિધ સેવાઓમાં આગમ-સેવા એ તેઓશ્રીનું પ્રધાનતમ આત્મીય જીવન છે. આગમના વાંચન સંશોધન પ્રકાશન આદિથી તો તેઓશ્રી **સાક્ષરશિરોમણિ** તરીકે સુપ્રસિદ્ધ હતા જ, છે જ કિન્તુ છેલ્લે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છેલ્લે પૂજ્યશ્રીની પ્રેરણાથી **સિદ્ધાચલગિરિરાજની** છાયામાં બાંધવામાં આવેલું **શ્રી વર્ધમાન જૈન–આગમમંદિર** જે મધ્યમાં એક મોટું, આજુ-બાજુ ચાર મધ્યમ મંદિરોવાલું અને ૪૦ દેરીઓની રચનાથી વિભૂષિત છે એમાં ઉર્ધ્વલોક અને અધોલોકના વિમાનોમાંના શાશ્વતચૈત્યોમાં સ્થાપિત કરાયેલા એકસો એંસી જિનબિંબોને અનુલક્ષીને ૧૮૦ પ્રભુ પ્રતિમાઓ જૈનાગમોની સંખ્યા પીસ્તાલીશ હોવાથી ૪૫ ચૌમુખજીઓ વડે આ પ્રમાણે સ્થાપિત કરાવાઈ છે. વર્તમાન ૨૪ તીર્થંકરોના ચોવીસ, ૨૦ વિહરમાન જિનેશ્વરોના વીસ અને એક શાશ્વતા ચૌમુખજી મળી ૪૫ ચૌમુખજીઓ વડે (૪૫×૪=૧૮૦) દેવલોકમાનાં જિનબિંબ સ્વરૂપ સાચવવામાં આવ્યું છે. જિનેશ્વરોના જન્મકલ્યાણક સમયના અભિષેકો માટેના મેરુપર્વતો પાંચ હોવાથી તેને અનુલક્ષીને એક મોટો અને ૪ મધ્યમ એમ પાંચ ચૈત્યોમાં આગમો અને પ્રકરણોમાં આવેલા વર્ણનો પ્રમાણે પાંચ મેરુ–પર્વતોની સ્થાપના કરી પાંચ ચૌમુખજી, બાકીની ૪૦ દેરીઓમાં જિનેશ્વર ભગવંતોએ સમવસરણમાં ચારે દિશાઓ તરફ ચતુર્મુખે આગમોની પ્રરૂપણારૂપ દેશના દીધેલી હોવાથી તે ઉદ્દેશને અનુલક્ષીને ૪૦ સમવસરણમાં ૪૦ ચૌમુખજી પ્રતિષ્ઠિત કરાયા છે. તેમ જ દીવાલોમાં મકરાણાના આદર્શ પાષાણોમાં શ્રી મુખે પ્રરૂપેલાં એ પીસ્તાલીશે આગમો અને પૂર્વાચાર્યોએ રચેલાં કમ્મપયડિ, પંચસંગ્રહ, જ્યોતિષકરંડક વિગેરે કેટલાંક શાસ્ત્રો આરૂઢ કરાવી સ્થાપવામાં આવ્યાં છે.

(૨) ઉપર્યુક્ત આગમમંદિરની સમીપમાં સુકુમાર અને આકર્ષક **સિદ્ધચક્ર–ગણધરમંદિર** પણ બાંધવામાં આવ્યું છે. એના સહુથી ઉપલા મજલામાં ચારે દિશાએ કૃપાદૃષ્ટિ દાખવતા ચૌમુખજી પધરાવવામાં આવ્યા છે. અને ભૂગર્ભમાં અતિથિ તરીકે અન્ય પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવ્યા છે. વચલા તલમજલાના ભાગમાં સિદ્ધચક્ર મંડળ આદિની યોજના આ મુજબ કરવામાં આવી છે.સિદ્ધચક્ર મંડળમાં ૧૦૦૮ પાંખ-ડીના કમળમાં સમવસરણ યોજ્યું હોઈને ઉપલી બાજુમાં નવપદજીની યોજના માટે વિશાળપણે કમળની ૮ પાંખડીઓ બનાવવામાં આવી છે.

કમળના મધ્યભાગની શિખામાં અરિહંતરૂપે ચૌમુખજીની અને વચલી ૪ પાંખડીઓમાં સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય અને સાધુની મૂર્તિઓ પધરાવવામાં આવેલી હોઈ ને મંડળની રચના દેદીપ્યમાન બની છે. કમળના ખૂણાઓની ચાર પાંખડીમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપપદની લિપિબદ્ધ યોજના અને આખા મંડળમાં મંત્રાક્ષરો અને દેવ-દેવીઓ તેનાં નામો અને સ્થાનો સહિત કોતરવામાં આવ્યા છે. એ મંદિરની દીવાલોમાં પણ વર્તમાન ચોવીસીના ચોવીસે તીર્થંકર મહારાજાઓ સ્વ સ્વ તમામ ગણધરો સહિત અલંકૃત કરાવી આયાગપટ્ટની જેમ ૨૪ પટોમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. અને ૧ પચ્ચીસમો પટ ભગવંત મહાવીરસ્વામી અને સુધર્માસ્વામી સહિત આગમોને પુસ્તકારૂઢ કરનાર **શ્રી દેવર્દ્ધિગણિ-ક્ષમાશ્રમણ** પર્યન્તના બહુશ્રુત કેટલાક આચાર્ય ભગવંતો વડે અલંકૃત કરવામાં આવ્યો છે. ગણધર મહારાજાઓના પટ્ટોવડે ભૂષિત હોવાથી જ એનું નામ સિદ્ધચક્ર–ગણધરમંદિર રાખવામાં આવ્યું છે. દીવાલોના વિશેષભાગમાં **આચારાંગ–સૂયગડાંગ–દશાશ્રુતસ્કંધ–દશવૈકાલિક** અને **ઉત્તરાધ્યયનસૂત્રોની** નિર્યુક્તિઓ તથા **તત્ત્વાર્થસૂત્ર** અને **સિદ્ધ-પ્રાભૃત** ગ્રંથોને આદર્શ શિલા ઉપર આરૂઢ કરાવી બિરાજમાન કરવામાં આવ્યા છે. આ મંદિર પણ આગમોની નિર્યુક્તિઓ વડે અલંકૃત હોવાથી સિદ્ધચક્રગણધર **જૈનાગમમંદિર** કહેવાય તો અતિશયોક્તિ નથી જ.

આગમમંદિરો માટે ભરાયેલા ૮૦૦ પ્રતિમાજીઓની તથા બહારના આવેલા અન્ય પ્રતિમાજીઓ વિગેરે મળીને આશરે ૨૦૦૦ ઉપરાન્ત જિનબિંબો વિગેરેની અંજનશલાકા સંવત્ ૧૯૯૯ મહાવદ ૨ ને સોમવાર તા. ૨૨–૨–૧૯૪૩ ને રોજ શુભલગ્નમાં પૂ. આચાર્યદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ** કરી હતી. તેમ જ ઉક્ત બંને મંદિરોની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૯૯ ના મહાવદ ૫ તા. ૨૫–૨–૧૯૪૩ ગુરુવારને રોજ ઉક્ત સૂરીશ્વરજીએ કરાવી હતી.

આ બંને મંદિરોની સાથોસાથ સાધુ–શ્રમણ મહારાજોના પુસ્તક સંગ્રહ રાખવા–માટે **'શ્રી શ્રમણસંઘ પુસ્તક સંગ્રહ'** નામનું એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મકાન પિસ્તાલીશ આગમને અનુલક્ષીને પિસ્તાલીશ પુસ્તક ભંડારો સંગ્રહવા માટેનું યોજવામાં આવ્યું છે. તેમાં હાલ થોડા ભંડારો ગોઠવવામાં આવ્યા છે. તેવી રીતે સૂરતમાં સ્થાપન કરવામાં આવેલ **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરમાં** તીર્છાલોકના વિમાનોમાં શાશ્વતા ચૈત્યોમાં સ્થાપિત કરાયેલાં ૧૨૦ જિનબિંબોને અનુલક્ષીને ભૂગર્ભસહિત ત્રણ મજલામાં **૧૨૦ પ્રભુબિંબો** પશ્ચિમાભિમુખે સ્થાપિત કરવામાં આવ્યા છે. મુખ્ય તલમજલામાં આસન્નોપકારી ચરમ તીર્થંકર **શ્રી મહાવીરસ્વામી** આદિ બિંબો, ચોટીગર્ભમાં આદ્ય તીર્થંકર શ્રી **આદીશ્વરજી** આદિ બિંબો અને ભૂગર્ભમાં શ્યામ આરસના સહસ્રફણા યુક્ત શ્રી **પાર્શ્વનાથજી** આદિ બિંબો, ભૂમિગૃહમાં ઉપરાંત શ્રી સિદ્ધચક્રજીના મંડળો બે સમવસરણરૂપે તે તે વર્ણના રંગવાળી પ્રતિમાઓથી વિરાજીત કરવામાં આવ્યા છે. ભૂમિગૃહમાં અને તલમજલાના રંગમંડપમાં **પિસ્તાલીસે આગમોને** તામ્રપત્રોમાં ઉપસાવેલા અક્ષરોથી આરૂઢ કરાવી ચેનલોમાં કાચથી આચ્છાદિત કરી સ્થાપિત કરવામાં આવ્યા છે. ભૂમિગૃહમાં **પાર્શ્વનાથજી** અને કમઠ તાપસના પ્રસંગો વિગેરેના દશ્યો, તલમજલે મુખ્ય રંગમંડપમાં શ્રી **મહાવીર-સ્વામીના** પંચકલ્યાણક આદિ દશ્યો અને ચોટી-શિખા મજલે શ્રી **આદીશ્વરજીના** પ્રસંગમાંના દશ્યો દીવાલો ઉપર કોતરવામાં આવ્યા છે. મંદિરને ફરતી ચારે તરફની દીવાલોના બાહ્યભાગમાં ચૌદ સ્વપ્નો, અષ્ટમંગળ અને અષ્ટ પ્રાતિહાર્યો વિભૂષિત કરવામાં આવ્યા છે. સૂરતના મંદિરમાં બિરાજમાન કરવા માટે પાદલિપ્તપુરમાં સં૦ ૧૯૯૯ની સાલમાં અંજનશલાકા થયેલાં બિંબોમાંથી ૧૨૦ જિનબિંબો સં૦ ૨૦૦૩ના આશ્વિન વિજયાદશમીને શુક્રવારે પાહુણા તરીકે પધરાવવામાં આવ્યા હતા અને એ જ પ્રતિમાજીઓની તામ્રપત્ર આગમમંદિરમાં વિ૦ સં૦ ૨૦૦૪ના મહા સુદ ૩ ને શુક્રવાર તા. ૧૩-૨-૧૯૪૮ની મંગળ પ્રભાતે રવિ અને રાજ આદિ ચાર શુભયોગવાળા સમયે **આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ** પ્રતિષ્ઠા કરાવી હતી.

આ બન્ને આગમમંદિરની રૂપરેખા **શ્રી જીવણચંદ સાકરચંદ** ઝવેરીના લખાણ ઉપરથી લીધી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સૂરત અને સૂરીશ્વરજી

**પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ** પોતાનું આખું જીવન જૈનશાસનની સેવામાં વિતાવ્યું હતું. અને પોતે અથાગ મહેનતથી **શુદ્ધ કરેલા જિનાગમોને મુદ્રણ કરાવીને, આરસ ઉપર કોતરાવીને અને તામ્રપત્ર ઉપર ઉપસેલા અક્ષરોથી આરૂઢ કરીને ત્રણ પ્રકારે તેનો ઉદ્ધાર કર્યો તેમના ત્રીજા ઉદ્ધારનું કાર્ય ભાગ્યયોગે સુરતને સાંપડયું.** તે તામ્રપત્ર ઉપર આરૂઢ કરેલા આગમો સૂરતમાં એક દેરાસર બંધાવી તેની દીવાલો ઉપર લગાડવાનું નક્કી થયું. આથી તે માટે તથા અન્ય ધાર્મિક વહીવટો માટે ગુરુદેવશ્રીના ઉપદેશથી એક પેઢી સ્થાપવાનું નક્કી થયું અને **શ્રી ચતુર્વિધ સંઘે સંવત્ ૨૦૦૨ના વૈશાખ સુદ ૧ ને શનિવારના દિવસે શ્રી આગમોદ્ધારક સંસ્થાની સ્થાપના કરી.** અને તે સંસ્થાદ્વારા સૂરતમાં શ્રી વર્ધમાન જૈનતામ્રપત્ર આગમમંદિર બાંધવામાં આવ્યું.

## ખાતમુહૂર્ત પ્રતિષ્ઠા

આ આગમમંદિર (દહેરાસરજી) બાંધવા માટે સૂરતના સુપ્રસિદ્ધ રાવબહાદૂર નગીનચંદ ઝવેરચંદ ઝવેરીના સુપુત્ર શેઠ સોભાગચંદના સુપત્ની રતનબહેને આશરે રૂા. ૩૦,૦૦૦) અંકે ત્રીશ હજારની જમીન ભેટ આપી, અને તેના ઉપર આ દહેરાસર બાંધવા માટે સં. ૨૦૦૩ના ફાગણુ વદ ૬ ને દિવસે ખાતમુહૂર્ત **સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઈ** અમદાવાદવાળાના હસ્તે કરાવી કામ શરૂ કર્યું અને નવ માસ જેટલા ટુંકા સમયમાં જ આ દહેરાસરનું કામ પુરું કરી સંવત્ ૨૦૦૪ મહા સુદ ૩ ને શુક્રવારે **પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી**ના વરદ હસ્તે આ મંદિરમાં પ્રતિષ્ઠા કરાવવામાં આવી. આ દહેરાસર બાંધવામાં તથા પાછળથી દીવાલોમાં સોનું વગેરે પુરાવી ડેકોરેશન વિગેરે કરવામાં તેમજ તામ્રપત્ર ઉપર આગમો તૈયાર કરાવવા વિગેરેમાં કુલ્લે લગભગ રૂા. ૫,૦૦,૦૦૦ અંકે પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સૂરતના ગુરુમંદિરના અપૂર્વદશ્યો
# અને ભવ્ય પ્રતિમા

## શ્રી આગમોદ્ધારક ગુરુમંદિર

આ મંદિર આગમોદ્ધારક આચાર્ય **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મ૦ના સ્મરણચિહ્નરૂપે બંધાવવામાં આવ્યું છે.

**પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ વિ૦ સં૦ ૨૦૦૬ના વૈશાખ વદ ૫ ને શનિવારના દિવસે સૂરત મધ્યે ગોપીપુરાના માળીફળિયામાં આવેલી **શેઠ મંછુભાઈ દીપચંદ**ની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયમાં) નિર્વાણ પામ્યા હતા. તેમના દેહનો અગ્નિસંસ્કાર શ્રી આગમોદ્ધારક સંસ્થાની માલિકીની, શહેરની વચમાં આવેલી જગ્યા ઉપર સરકારી સ્પેશિયલ (ખાસ) પરવાનગીથી કરવામાં આવ્યો હતો. તે જ જગ્યા ઉપર **શ્રી આગમોદ્ધારક-ગુરૂમંદિર** બાંધી **વિ૦ સં૦ ૨૦૦૭ના મહા સુદ ૩ ને શુક્રવારના** દિવસે પૂ૦ આચાર્યદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦**ની **પ્રતિમાજી**ની પ્રતિષ્ઠા તેમના **અનન્ય-પટ્ટધર** આચાર્ય **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મ૦** ના વરદ હસ્તે કરાવવામાં આવી છે.

આ ગુરુમંદિર બાંધવામાં કુલ ખર્ચ લગભગ અઠ્યાસી હજાર રૂપિયાનો થયો છે.

રંગમંડપમાં પ્રવેશદ્વારની ઉપર **ધ્યાનસ્થ** ગુરુદેવનું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. તે ચિત્ર, આચાર્યદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મ૦ નિર્વાણ પહેલાં પંદર દિવસ આગળથી કાઉસ્સગ્ગમુદ્રાએ ધ્યાનમાં રહેલા તેનું છે. તેઓ તે દરમિયાન અઢેલતા પણ ન હતા અને સૂતા પણ ન હતા. જે સ્થિતિમાં ધ્યાનમાં રહ્યા હતા તેનું આબેહુબ આ તૈલચિત્ર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રંગમંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ ગુરુદેવશ્રીના દીક્ષાથી માંડી અંત સુધીનાં **ચાતુર્માસોની અને જીવનના મુખ્ય પ્રસંગોની** નોંધ આપવામાં આવી છે.

રંગમંડપમાં દક્ષિણ તરફના દ્વારની ઉપર **શ્રીઆગમોદ્ધારકે** આપેલી **વાચનાનું** દશ્ય છે.

રંગમંડપમાં પશ્ચિમ તરફની બન્ને બાજુની દીવાલો ઉપર **આગમોદ્ધારકના** રચેલા **સંસ્કૃત–પ્રાકૃત ગ્રન્થો** અને **સંકલિત ગ્રન્થોનાં** નામો આરસમાં અંકિત કરાવવામાં આવ્યાં છે.

ગભારાના પ્રવેશદ્વાર ઉપર **રાજપ્રતિબોધનું** દશ્ય છે. આમાં મધ્યે ગુરુદેવશ્રી, ડાબી બાજુએ **શૈલાનાનરેશ** છે ને જમણી બાજુએ રાજાએ આપેલો અમારી પડહનો પટ્ટક છે.

રંગમંડપમાં ઉત્તર તરફના દ્વારની ઉપર **(૧) સ્કંદિલાચાર્યે** આપેલી **માથુરીવાચના** છે ને **(૨) દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે** કરાવેલ પુસ્તકારોહણરૂપ **વલ્લભીવાચના** છે.

રંગમંડપમાં દક્ષિણ અને ઉત્તર તરફના દ્વારોની બન્ને બાજુએ ચાર દશ્યો છે. પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવથી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના સદુપદેશથી સ્થપાયેલ શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી છપાએલ સચિત્ર **'બારસા સૂત્ર' મૂળ તામ્રપત્ર ઉપર ઉપસાવેલ અક્ષરોથી અલંકૃત કરી સુંદર ફ્રેમમાં તૈયાર કરીને દીવાલ ઉપર લગાડવામાં આવેલ છે.** તે એક અદ્ભુત વસ્તુ શ્રી આગમોદ્ધારક–ગુરુમંદિરમાં દર્શન કરવા લાયક બનેલ છે.

રંગમંડપના ઘુમટમાં ગુરુદેવશ્રીના દેહની જેવી **સ્મશાનયાત્રા** નીકળેલી હતી, તેવી આબેહુબ તેમાં આલેખવામાં આવી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પૂજ્યશ્રીની અપૂર્વ ભાવના

પૂ૦ ધ્યાનસ્થ ગુરુદેવશ્રીની ભાવના આગમોમાં આવતી પૂ૦ મહાપુરુષોની વાર્તાઓને આરસમાં ભાવવાહી ચિત્રો ચિતરાવીને ભવ્ય અને કલાયુક્ત સચિત્ર આગમમંદિર બંધાવવાની ભાવનાથી આગમોમાંથી વાર્તાઓની નોંધ મારી પાસે સૂરતમાં શેઠ મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયે) કરાવતા હતા, પણ તે નોંધ અધૂરી રહી અને પૂ૦ આગમોદ્ધારક–આચાર્યદેવ–**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ તે જ ઉપાશ્રયમાં ૧૫ દિવસ અર્ધપદ્માસને મૌનપણું અંગીકાર કરીને **વિ૦ સં૦ ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ શનિવારે અમૃત ચોઘડીએ ક. ૪. મિ. ૩૨ સમયે નિર્વાણ પામ્યા.**

તે થએલ નોંધ ઉપરથી પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના **અનન્ય પટ્ટધર** પૂ૦ ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજની શુભનિશ્રામાં તૈયાર થયેલ ૪૨ ભવ્ય ચિત્રો પાલીતાણા આગમમંદિર નજીક બંધાયેલ 'સ્વાધ્યાય–હૉલ'માં વિ૦ સં૦ ૨૦૨૬ ના શ્રી વર્ધમાન જૈન આગમમંદિરના પ્રતિષ્ઠાદિન મહા વદ ૫ ગુરુવારના દિવસે પધરાવવામાં આવેલ છે.

વિ૦ સં૦ ૨૦૨૯
વૈશાખ વદ–૫
આગમધરસૂરિ
નિર્વાણદિન
સૂરત

લિ.
આ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના શિષ્ય
ગુણસાગર

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

# યત્કિંચિત્

શાસન સમ્રાટ્ બાલબ્રહ્મચારી અનેક તીર્થોદ્ધારક પ. પૂ. આચાર્ય મહારાજ **શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના** પટ્ટધર શાંત-મૂર્તિ **પ. પૂ. આચાર્યશ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટધર પ્રાકૃત વિશારદ સિદ્ધાંત મહોદધિ **પ.પૂ. આચાર્યશ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન મહાન તપસ્વી પ. પૂ. ઉપાધ્યાય **શ્રી કુમુદચંદ્રવિજયજી** ગણિવર્ય આદિ મુનિવરોને શ્રી સંઘે સં. ૨૦૨૮નું ચાતુર્માસ નવસારી શહેરમાં કરવા માટે ખૂબ આગ્રહભરી વિનંતિ કરી.

પૂજ્ય ગુરુદેવની આજ્ઞા મેળવીને તેઓશ્રીએ શ્રીસંઘની ભાવના-પૂર્ણ વિનંતિનો સ્વીકાર કર્યો અને સૂરતથી વિહાર કરીને ચાતુર્માસાર્થે નવસારી પધાર્યા. પૂ. ઉપાધ્યાયજી મહારાજ આ કાળના એક મહાન્ અને અદ્વિતીય ઉગ્ર તપસ્વી છે. અત્યુગ્ર તપશ્ચર્યાની સાથે સાથે અપ્રમત્ત અને નિરતિચારપણે સંયમની આરાધના અને અજોડ સમતા એઓશ્રીના જીવનમાં સાચે જ ઓતપ્રોત થઈ ગયાં છે. તેઓશ્રીએ આજ સુધીમાં ૬૮ ઉપવાસ, ૪૫ ઉપવાસ, બે વાર માસક્ષમણ, બે વર્ષીતપ ૨ શ્રેણીતપ, ૧૧ સિદ્ધિતપ, વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરીને પુનઃ પાયો નાંખીને ૩૬ ઓળી, અનેક અઠ્ઠાઈઓ વિગેરે મહાન તપશ્ચર્યા આરાધી છે. અને હજુપણ એવી મહાન તપશ્ચર્યાઓમાં તેઓશ્રી અવિરત તત્પર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવા આ તપસ્વી રત્ન પૂ. ઉપાધ્યાયજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટશિષ્ય, વિનય–ભક્તિ ગુણના નિધાન. સરલ સ્વભાવી પૂ. મુનિરાજશ્રી પ્રબોધચંદ્ર વિજયજી મહારાજ સાહેબ નવસારી શહેરમાં જ્યારથી પધાર્યા ત્યારથી સકલસંઘમાં આનંદ મંગલ છવાઈ ગયા, સર્વત્ર અદમ્ય ઉત્સાહ અને ઉલ્લાસ વ્યાપી ગયેલા જોવા મળવા લાગ્યા. એમાં પૂ મુનિરાજશ્રી પ્રબોધચંદ્રવિજયજી મહારાજની અમૃત જેવી મીઠી દેશનાના સતત પ્રવાહે તો જાણે જાદુ કર્યો. સંઘમાં આરાધનાના મેઘ વરસ્યા. નાની મોટી ઘણી તપસ્યાઓ, આરાધનાઓ અને એવાં અનેક ધર્મનાં કાર્યો થવા લાગ્યાં. ચાતુર્માસ–પૂર્ણાહુતિ વેળાએ આ બધા આરાધનાના ઉત્સવોમાં શિખર સ્વરૂપ પ. પૂ. શાશન સમ્રાટ ગુરુદેવની શતાબ્દીનો પણ મહોત્સવ ઉજવાયો. એકંદરે આ ચોમાસા દરમ્યાન સકલ સંઘમાં શાસનદેવના પુન્ય પસાયે જયજયકાર વર્તાયો. ચોમાસા પછી સૂરત-પંડોળની પોળવાળા ભાઈઓ ત્યાંના જિનાલયની પ્રતિષ્ઠા અંગે વિનતિ કરવા આવતાં પૂજ્યશ્રી સપરિવારે કાર્તિક વદિ ૫ના તે તરફ વિહાર કર્યો. આખું ચોમાસું જેમના સાંનિધ્યમાં આરાધનામાં વિતાવ્યું એ ગુરુમહારાજની વસમી વિદાયવેળાએ આખો સંઘ એકત્ર થઈ ગયો હતો. સૌએ અશ્રુભીની આંખે પૂજ્યશ્રીને વિદાય આપી.

સૂરતમાં પૂજ્યશ્રીએ કાર્તિક વદિ ૮ મે પ્રવેશ કર્યો ત્યાં તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો. આ ચાલુ મંગલ પ્રસંગમાં જ સોનામાં સુગંધની જેમ પાલીતાણામાં બિરાજમાન પ. પૂ. શાસન-સમ્રાટના પટ્ટધર પ. પૂ મહાન જ્યોતિર્ધર આચાર્ય ભગવંત વિજય-નંદનસૂરીશ્વરજી મહારાજશ્રી તરફથી આજ્ઞા આવી કે પ. પૂ. પરમદયાલુ શાસનસમ્રાટ્ પરમ ગુરુભગવંતની જન્મશતાબ્દિના ચાલુ વર્ષે આપણા સમુદાયના પાંચ ઉપાધ્યાયજી મહારાજોને આચાર્યપદ પ્રદાન કરવાનું છે. તો સૂરતમાં ઉપાધ્યાય શ્રી કુમુદચંદ્રવિજયજી ગણિને પણ આચાર્યપદ આપવાનું છે.

પૂ. આચાર્ય ભગવંતની આજ્ઞા આવતાં જ સૂરતના શ્રી સંઘમાં અનેરા આનંદોત્સાહનું મોજું ફરી વળ્યું. તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ અને જોત જોતામાં એ શુભ દિન આવી પહોંચ્યો. માગશર સુદિ બીજના સવારે પૂ. આચાર્ય ભગવંતે ફરમાવેલા શુભ લગ્ને શુભ ચોઘડીયે ૮–૧૯ મિનિટે સુરતમાં બિરાજમાન **પ. પૂ. શાંતમૂર્તિ ગચ્છાધિપતિ મૂળીનરેશપ્રતિબોધક આચાર્ય મહારાજશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ**ના પવિત્ર હસ્તે વિશાળ માનવ મેદની તથા અનેક સાધુ–સાધ્વીની હાજરીમાં વડાચૌટા શ્રી કલ્યાણ પાર્શ્વ-નાથના જિનાલય પાસે તૈયાર થએલ ભવ્ય મંડપમાં પૂ. ઉપાધ્યાયજી મ૦ને સૂરિપદ આપવામાં આવ્યું. પ. પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર તરીકે પૂ. આચાર્યદેવ શ્રી વિજયકુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીને સકલ સંઘે જયઘોષપૂર્વક વધાવી લીધા.

એ ઉગ્રતપસ્વી અભિનવ સૂરિદેવને સૂરિપદ પ્રધાન થયું તે મંગલદિનની કાયમી સ્મૃતિ નિમિત્તે તેઓ શ્રીમાનના વિનયી પટ્ટશિષ્ય પૂ. મુનિરાજશ્રી પ્રબોધચંદ્રવિજયજી મ.ના સદ્‌ઉપદેશથી શ્રી નવસારી જૈન સંઘના શ્રમણોપાસિકા સુશ્રાવિકા બ્હેનોના જ્ઞાનખાતાના ભંડોળમાંથી રૂા. ૭૦૧ આ પુસ્તકના પ્રકાશનાર્થે આપવામાં આવ્યા છે.

અંતમાં વિ. સં. ૨૦૨૯ ના માગશર સુદિ ૨ ના થએલ આચાર્યપદ–દિનની સ્મૃતિનિમિત્તે પ્રગટ કરાતા આ પુસ્તકના વાંચન–મનનનો લાભ સુજ્ઞ જીવો લે એ જ અભિલાષા.

લિ.

મુનિ શ્રી શીલચંદ્રવિજય

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

# આગમોદ્ધારકની હિતશિક્ષા

ધ્યાનમાં રાખવાનું છે કે કેટલાક લેખકો પોતાની કલમના ઘોડાને ભગવાનના વચન રૂપ લગામના કાબુમાં રાખવા નથી માગતા અથવા સમર્થ નથી થતા. અને તેવા લખાણો ભવ્યાત્માઓને ધર્મના ઉત્તમ રસ્તા તરફ દોરવા કરતાં બીજી દિશા તરફ દોરી જાય છે. પુસ્તકને બહાર પાડવામાં કદાચ વિલંબ થાય તો અડચણ નહિ પણ તપાસ્યા પછી જ બહાર પાડવાં સારાં છે.

ઘરમાં જ્યારે સારી તબીયત હોય ત્યારે પ્રમાદ છોડી ઉપયોગ રાખી તીર્થયાત્રા વિગેરેનો લાભ ઉઠાવશો.

સંસારસમુદ્રથી તારનાર શ્રી જીનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ દાનાદિ ધર્મ છે. એ વાત દરેક ધર્મિષ્ઠને મનન કરી હૃદયંગત રાખવાની છે.

સંસારસમુદ્રથી તારનાર ધર્મ છે, એ વાત ધ્યાન રહે, અશાતાનો ઉદય નાશ કરનાર દેવાદિકનું ને દાનાદિકનું આરાધન છે.

સંસારઅરણ્યમાં મુસાફરી કરનારાઓને શ્રી જીનેશ્વરમહારાજ રૂપ મહાસાર્થવાહની અને તેના વાક્યોના આલંબનની પુરી જરૂર છે.

સંસારઅરણ્યમાં મુસાફરી કરનાર ને શિવપુર રૂપી ઇષ્ટ નગરે પહોંચાડનાર શ્રી જીનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ દાનાદિમય ને દર્શનાદિ રૂપ ધર્મ જ છે.

સંસારસમુદ્રથી તારનાર અને આભવ પરભવનાં કષ્ટો ટાળનાર શ્રી જિનેશ્વરમહારાજના માર્ગમાં દેવ-ગુરૂ અને ધર્મરૂપી રત્નત્રયી છે.

સંસારસમુદ્રથી તરવાનો માર્ગ શ્રી જીનેશ્વરમહારાજાની પૂજાદિ ષટ્કાર્ય કરવાં એ છે.

સંસારસમુદ્રથી તારનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવાને નિરૂપણ કરેલ ધર્મ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
णमो आगमोद्धारयाणं

# આગમોદ્ધારકના વચનામૃતો

૧ ડૂબેલા અને ડૂબતાઓને દેખીને દયા ખાવી, અને તરવાની ઈચ્છાવાળાઓને તરત બચાવવા એ જૈન શાસનની રીતિ છે.

૨ દુર્જનનું લક્ષણ બાંધતાં દુર્જનને દુઃખ થાય, તો પણ સજ્જનની સૃષ્ટિને પગભર કરવા સારૂ દુર્જનનું લક્ષણ સ્પષ્ટતાથી પ્રતિપાદન જરૂર કરવું.

૩ સુવર્ણને સુવર્ણ તરીકે જાહેર કરતાં ચોકસીએ પીત્તલ અને પીત્તલના વેપારીઓની દરકાર લવલેશ કરવાની નથી. તેવી રીતે ધર્મને ધર્મ તરીકે જાહેર કરતાં ધર્મીએ અધર્મ અને અધર્મીઓની અંશભર પણ શરમ રાખવી ન પાલવે.

૪ પ્રિય, પથ્ય અને તથ્ય કહેવું, રોષ થાય અગર તોષ થાય તો પણ કહેવું, સાચું હોય છતાં અપ્રિય ન બોલવું વિગેરે વિગેરે બોલવાના અનેકાનેક પ્રસંગો (શાસ્ત્રમાં કથન કરેલા છે તે)ને અપેક્ષાપૂર્વક વિદ્વાન્-વકતા જાણી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫ વ્યક્તિની અપેક્ષાએ વક્તાથી પીડાકારક વચન ન બોલાય.

૬ ધર્મની પ્રરૂપણા અંગે સ્હાય જેટલી અપ્રીતિ થાય તો પણ સત્ય પ્રરૂપણા જ થાય, પછી તે કટુ અગર મધુ હોય.

૭ જે સત્યથી હિંસા થાય તે સત્ય નહીં પણ અસત્ય, કારણ કે અહિંસાના રક્ષણ માટે બીજા બીજા વ્રતો છે. જેમ **ચીભડાના રક્ષણ માટે વાડ કરાય છે.**

૮ પર પ્રાણની પીડાના રક્ષણ માટે બોલાતું જુઠું તે જુઠું નથી પણ સત્ય છે.

૯ સંસાર રસિક આત્માઓને સુવર્ણના પચ્ચક્ખાણ નથી પણ તેની લાલસા છે. છતાં પણ તપાવીને લાલચોળ કરેલી સોનાની લગડી આપો તો તે લેવા કોઇ પણ જતું નથી, તેવી રીતે તેઓ (સંસારીઓ) વિનયાદિ ધાર્મિક વચનો શ્રવણ કરવાના અર્થી છે. પણ અરુચિવાળા નથી છતાં ક્રોધથી તપાવેલાં વચનો સાંભળવા કોઈ તૈયાર નથી.

૧૦ પોતાનુ સુધાર્યા વગર પારકું સુધારવા માટેની મહેનત વ્યર્થ છે.

૧૧ પંચમકાળના પ્રાણીઓ પોતાનું સુધાર્યા વગર પારકાને સુધારવામાં (ઉપદેશ દેવામાં) પોતાનું ડહાપણ સમજે છે.

૧૨ બિલાડી પહેલું ઢોળે અને પછી ખાય, તેવી રીતે જગતમાં કેટલાકોનો સ્વભાવ સીધી રીતે સાંભળવાનો કે સમજવાનો હોતો નથી તેમાં કર્મની વિચિત્રતા છે.

૧૩ કાગડો ચાંદામાં ચાંચ મારે અને તે નબળા ઢોરને દેખી ચાંચ મારી નવું ચાંદુ કરે છે. તેવી રીતે આજે કેટલાકોને કાગડાનો કીમીયો હાથ લાગ્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૪ સ્વસમયના ગુણો અને પરસમયના દોષો ખડખડાટ કરવા માટે સમજાવતાં નથી પણ દર્પણમાં પડેલા પ્રતિબિંબને દેખીને જે સદ્ ઉદ્યમ કરતાં શીખ્યા છો, તેનો સફળ ઉદ્યમ કરવા માટે સમજાવાય છે.

૧૫ દર્શનમોહ નામનું કર્મરૂપી કાળકૂટ ઝેર પીધેલ આત્મા હિતમાર્ગ દેખી શકતો નથી.

૧૬ કર્મશત્રુઓના સંહાર માટે ધર્મીઓએ ધર્મ અને ધર્મના સાધનોનો સત્વર ઉપયોગ કરવો ઘટે છે.

૧૭ સમ્યક્ત્વ પહેલો પામેલ હોય તેના કરતાં નવો સમ્યક્ત્વ પામે તે વખતે કર્મ ઉપર સખ્ત દ્વેષ હોય છે.

૧૮ ચોથા ગુણસ્થાનકવાળા કરતાં પાંચમાવાળાને અસંખ્યાતગુણી અને તે કરતાં છઠ્ઠાવાળાને અસંખ્યાતગુણી અને તે કરતાં અનંતાનુંબંધીની જડ જે ખપાવે તેની અસંખ્યાતગુણી નિર્જરા થાય.

૧૯ સાડાત્રણ કરોડ રૂંવાડામાં રૂંવાડે રૂંવાડે થાય કે કર્મને ફાડી નાખું ! ચીરી નાખું ! ત્યારે જે નિર્જરા થાય તેને શાસ્ત્રકારો અનંત નિર્જરા કહે છે.

૨૦ આજ કાલમાં ધર્મપ્રવૃત્તિ પ્રાયઃ વરરાજા વિનાની જાન જેવી છે.

૨૧ કર્મની નિર્જરા કર્મનો ક્ષય એજ મુદ્દાએ ધર્મપ્રવૃત્તિમાં આગળ વધો.

૨૨ નુકશાન કરનારા વસ્તુતઃ નિર્જરા કરાવનાર હોવાથી આપણા મિત્રો જ છે, અર્થાત્–રૂપીઆ દેતાં છતાં પણ ભૂંડું કરનાર જગતમાં કોઇ શોધ્યો જડે તેમ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૩ જે લડાઈમાં તું સામેલ હોય તે લડાઈ થઈ રહે પછી નિરાંતે બેસી વિચાર કરીશ, તો તને ભૂલ માટે પશ્ચાતાપ થશે, સામો માણસ ગુનેહગાર હશે, તો પણ તું માફી આપવામાં મગરૂરી માનીશ.

૨૪ માફી અને મ્હેતલ(અમુક મુદત)માં મહાન અંતર છે. તેવું દ્રવ્યદયા અને ભાવદયામાં અંતર છે. એટલે દ્રવ્યદયા એ અમુક કામ માટેની મ્હેતલ છે, જ્યારે ભાવદયા એ સર્વદાની માફી છે.

૨૫ સાચું માનેલું જૂઠું ઠરી જાય તેટલા માત્રથી સાચ પ્રત્યે અનાદર ન કરો, તેમ જૂઠા પ્રત્યે આદરવાળા ન થાઓ.

૨૬ જૂઠું બોલીને સત્યમાં ખપવાવાળા પ્રત્યે અનુકંપા રાખતાં શીખો, પરંતુ તેમની વાહ વાહ તમે કરો નહીં.

૨૭ ખરાબ પદાર્થો પોતાની ખરાબ ગંધથી જગતને જાહેરાત કરે છે. તો પછી સારા સજ્જન પુરુષોએ પોતાની સજ્જનતાથી સમગ્ર સૃષ્ટિને સુગંધમય કરવા પ્રયત્ન કરવો જ જોઈએ.

૨૮ ઉગે દેવાળું કાઢનાર દેવાળીઆઓને દેખીને શાહુકારો કિંમતભેર આગળ વધે છે. તેવી રીતે ખ્હો ફાટે પતિતોના પડવાના પ્રસંગો પેપરમાં પેખીને(દેખીને) પુણ્યાત્માઓ [તીવ્ર સંવેગીઓ] પવિત્ર સંયમમાર્ગમાં આગળ ધસે છે. બલ્કે પતિતોની પામરતા માટે પલકભર હસે છે. એટલે હૃદયથી વિચારે છે કે બિચારો પામીને હારી ગયો.

૨૯ શૂરવીરોનું જીવન શત્રુઓ વચ્ચે જીવાય છે, તેવી રીતે સજ્જન પુરુષોની સજ્જનતા દુર્જનોની અનેકવિધ દુર્ભેદ્ય દુર્જનતા વચ્ચે અપ્રતિહત રહે, તો, તે કિંમતીપણે પ્રકાશિત

થાય છે. જેમ સુવર્ણ ખાણમાંથી નીકળી માલ વગરની માટી સાથે ગધેડે બેસીને આવે, અગ્નિનો તાપ સહન કરે, લોખંડની એરણ પર હથોડાના માર સહન કરે, [ચણોઠી] કાળા મોઢા સાથે સરખામણી કરે અને કાળા પત્થર સાથે ઘર્ષણ પરીક્ષામાં પાસ થાય તો તે સુવર્ણ થઈ શકે.

૩૦ નિર્બળ પર એક એકનો હલ્લો હોય, બળવાન્ પર સમુદાયનો હલ્લો હોય, શૂરવીરના જ શત્રુઓ હોય, અને શૂરવીરોએ આખા જુથને પાણી પાવાનું હોય, તેવી રીતે આત્માએ શૂરવીર થવું ઘટે છે. કારણ કે એક એક પ્રદેશ પર કર્મની અનંતી વર્ગણાઓનો હલ્લો છે અને બળથી કામ ન લેવાય તો કળથી (પુણ્યને પક્ષમાં રાખી) પાપને નાશ કરવા રૂપી ભેદનીતિથી લેવું જ પડશે.

૩૧ શાસ્ત્રોનું વિદ્યમાનપણું હોવાથી અમે સનાથ છીએ.

૩૨ આગમના અત્યંત આદર વગર ત્રણ તત્ત્વની આરાધના અખંડ રહી શકતી નથી.

૩૩ **તીર્થંકર, કેવલી,** ગણધર અને વિશિષ્ટ જ્ઞાનીના **વિરહકાળમાં વીરવચન આલંબનભૂત છે.**

૩૪ જે પૂર્વાપરના વિરોધે રહિત પ્રરૂપણાવાળા હોય, દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત પદાર્થ કહેનાર હોય, નિર્વાણરૂપ પરમાર્થને પ્રતિપાદન કરનારી હોય, હિંસાદિકના પરિહાર માટે સ્થાન સ્થાન પર તેને નિષેધ કરનાર વાકયો જેમાં હોય, આત્મકલ્યાણમાં અનેક પ્રકારે કર્તવ્યતાઓ કથન કરેલી હોય, **તેવી સ્યાદ્વાદશૈલીથી રચાયેલાં શાસ્ત્રો જૈનત્વના જીવનરૂપ છે.**

૩૫ કર્મથી જુદું પડવું, કર્મથી રખડવું, કર્મનું વેદવું, કર્મનો ક્ષય કરી અવ્યાબાધપદ મેળવવું, પોતાના સ્વસ્વરૂપમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેલું તે બધું બાહ્ય ઈંદ્રિયોથી દેખી શકાય તેમ નથી તે બધાં દેખવા માટે **આગમઆરિસાની જરૂર છે.**

૩૬ દૃશ્ય અને અદૃશ્ય, રૂપી અને અરૂપી, સૂક્ષ્મ અને બાદર, નજીક અને દૂર, ભૂત અને વર્તમાન જાણવા માટે સર્વજ્ઞ-કથતને હરદમ સાંભળનારા **પ્રતિભાસંપન્નશાળી** ગણધરગુમ્ફિત **આગમ તરફ નજર કરો.**

૩૭ દુષમ કાળના દોષે કરીને દુષિત થયેલા અમારા જેવા જીવોને જિનાગમ ન હોત તો અમારું શું થાત !!!

૩૮ લાંબા કાળ સુધી આત્મહિતપ્રવર્તન ગુરુત્વને આધારે જ છે.

૩૯ ગુરુત્વના વિચ્છેદની **સાથે** ધર્મતત્ત્વનો વિચ્છેદ થશે.

૪૦ નિર્ગ્રન્થ સાધુઓની ગેરહાજરીમાં ધર્મનો ધ્વંસ થાય છે.

૪૧ શાસ્ત્રકારોએ શ્રદ્ધા અને દેશનાનું ફળ વિરતિ માનેલું છે. તેમાં પણ તીર્થંકરની આદ્ય દેશનાનું ફળ સર્વવિરતિ રૂપ દીક્ષા મનાયેલી છે, અને તેથી શ્રી વીરપ્રભુની **દીક્ષા વગરની આદ્ય દેશનાને અફળ દેશના ગણી.**

૪૨ પાંચમા આરાને છેડે સાધુનો વિચ્છેદ થશે અને તેજ દિવસે તીર્થનો વિચ્છેદ થશે, માટે શ્રમણોપાસક શબ્દને **સફળ** કરતાં **શીખો.**

૪૩ શાસનની ઉત્પત્તિ, વૃદ્ધિ, અને આબાદી સાધુઓથી જ થાય છે; તે વગર તીર્થ પણ સ્થપાતું નથી.

૪૪ શ્રમણોપાસકપણું મહાવ્રતધર મુનિઓ વગર સફળ કરી શકાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૫ સાધુઓને મોક્ષ સિવાયની સાધ્યતા રાખવાનો સર્વથા નિષેધ કરેલો છે.

૪૬ મોક્ષનો ઉપદેશ ચૂકીને લૌકિક ઉપદેશ કરનારને પ્રભુ-શાસનમાં સાચું સાધુપણું હોતું જ નથી.

૪૭ પ્રાયઃ નિષ્કષાય જેવું, શુક્લલેશ્યાના પરિણામવાળું નવ-ગ્રૈવેયક લઈ જનારું, વિરાધના વગરનું ચારિત્ર જો મોક્ષના સાધ્ય બિન્દુથી ખસેલું હોય તો તે પણ આત્મલાભની અપેક્ષાએ નિરર્થક છે.

૪૮ જૈનશાસનની સીડી પર ચઢેલો મનુષ્ય મોક્ષ સિવાય બીજી સાધ્યતા રાખવાવાળો હોય જ નહિ.

૪૯ જગતમાં અર્થકામની ઈચ્છારૂપ આગને પ્રદીપ્ત કરનાર સાધનો ઠામ ઠામ જડશે, પણ તેને ઓલવવાના સાધનરૂપ જૈના-ગમ અને સત્યોપદેષ્ટા તરણ-તારણ ગુરુવર્યો મળવા મુશ્કેલ છે.

૫૦ ઈહલોક, પરલોકના લાલચુ સાધુઓ મોક્ષને સાધ્યમાં રાખતા નથી, માત્ર જૈનસંઘની માનપૂજાની ખાતર સંઘને મોક્ષ માર્ગ જ બતાવે છે.

૫૧ વેષ વગરના કેવળજ્ઞાનીઓ વંદ્ય નથી.

૫૨ કેવળજ્ઞાન થયા છતાં પણ શાસનમાં દ્રવ્યવેષની પ્રાધાન્યતા છે.

૫૩ કોર્ટમાં બેરીસ્ટર સંબંધી જ્ઞાન અને ઝભ્ભો બે હોય તેને ધારાશાસ્ત્રી તરીકે હિમાયત કરવાનો હક છે, તેવી રીતે સાધુનો વેષ અને સાધુ સંબંધી જ્ઞાન (જઘન્યથી અષ્ટપ્રવચન-માતા) હોવું જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S.                                                    Jin Gun Aaradhak Trust

૫૪ અગુરુને ગુરુ માનવા એ પણ મિથ્યાત્વ છે.

૫૫ પંચમહાવ્રતાદિક ગુણોરહિત સાધુવેષને ધારણ કરનારા વસ્તુત: સાધુપદમાં નથી.

૫૬ અંતર્મુહૂર્તકાળ જેટલી વાસ્તવિક ધર્મબુદ્ધિ જેને થઈ છે, તે પાછળથી ચાહે તેવો અધર્મી થાય તો પણ તે અર્ધ-પુદ્ગલપરાવર્તમાં જરૂર મોક્ષે જાય છે.

૫૭ મોક્ષ માટે લીધેલ ચારિત્ર અગર વ્રતનિયમ કર્મઉદયથી ખંડિત થાય, તો પણ તે દ્રવ્ય ચારિત્ર કહેવાય છે. અને તે ભાવ પચ્ચક્ખાણને લાવનાર બને છે.

૫૮ દ્રવ્ય પચ્ચક્ખાણ પણ ભાવ પચ્ચક્ખાણની સ્થિતિ ભવિષ્યમાં ઉભી કરે છે.

૫૯ ગાઢ કર્મના ઉદયથી પતન થઈ જાય, તો તેટલા માત્રથી જીવ ધર્મને નાલાયક બની શકતો નથી.

૬૦ અધ્યવસાયની ચળવિચળતાને લીધે ધર્મ પ્રત્યે આદર-વાળા નહિ થવું એ વાત અશાસ્ત્રીય છે.

૬૧ સંયોગની વિચિત્રતાને અંગે ઉત્સાહની મંદતામાં કદાચિત્ કર્મનો ઉદય થઈ માર્ગમાં શિથિલતા આવે તોપણ અધ્યવસાયની તીવ્રતાથી કર્મનો ક્ષયોપશમ થાય છે.

૬૨ એકજ જન્મના ચારિત્રમાં ચઢતા પરિણામો અને પડતા પરિણામોનું કાર્ય સેંકડો વખત થાય છે.

૬૩ કેવલી સિવાય ચારિત્ર ગ્રહણકરનારના પરિણામ એક સરખાજ રહે તે બનવું અસંભવિત છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૪ દીક્ષિતની અવસ્થાની ઉત્કૃષ્ટતાનું પ્રતિપાદન દીક્ષાના પરિણામ વધુ ન થાય, અગર વધારવા પ્રયત્ન ન કરવો તે માટે નથી, પણ થયેલ અવસ્થાથી લેશભર અલગા ન ખસતાં મજબૂતીથી તેમાં વધવાનુ બને તેની જાહેર ચેતવણી છે.

૬૫ હીંચોળાની માફક ઝોલાં ખાતા પરિણામને ટકાવવા માટે દીક્ષાની ઉત્તમ અવસ્થા વારંવાર સમજાવાય છે.

૬૬ ક્ષાયોપશમિક ભાવ આવ્યા વગર પ્રથમથીજ ક્ષાયિક (શાશ્વત)ભાવ પ્રાપ્ત થઈ જાય એ અસંભવિત નથી, એટલુંજ નહિ પણ અશાસ્ત્રીય છે.

૬૭ ક્ષાયોપશમિક ભાવને પામ્યા પછી પડે નહીં અને સીધા ક્ષાયિકભાવને પામે એવા જીવો માત્ર કોઈક જ છે.

૬૮ ક્ષાયોપશમિક ભાવને પામીને પડી ગયેલા અનંત અસંખ્યાત સંખ્યાત કાળ સુધી રખડે છે.

૬૯ અનંત, અસંખ્ય અને સંખ્યાતની ગણત્રી સમજવા માટે આજનાં વ્યવહારિક કાર્યમાટે વપરાતાં આજનાં ગણિત કામ લાગે નહિ.

૭૦ ભવિષ્યમાં પડવાની સંભાવના લાગે તેટલા માત્રથી વ્રત-નિયમો કરવા નહી એવી માન્યતાવાળાને તો ધર્મ પ્રાપ્ત થઈ શકે નહીં.

૭૧ મહાવ્રતધારી સાધુઓ ધર્મીજીવોની સગવડ ખાતર તેમ જ પોતાના આત્માને પાપથી બચાવવા માટે સાધુપણાનો વેષ ધારણ કરે છે.

૭૨ વકીલ, ડોકટર, અને બેરીસ્ટરો પોતાના ધંધાની

જાહેરાત માટે ઠામ ઠામ બોર્ડો લગાવે છે તેવી રીતે સાધુનો વેષ એ ધર્મધંધાની જાહેર ખબર છે.

૭૩ આત્માનું ખરું ધન ધર્મ છે, માટે ધર્મધનની સલાહ માટે સાધુ પાસે જાઓ.

૭૪ પતન પરિણામમાં પણ પવિત્ર બનાવવાનું કામ સાધુવેષ કરે છે.

૭૫ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું પતન અને પંચમજ્ઞાનની પ્રાપ્તિનો પ્રસંગ તે ધ્યાનમાં લો.

૭૬ જે પરિણામથી સાધુપણું લેવામાં આવે છે, તે પરિણામને હંમેશાં નિભાવી રાખવા જરૂરી છે.

૭૭ દીક્ષા લેતી વખત દરેક મનુષ્યને નિયમા ઉચ્ચભાવ આવી જાય છે.

૭૮ મસ્તક ઉપર હાથ ફેરવતાં સાતમી નરકનાં દળીઆં ખસેડવાની તાકાત સાધુ–આચારથી છે કે જે સાધુવેષની સર્વોત્કૃષ્ટતા જગતભરના બીજા કોઈ વેષમાં નથી.

૭૯ પોતાની પ્રશંસા પગભર કેમ થાય, એ જેનું દૃષ્ટિબિન્દુ છે. તે જીવો ગુણવૃદ્ધિ કરી શકતા જ નથી.

૮૦ પોતાની ભૂલો પર નજર કરવાવાળા ભાગ્યશાળીઓજ મનુષ્ય બને છે. અર્થાત્ મનુષ્યત્વપણાને સાર્થક કરે છે.

૮૧ અણમોલાં માણેક વેરાઈ ગયા છે, પણ રાત્રી અંધારી હોવાથી વીજળીના ઝબકારા સમાન તેજસ્વી એવા વીતરાગના વિશિષ્ટજ્ઞાનના પ્રકાશનુંજ અવલંબન અંગીકાર કરો.

૮૨ માટીના ઢેફાની ઠેસ–ઠોકર વાગવાથી સુવર્ણમહોર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહાર નીકળી તેમાં મૂર્ખ વિચારે કે દુનિયામાં દુર્લભ વસ્તુ ઠેસ માત્રથી મળે છે.

૮૩ કથંચિત્ બનવાવાળા ભાવને લક્ષ્યમાં રાખવાથી જિંદગી વ્યર્થ જશે. 'મૂર્ખાની ઠેસ અને સુવર્ણની મહોર' એ સિદ્ધાન્ત નથી.

૮૪ જિતના નગારા વગાડવા પહેલાં હૃદયમાં હારની હાડમારીનું અવલોકન કરો.

૮૫ જિતનું કમિશન બેસતું નથી, પણ હારનું જ બેસે છે.

૮૬ સંવર કરતાં પહેલાં આશ્રવ તેમજ નિર્જરા કરતાં પહેલાં બંધને જાણો, તેવીજ રીતે ગુણની શોધમાં ગાંડા બન્યા પહેલાં અવગુણના અંધારા કૂવાના ઉંડાણુનું અવલોકન કરો.

૮૭ લેણદાર લાખ રૂપીઆના લેણામાંથી પાઈ પ્રાપ્ત થયે ખુશી ન થાય, પરંતુ બાકી રહ્યા માટે ચિંતાતુર થાય તેવી રીતે થોડા ગુણ પામી આનંદી ન થાઓ, પણ અનંતગુણો બાકી રહ્યા તેની પ્રાપ્તિ માટે ઉદ્યમવન્ત થાઓ.

૮૮ આશ્રવનો અભાવ, અને આશ્રવનું રોકાણ એ બેમાં આસ્માન જેટલું અંતર છે.

૮૯ પ્રશંસાના પવનમાં પામર આત્માઓ અધઃપતન કરે છે.

૯૦ નિર્વાણપદનું જ્ઞાન એટલે ઉત્કૃષ્ટ જ્ઞાન આત્મા સાથે લાગેલા રાગદ્વેષો દૂર થાય, મોક્ષપ્રાપ્તિ મળે એવા જ્ઞાનને ઉત્કૃષ્ટ-જ્ઞાન કહે છે.

૯૧ ભૂત અને ભવિષ્યના ભાવનું કારણ, તે દ્રવ્ય નિક્ષેપ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૨ ભવ્ય જીવને અનંત વખત થયેલી દીક્ષા, ભાવદીક્ષાનું કારણ બને છે.

૯૩ અભવ્ય જીવોની અનંતી વખતની દીક્ષાઓ ભાવદીક્ષા-રૂપ બનતી જ નથી.

૯૪ દ્રવ્ય શબ્દ અપ્રધાન છે.

૯૫ ભાવદીક્ષાના અર્થીઓને પણ દ્રવ્યદીક્ષા તો ગ્રહણ કરવાની ખાસ આવશ્યકતા જ છે.

૯૬ દીપક બીજાને પ્રકાશ આપે છે પણ પોતે પોતાના માટે આંધળો છે, તેવી રીતે દીપકરૂપ સમ્યક્ત્વધારી અભવ્યો પણ પ્રભુશાસનમાં આંધળા જ છે.

૯૭ એક આધારભૂત ભાજનમાં બે વસ્તુઓ પૂરતા પ્રમાણમાં ભરી શકાતી નથી. અર્થાત્ આત્મરૂપ ભાજનમાં જોડાએલ અથ અને કામની સાધ્યતા સાથે ધર્મ અને મોક્ષની સાધ્યતા રહી શકતી જ નથી.

૯૮ સંસારથી નિવૃત્ત થનારને જ ધર્મ અને મોક્ષની પરમ સાધ્યતા સુલભ છે.

૯૯ મુનિવેષ સાથે મનઃપર્યવજ્ઞાન વિવાહિત બનેલું છે.

૧૦૦ કેવળજ્ઞાન એ આકસ્મિક સંજોગો એ કદાચ ગૃહમાંએ ઉત્પન્ન થઈ જાય પણ મનઃપર્યવજ્ઞાન ગૃહમાં રહ્યા થયું નથી, થતું નથી અને થશે પણ નહિ.

૧૦૧ બે વર્ષ સુધી અલિપ્તપણે રહેલા શ્રી મહાવીરની પ્રભુજીવનની જ ચર્યા છતાં મનઃપર્યવજ્ઞાન કેમ પ્રાપ્ત થયું નહિ તે વિચારો. વસ્તુતઃ ત્યાં મુનિવેષની મહત્ત્વતા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૨ સ્વલિંગ સિદ્ધ એટલે સાધુપણાની સિદ્ધિ.

૧૦૩ સ્વલિંગ એ મોક્ષનું લિંગ છે.

૧૦૪ સાધુપણાનો વેષ પહેર્યા સિવાય મોક્ષ મેળવવાના મનોરથ તે માખણુ મેળવવાના ઇરાદે પાણી વલોવવાની પ્રવૃત્તિની જેમ નિષ્ફળ છે.

૧૦૫ વૈરાગ્યના માર્ગે સંચરેલા ભાગ્યવાનો જ આરાધવા યોગ્ય છે.

૧૦૬ સંસારની પ્રવૃત્તિમાં મસ્ત બનેલ **સમ્યક્ત્વધારી** ભવ્યાત્મા અને તદ્દભવ મોક્ષગામી ચાર જ્ઞાનના ધણી ગણધર ભગવાન એ બંનેનો વિવેક એક સરખો છે.

૧૦૭ મોહનીય કર્મ ત્રુટે એટલે જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મો ત્રુટે છે.

૧૦૮ અજ્ઞાનતાથી કે વિરુદ્ધ ઇચ્છાથી પણ કરેલા પાપનો પરિહાર (ત્યાગ) એ સદ્દગતિ આપે છે. અર્થાત્ એવી પરિસ્થિતનો ત્યાગ પણ નકામો નથી.

૧૦૯ પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) છતાં પ્રત્યાખ્યાનની વિરુદ્ધ ઇચ્છાથી કરેલ ધર્મ દેવલોકાદિ આપે છે. જેમ **અભવ્યોની ચર્યા.**

૧૧૦ આત્મકલ્યાણ કરનારને, તેના આત્મકલ્યાણનાં સાધનો તરફ યથાસ્થિત, પ્રતીતિપૂર્વક પ્રીતિ તે **સમ્યક્ત્વ પરિણામ.**

૧૧૧ આત્મકલ્યાણના સાધનો આદરવા અને આદરવામાં તત્પર થતાં જે પ્રીતિ તે ચારિત્ર **પરિણામ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૨ વિષયની ગુલામી દૂર થાય તો શ્રાવકમાં અને સાધુમાં અંતર નથી–તફાવત નથી.

૧૧૩ ધર્મની દેવલોક જેટલીજ કિંમત કરનારાઓ મિથ્યાત્વી છે.

૧૧૪ ચૌદ રાજલોકમાં સર્વકાળ માટે **અભયદાન દેનારી તો દીક્ષાજ છે.**

૧૧૫ સુખના અર્થી આત્માઓએ હું કોણ? કયાંથી આવ્યો? કેવી રીતે આવ્યો? કયા કુળનો? મારો ધર્મ કયો? તે પામ્યો શાથી? મારું કર્તવ્ય શું? આગામી સુખોને માટે મેં શું કર્યું? આ બધીએ બાબતોને 'શય્યા છોડતાં પહેલાં' પ્રથમ હૃદયપટ પર આલેખન કરવી.

૧૧૬ દેખાવમાં મોટો! સંખ્યામાં સેંકડો ગુણો અને કલા-કૌશલ્યમાં કુનેહબાજ એવા પણ શત્રુથી ગભરાઈને સત્ય તો છુપાવાય જ નહિ.

૧૧૭ કષાયાદિ કરોડો મણની શિલા તળે આત્મા દબાયો છે, બળ અને કળથી પણ કાર્ય સિદ્ધ જ કરો.

૧૧૮ "રાજમાર્ગમાં રખડતા કીટકની માફક" આત્મ-સિદ્ધિની જ ધૂનમાં આત્માઓ પાસે કર્મ તો સ્વતઃ કચડાઈ જવાનું જ છે.

૧૧૯ ગુણો પ્રાપ્ત થયા પછી જ ગુણી પ્રત્યે બહુમાન પ્રેમ અને સાચી સેવા સંપાદન થાય છે, માટે ગુણના ગ્રાહક બનો.

૧૨૦ દોષોને દોષરૂપે જાણવા (ઓળખવા) પછી જ દોષ ઉપર અરુચિ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૨૧ મદોન્મત્ત માનાદિ હસ્તીઓને પણ મશહૂર મૃગાધિરાજરૂપી માનવ મહાત કરે જ છે.

૧૨૨ દુષણથી ડરનારો જ દોષથી દૂર થવામાં સફળ થાય છે.

૧૨૩ સ્વસ્થાનની શુદ્ધિ સિવાય સુ અને કુ વસ્તુઓને તત્સ્વરૂપે ઓળખી શકાતી જ નથી.

૧૨૪ ગુણિજનો પ્રત્યે બહુમાન અને આદરભાવ વિના આત્મભાવની સન્મુખ જવું એ પણ બહુ બહુ મુશ્કેલ છે.

૧૨૫ અનાદિના ભવભ્રમણમાં ભટકતા ભવ્ય અને ભદ્રિક એવા ભાગ્યવાન ભવ્યાત્માઓને પણ ભવિષ્યના ભયંકરતા ભર્યા ભવભ્રમણની ભેરીના નાદો નહીં અટકવાનું કારણ એજ છે કે હજુ પણ તે સાચી ભૂલો સમજવા અને સુધારવા લલચાયો જ નથી.

૧૨૬ સત્યને તથાસ્વરૂપે સમજવા હૃદય તૈયાર નથી.

૧૨૭ નિર્મળ કાર્ય નિહાળવા ચક્ષુ પણ નથી.

૧૨૮ સુધરવાની સુંદર તક ગુમાવવી નહિ.

૧૨૯ આત્મા કર્મરૂપી કટુફળોને હજુ સુધી દિનપ્રતિદિન પુષ્ટ જ બનાવતો રહ્યો છે.

૧૩૦ આત્મા પ્રજ્ઞાચક્ષુતા, બધિરતા અને નિર્વિવેકિપણાને સર્વથા દૂર કરી શકયો જ નથી એ ખ્યાલ પ્રતિપળે રહેવો જોઈએ.

૧૩૧ હિતશિક્ષાને શ્રવણ કરતાં આત્મા કલુષિત થાય તો સમજવું કે ભાગ્ય દશામાં ભોપાળું જ છે.

૧૩૨ મસ્તકને છેદવા ઇચ્છતો શત્રુ પણ ભૂલ કાઢે તે ભૂલ ભૂલરૂપે જ હોય તો તેનો પણ ઉપકાર વાળવા જેવી તૈયારી થશે ત્યારે તો બાળકની પણ બતાવાએલી ભૂલને ભયંકર માની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધારવાનું માનસ ઘડાશે.

૧૩૩ ખીસામાંથી સરી પડેલો હીરાનો નેકલેસ ભલે શત્રુ બતાવે તો પણ લેવો જ રહે છે એમ સમજી હિતના ગ્રાહક બનો.

૧૩૪ શાણા દુશ્મનનું શરણ સારું પણ મૂર્ખ મિત્રની તો મહેરબાની પણ મોંઘી પડશે.

૧૩૫ હાર શોધી આપનારની કિંમતમાં શત્રુ પ્રત્યેનો શત્રુભાવ સંતાઈ જાય છે, તેમ ભૂલને તત્સ્વરૂપે ઓળખાવનાર શત્રુના પણ ઉપકારના બદલામાં ઓછામાં ઓછું શત્રુભાવને ભૂલવા જેટલુ તો તૈયાર રહેવું ઘટે.

૧૩૬ આત્માને ઓળખ્યો તેણે સારાએ જગતને સારાસાર-પણે ઓળખેલ જ છે.

૧૩૭ ગુણ એ શત્રુથી પણ ગ્રાહ્ય જ છે.

૧૩૮ હરપળે સોહાના કબાલા અને મકાનના ચોકસ દસ્તાવેજની ચિંતામાંજ જીવન વેડફી નાખનારાઓએ ખાસ ધ્યાનમાં રાખવું કે આયુષ્યના ખંડિત દસ્તાવેજને અખંડિત બનાવવાનું તો વિસરી જ જવાના પરિણામે તે દસ્તાવેજનું પણ ભવોભવને વિષે લીલામ કરનાર પોતે જ છે.

૧૩૯ ચારે વર્ણાશ્રમને અનુક્રમે સેવવાની જ વાતો કરનારા-ઓએ વિચારવું કે તે ચારે આશ્રમોની સંપૂર્ણતા કેળવી શકું તેટલા વરસ મરણ તો પોતાનાથી દૂર રહેવાની મહેરબાની કરશે ને?

૧૪૦ વર્ણાશ્રમની જ વ્યવસ્થાના વલોપાતમાં વહેતું મૂક-નારાઓ પણ જો સાચા કર્મવાદી હોય, તો વૈરાગ્યને તો લેશ માત્ર પણ વિસારી શકે જ નહિં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૪૧ મિથ્યાત્વના પડલમાં મુંઝાયેલાઓને નગ્ન સત્ય સમજાતું નથી.

૧૪૨ ધર્મ એવા અક્ષરો સ્વપ્નમાં પણ ન સંભળાય તેવા ક્ષેત્રો અનાર્ય ગણાય છે.

૧૪૩ સ્વયંભૂરમણ સમુદ્રમાં ગયેલી ચીજ કદાચ હાથ લાગે પણ સંસારસમુદ્રમાં ખોયેલી જ્ઞાનાદિ ચીજ હાથ લાગવી મુશ્કેલ છે.

૧૪૪ સુખની ઇચ્છા છતાં દુઃખ રૂપ દરિયાનું દર્શન કેમ થાય છે તે વિચારો.

૧૪૫ જગતમાં એવી કોઈ ચીજ નથી કે જે નવપદના વિષયથી બહાર હોય.

૧૪૬ આરાધવા લાયક સર્વ સ્થાનો સિદ્ધચક્રમાં છે.

૧૪૭ નવપદના નવ દિવસો એ ધર્મવૃષ્ટિનો વિશિષ્ટ કાળ છે.

૧૪૮ વરસાદ વખતે જમીન સાફ કરવા બેસવાનું કાર્ય ડાહ્યો ખેડૂત કરતો નથી.

૧૪૯ કારતક મહિને કણબીની કળા કામ આવતી નથી.

૧૫૦ નવપદ નવ દિવસ માટે નથી, પણ નિરંતર સંસ્કાર બન્યો રહેવો જોઈએ તે માટે છે.

૧૫૧ (દેવ, ગુરુ અને ધર્મ) એ ત્રણ તત્ત્વ વગરનું એક પણ આસ્તિક દર્શન નથી.

૧૫૨ વ્યક્તિની આરાધના હંમેશાં રહેવાની નથી.

૧૫૩ જાતિની આરાધના ચિરકાળ જગપ્રસિદ્ધિ પામે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૫૪ જગતના બધા પદાર્થો સંસ્કારને આધીન થઈ શકે છે, પણ મનુષ્યનું જીવન સંસ્કાર માત્રથી આધીન થઈ શકતું જ નથી.

૧૫૫ અસંસ્કાર્ય એવું મનુષ્યજીવન પામીને પ્રમાદ કરો નહીં. શુભાશુભકર્મની વિચિત્રતા છદ્મસ્થોની અગમ્ય છે.

૧૫૬ બે ઘડી માટે કરેલા અભિમાનથી પણ પરમ દુર્લભ માનવજીવન હારી જવાય છે.

૧૫૭ પૂર્વભવમાં ક્ષણમાત્ર મદથી મદોન્મત્ત થનારા હરિકેશી અને ચિત્રસંભૂતિની જીવનચર્યાનુ અવલોકન કરો.

૧૫૮ કુળ, શ્રુત અને બળ આદિ આઠ મદના છાકમાં છકેલા, તે, તેજ વસ્તુનું હીનપણું પામે છે.

૧૫૯ ભવની પરંપરા માનનારાને અસ્પૃશ્યતા એ જાતિ ને કુળનો મદ કરનારને કર્મકૃત સજા છે એમ માનવામાં વાંધો નથી

૧૬૦ કર્મસત્તાને સ્વીકારનાર અસ્પૃશ્યો પણ અપૃશ્યતાને સ્વીકારે છે.

૧૬૧ અખંડ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ માટે સહાયભૂત એવી પ્રવૃત્તિ–તપ તે ધર્મ છે.

૧૬૨ પ્રવૃત્તિરૂપ તપમાં ઉજમાળ રહેલ ભવ્યાત્માઓ સ્વરૂપ–ધર્મરૂપ શિવસંપદાઓ સાધે છે.

૧૬૩ ક્ષાયિક સમ્યક્ત્વવાળા મહારાજા શ્રેણિક પણ અસ્પૃશ્યતાની દરકાર રાખતા હતા.

૧૬૪ સત્કૃત્ય કે દુષ્કૃત્યોનો ઓછામાં ઓછો દસ ગુણો ઉદય હોય છે. અને વધીને તે ક્રોડાક્રોડ ગુણો થઈ જાય છે. **માટે બંધ સમયે સાવચેત રહો.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬૫ આહારનિષેધની પ્રતિજ્ઞારૂપ તપ સિદ્ધપણામાં નથી.

૧૬૬ અણાહારરૂપ તપનું સાધ્ય રત્નત્રયીની સાથમાં છે, છતાં અણાહાર થવું એને આત્મગુણ નથી ગણ્યો. કારણ કે અણાહારીપણું આહારરૂપ દોષના અભાવરૂપ છે.

૧૬૭ તૈજસ્‌ની આગ અનાદિકાળથી ચાલુ છે.

૧૬૮ તૈજસ્‌ની હયાતિમાં સર્વથા આહારત્યાગ ગુણ દીર્ઘકાળ હોતો જ નથી.

૧૬૯ આહારનો સદ્‌ભાવ તૈજસના દોષથી થએલો છે. તૈજસ્‌રૂપી દોષનો અભાવ થવાથી જ અણાહારીપણું છે.

૧૭૦ તપ સાધન તરીકે છે, તેથી જ્ઞાનાદિની માફક સ્વરૂપ-ધર્મમાં તેને ગણ્યો નથી.

૧૭૧ અનાદિકાળથી સુખની લાલસામાં રોકાઈ ગયો.

૧૭૨ તેરમા ગુણસ્થાનકે જેવી શાતા બંધાય છે, તેવી શાતા અનાદિકાળમાં બાંધી જ નથી.

૧૭૩ અરિહંત તત્ત્વને આરાધનારા જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ પરમેષ્ઠિપદે સુશોભિત છે.

૧૭૪ માત્ર કપડાંના પરિવર્તન (કપડાં પલટાવવા)થી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ થવાતું નથી. તેથી તેવા માત્ર સાધુવેષવાળાને સાધુ કહી શકાય નહિ.

૧૭૫ સુવર્ણ અને ટંકશાળની છાપ હોય તો જ તેને સોના મહોર કહી શકાય.

૧૭૬ ગુરુપણાના ગુણ અને સર્વવિરતિનો સુશોભિત વેષ બન્ને હોય તેજ ગુરુપદને શોભાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૭૭ જૈનશાસનરૂપ જગપ્રસિદ્ધ કૉલેજમાં હેડમાસ્તર તરીકે સાધુએ છે, તે બધા સર્વવિરતિવાળા જ હોય છે, જ્યારે શ્રાવક-શ્રાવિકા વર્ગ ધોરણ બહારને બાળવર્ગ છે.

૧૭૮ જેમ બાળવર્ગના વિદ્યાર્થીએ ધોરણમાં આવવાના મનોરથો સેવે, તેવી રીતે શ્રાવક-શ્રાવિકારૂપ બાળવર્ગના વિદ્યાર્થીએ સર્વવિરતિરૂપ ધોરણ યા વર્ગમાં આવવા (દાખલ થવા) અહર્નિશ ઝંખ્યા કરે છે.

૧૭૯ પ્રાથમિક શાળારૂપ દેશવિરતિમાં શ્રમણોપાસકવર્ગ મોક્ષની ક્રિયાને સાધ્યપૂર્વક સેવન કરે છે તે સર્વવિરતિરૂપ ધોરણ યા વર્ગમાં આવવા (દાખલ થવા) અહર્નિશ ઝંખ્યા કરે છે.

૧૮૦ ધ્યેયબિન્દુ વગર આરાધના યથાર્થ ફળવતી થતી નથી.

૧૮૧ સાધ્યને મુદ્દો નહિ રાખનાર એવા ભવ્યમાં અને અભવ્યમાં લેશ પણ ફરક નથી.

૧૮૨ દરેક ભવમાં આહાર લીધો, શરીર વધાર્યું, ઇંદ્રિયો ઉભી કરી, વિષયોને અનુસર્યા, તેના સાધનો વધાર્યાં અને ચાલતા થયા, અને અહિં પણ તેમ કરી ને ચાલતા થઈશું પણ કરવાલાયક આત્મીય કાર્ય માટે હજુ ચિંતા થતી નથી, તો તે સમ્બન્ધી શો વિચાર કર્યો ?

૧૮૩ રખડવાનું મન નહીં હોવા છતાં રખડપટ્ટીના કારણોનું વારંવાર સેવન કરવાથી અનાદિકાળથી આ આત્મા રખડી રહેલ છે.

૧૮૪ આ ભવમાં પ્રથમ કોઈપણ શરીરપ્રાપ્તિ માટે ખોરાક લેતું જ નથી.

૧૮૫ આહારસંજ્ઞાથી ખોરાક લેવાનું કામ શરૂ થાય છે. લીધેલા ખોરાકમાંથી મળ અને રસ બન્ને બને છે, આત્માની સાથે લાગેલ રસમાંથી શરીર ઉભું થાય છે. શરીરમાં કર્મ પ્રમાણે જ ઇંદ્રિયો ફૂટી, ઇંદ્રિયોમાંથી વિકાર સ્ફુર્યો, વિકારની તૃપ્તિ માટે વિષયો, અને વિષયોના રક્ષણ તથા પોષણ માટે તેનાં સાધનો મેળવવાની દોડધામ!

૧૮૬ નિમાજ પઢતાં મસજીદ કોટે વળગી પડે તેવી રીતે લેવા ગયા ખોરાક અને વળગી પડ્યું શરીર.

૧૮૭ બે પાંચ વર્ષનું વ્યસન આત્માને અંધ બનાવે છે. તો પછી અનાદિકાળનું આ આહારાદિનું વ્યસન કેટલી અંધાધૂંધી ફેલાવે છે તે સમ્બન્ધી ક્ષણ વિચાર કરો.

૧૮૮ અગ્નિનો સ્વભાવ છે કે જુનું બાળે અને નવું બાળવા માંગે, તેવી રીતે તૈજસ નામનો જે અગ્નિ આત્માએ સાથે રાખ્યો છે, તેથી જુના પુદ્ગલરૂપ લાકડાં બળે છે, ને નવીન પુદ્ગલરૂપ લાકડાં માંગે છે.

૧૮૯ અગ્નિ અને તૈજસની સરખામણી સ્મરણપથમાં લાવો.

૧૯૦ બાળવાનું ન મળે તો અગ્નિની માફક તૈજસ્ ટકતો નથી, માટે બળતણ જેવા આહારના ત્યાગરૂપ તપસ્યાનું સેવન કરી આત્માને નિર્મળ કરો.

૧૯૧ સળગતા અગ્નિરૂપ તૈજસ્‌માં આ આત્મા અનાદિથી સંડોવાયેલો છે. જાજ્વલ્યમાન સળગતી જ્વાલારૂપ તૈજસ્‌માં બળતા આત્માને બચાવવા પ્રયત્ન કરો.

૧૯૨ ચાર ગતિના જીવો તૈજસ્ રૂપ અગ્નિને સાથે રાખે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૯૩ પુરાણા પુદ્ગલ પચાવવાં અને નવીન પુદ્ગલો લેવાં, આ મજૂરી અનાદિની છે.

૧૯૪ દાહ્ય પદાર્થ વગર અગ્નિ (તૈજસ્) ટકયો અગર અગ્નિ (તૈજસ્) વગર દાહ્ય પદાર્થની પાચનક્રિયા થઈ ગઈ, આ બે વાતમાંથી એકપણ વાત કબુલ કરી શકાય તેમ નથી અર્થાત્ આ પ્રબન્ધને વિચારતાં આત્માના અનાદિપણાનો એકરાર કરવો પડે છે.

૧૯૫ તૈજસ્નો ચાલુ અગ્નિ અનાદિનો છે.

૧૯૬ કેટલાક દાહ્ય પદાર્થોની રાખ થાય, અને કેટલાકના કોલસા થાય, તેવી રીતે આહારથી મળ અને રસનું કામ થયા કરે છે.

૧૯૭ રાખ નકામી જાય છે, અને કોલસા બાળવા કામ લાગે છે, તેવી રીતે મળ નકામો જાય છે, અને રસનું શરીર બંધાય છે.

૧૯૮ અનિચ્છાએ વળગેલા ભૂતની જેમ જીવમાત્રને આ શરીર વળગેલ છે. શરીરની શુશ્રૂષા કરનાર મનુષ્ય, ભૂતને સ્થિર રાખવાનો ભયંકર પ્રયત્ન કરે છે.

૧૯૯ ભૂત વળગ્યા પછી કાઢવાનો ઉદ્યમ હોઈ શકે પણ આ તો વળગેલ ભૂતરૂપ શરીરને રાખવાનો ભગીરથ પ્રયત્ન કરનારાઓ ડાહી દુનિયામાં હુંશીઆર કહેવાય છે.

૨૦૦ દોસ્ત થઈ દુશ્મનની ગરજ સારનાર આ શરીર સિવાય બીજું કોણ છે?

૨૦૧ હરદમ આત્માની ઉપર જૂલમ ગુજારનાર એવા શરીરના કેવળ સંરક્ષણ માટે દોડધામ કરનારાઓ દુર્લભ માનવજીવન તે માટે વેડફી નાખે છે, એ હૃદયમાંથી ભુલાવું જોઈએ નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૦૨ દીવો લઈને ઉઘાડી આંખે ભયંકર ભવકૂપમાં પડયા, મનુષ્ય જીવન હારી ગયા, જૈનકુળમાં પામવા લાયક ન પામી ગયા, ચારિત્ર માટે મળેલું મનુષ્ય જીવન ઝેર જેવું બનાવ્યું, આવી હિતકારી વાતો માણસના મરણ પછી પણ તેના કુટુંબમાંથી કોઈ સંભારતું નથી.

૨૦૩ આજના સમ્બન્ધીઓ પોતાના સ્વાર્થ માટે (સ્વાર્થને યાદ કરીને તે તે બોલીને) રૂએ છે એમ સર્વ કોઈ જાણે છે.

૨૦૪ તમારા સાચા હિત માટે બે દોકડા પણ ઉદ્યમ કરનારને શોધી રાખો.

૨૦૫ સમ્બન્ધીઓને ઓછું પડયું તેને રૂવે છે. પરંતુ જનાર આસામીને ઓછું પડયું તેના માટે આજ કોઈ પણ રોતું નથી.

૨૦૬ આહારની ઇચ્છા સાથે ઉત્પન્ન થયેલ શરીરના ખરા ધર્મને નહિ પિછાણનારા કુટુંબીઓ તો આડા પગે જનારની પાછળ અને ઉભે પગે જનારની પાછળ પણ રડે છે. તેઓને ધંધો જ છે કે રોવું.

૨૦૭ આત્મહિત માટે ઉભા પગે જવાય અને કુટુંબીઓ રડે તેમાં લાભ છે કે કર્મની પરવશતાએ આડાપગે-(મરીને) જવાય અને તેઓ રડે તેમાં લાભ છે? શેમાં લાભ છે તે તપાસી જો, કારણ કે બેમાંથી એક રસ્તે ગયા વગર છૂટકો જ નથી.

૨૦૮ સમજુ નોકર, "માલીકની ચ્હાય તેટલી સેવા કર્યા છતાં રજા દઈ કાઢી મેલશે" એવું જાણે તો તે વખતે રજાની રાહ જૂએ કે તરત રાજીનામું આગળ ધરે? કર્મરાજા તરફથી આ જન્મથી રજા નિર્ણીત સમયે નક્કી થઈ ગઈ છે. તે કોઈની પણ જાણ બહાર તો ન જ હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૦૯ નિશ્ચિત મરણની અવસ્થામાં પણ 'નમો અરિહંતાણં' બોલાય, એ તો પવિત્ર સંસ્કારની ખરેખરી પરાકાષ્ઠા જ છે.

૨૧૦ દેહરા અને ઉપાશ્રય માટે નહિ, પણ આત્માને માટે જ અરિહંત છે.

૨૧૧ શૂળી ઉપર ચઢવા જેવા બિહામણા પ્રસંગે પણ હળુકર્મી આત્માઓ તો આરાધનામાં જ તત્પર હોય છે.

૨૧૨ અરિહંત પ્રત્યે જેને પ્રેમ જાગ્યો નથી, એની અંત અવસ્થા તો સુધરે કયાંથી ?

૨૧૩ શ્રી નવકારમંત્રની શાશ્વતતાનું કારણ તો એ જ કે એના પદો જાતિવાચક છે.

૨૧૪ દ્વાદશાંગી શબ્દથી ફરે છે, પણ અર્થથી તો કદીયે ફરતી જ નથી.

૨૧૫ શ્રી નવકાર મહામંત્ર તો શબ્દથી યા અર્થથી પણ ત્રિકાલાબાધિત જ–શાશ્વતો છે !

૨૧૬ સાગરોપમ સુધીના લાંબા આયુષ્ય ભોગવનારા દેવોની હયાતિમાં વિચરતા તીર્થંકરો અને ગણધરોનાં દર્શન એ લાંબા આયુષ્યના અંત બાદ થતાં નથી, પણ એ દેવોને જાતિવાચક નમસ્કારમહામંત્રગર્ભિત અરિહંતાદિ પદોનાં દર્શન અને આરાધનાનું અવલોકન થાય છે.

૨૧૭ સાકારદેવને ઓળખે જ નહિ, ઓળખવા યત્ન કરે જ નહીં, એ આત્મા નિરાકારદેવને ઓળખવાને પ્રાયઃ અધિકારી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૧૮ સાકારદેવ પ્રત્યે ભક્તિભાવથી સંસ્કારિત બનેલ આત્માઓ કદાચ પૂર્વના કર્મયોગે નીચ કુળમાં પણ ઉતરી આવ્યા હોય, તેવા અવસરે પણ એને ભગવાનના સમવસરણાદિ ઋદ્ધિના દર્શનમાત્રમાંયે પ્રભુમાર્ગ પ્રાપ્ત થાય છે.

૨૧૯ સમ્યક્ત્વરૂપી દીપકથી દેદીપ્યમાન એવો અભવ્ય પણ વસ્તુ માત્રનું યથાસ્થિત ( સમ્યગ્ ) વર્ણન કરી શકે છે.

૨૨૦ સમ્યક્ત્વદીપકના દેવાળીઆઓ ભલે મોટા પંડિતો કહેવાયા હોય છતાં એ વસ્તુને તત્સ્વરૂપે-સમ્યક્ પ્રકારે જાણી કે કહી શકતા જ નથી.

૨૨૧ સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાન તો ચારે ગતિમાં છે પણ, સમ્યક્ચારિત્ર ફક્ત મનુષ્યગતિમાં જ હોવાથી મનુષ્યજન્મની મહત્તા મનાય છે.

૨૨૨ 'ધર્મ' એવા અક્ષરો સ્વપ્નમાં પણ ન સંભળાય તેવા અનાર્ય ક્ષેત્રથી આત્માને અલગ કરો.

૨૨૩ રજા મળશે ત્યારે જઈ શું એ વાત પર રસિક બનીને રંગરાગ ઉડાવનારાઓએ ચેતવાની ખાસ જરૂર છે.

૨૨૪ જોડી કપડાં, પેટપૂર અન્ન અને ફકત સાડા ત્રણ હાથ જગ્યાની ફકત માલીકી ધરાવનાર નોકરો અવસર પ્રાપ્ત થયે કુટુંબરૂપ પેઢીમાંથી રાજીનામું આપી માનવજીવન સફળ કરે છે.

૨૨૫ રાજીનામું આપીને જનાર નોકર બીજાસ્થાન (ગતિ)માં આબરૂ, પગાર (જાતિ કુળ) વિગેરે સારી રીતે પ્રાપ્ત કરી પોતાની કિંમતમાં વધારો કરે છે. જયારે રજા મળ્યા પછી જ નીકળેલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નોકરને ઠામ ઠામ ઉભા રહેવાની જગ્યા પણ મળતી નથી, અર્થાત્ ચાર ગતિના ચક્રરમાં આંટા મારવા પડે છે.

૨૨૬ રાજીનામું આપનાર આત્મા, સારી ગતિ આદિ સંયોગો પામીને ઉચ્ચ સ્થિતિ, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત ચારિત્ર, અનંતવીર્યાદિની ઋદ્ધિ–સિદ્ધિને અનુભવનારા બને છે.

૨૨૭ નીકળવા માટે પગ ઉપાડયો ત્યારે 'નીકળ્યા' અને બીજો પકડીને કાઢે ત્યારે 'કાઢયો' કહેવાય છે. આ શબ્દો સ્મરણ-પથમાં રાખો.

૨૨૮ કર્મનું કરજ કરીને વધારેલા વાડી–વજીફા વિગેરે મૂકીને જવું તો હજી પાલવે અગર મન વાળીએ કે એક વ્હેપલો ઓછો કર્યો હતો, પણ આ તો મળેલું મૂકતા જાઓ અને મેળ-વવા વિગેરેનાં મચાવેલાં તોફાન પેટે વ્યાજનું વ્યાજ ભર્યા કરો એવી કારમી કૂટનીતિ કર્મરાજાની છે.

૨૨૯ મૂર્ખાઈમાં મૂઢ બનેલો મનુષ્ય પરાધીનતાના પિંજરમાં પૂરાય છે. આવી ગુલામી કાંઈ એક, બે કે ત્રણ ભવની નથી પણ અનંતાકાળથી અનંતભવમાં આવી ગુલામી મૂંગે મોંઢે સહન કરી અને હજી વર્તમાનમાં પણ ચાલુ છે

૨૩૦ કર્મરાજાની લડાઈ એ બાલ્કનીયાની લડાઈ નથી, કે જિતે તો રાજ્ય લે, અને દેવું પણ દે, કર્મરાજા તો રાજ્ય સાહ્યબી વિગેરે સર્વ પડાવી લે છે. ઉપરાંત તે માટે કરેલું દેવું પણ વ્યા-જના વ્યાજ સાથે વસુલ કરે છે.

૨૩૧ જમવામાં 'જગલો' અને કૂટવામાં 'ભગલો' એ નાની સરખી કહેવતનો પૂરો અમલ કર્મરાજા કરે છે અર્થાત્ માલ મારવામાં કર્મરાજાના સહચારી તરીકે આખુંએ કુટુંબ અને માર ખાવામાં ભાઈ સાહેબ પોતે!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૩૨ પરાધીનતાના પાશમાં પડેલા પ્રાણીઓ પણ પરસ્પર એક બીજાની પાછળ ઘેલાં બનેલાં છે.

૨૩૩ જગતમાં તમામ જીવોને મમતાની કુટેવનું કારમું વ્યસન લાગ્યું છે.

૨૩૪ વ્યસન-વશવર્તી-વિવેકીઓ પણ વિનાશકાળની (અંતિમ) અવસ્થાને અવલોકી શકતા નથી.

૨૩૫ વ્યભિચારના વ્યસનમાં વ્યામોહી એવો રાવણ રણસંગ્રામમાં રગદોળાઈ ગયો.

૨૩૬ મમતામાં વાસ્તવિક તત્ત્વ નથી, છતાં કર્મના ઉદયથી જીવો તેમાં (મમતામાં) મુંઝાયા છે.

૨૩૭ કર્મના ઉદયની સામે થવું એ જ કલ્યાણકાંક્ષી આત્માઓનું પરમ કર્તવ્ય છે.

૨૩૮ નવ માસથી કંઈક અધિક સમય ગર્ભધારણ કરવાનું, જન્મ ન થાય ત્યાં સુધી ગર્ભ વધારવા-સાચવવા પૂરતી કાળજી રાખવાનું, જન્મ આપતી વખતે જમદ્વારનું દુઃખ દેખવાનું, જન્મ આપ્યા પછી સ્તનપાન કરાવવાનું, બાળકને ટાઢ તાપ વિગેરે દુઃખથી બચાવવાનું, પોષણ કરવાનું, અનાજ ખવરાવવાનું, લુગડાંલત્તાં પહેરાવવાનું, દાગીનાથી શણગારવાનું, આ બધું દુઃખ પુત્ર-પુત્રીમાં સરખું હોવા છતાં એકમાં( પુત્રમાં ) જીવના જોખમે રાખવાની બુદ્ધિ અને એકને [ પુત્રીને ] યેન કેન પ્રકારેણ બીજાને આપવાની બુદ્ધિ કરવી પડે છે. એ અંતર શાથી પડે છે એ વિચારો.

૨૩૯ શુભ સામગ્રીમાત્ર ધર્મથી ઉત્પન્ન થાય છે તો ધર્મોત્પન્ન સામગ્રી ધર્મને સમર્પણ કરવામાં સંકોચ શા માટે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૪૦ પુત્રીને બાર, તેર વર્ષની થાય ત્યારે જમાઈને જરૂર દેવાય, મરે ત્યારે જમને દીધા વિના છૂટકો નહી, તો પછી જતિ [સાધુ] થાય તેમાં વાંધો કેમ ?

૨૪૧ ચંદન છેદતાં સુગંધ આપે, બાળતાં સુગંધ આપે, કારણ કે એ સ્વભાવે સુગંધી છે; તેવી રીતે સમ્યક્ત્વરૂપ સુધાથી સિંચાયેલ સમ્યગ્દ્રષ્ટિ પણ સમભાવરૂપ સ્વભાવથી સુગંધ આપે છે, એટલે હરકોઈને આનંદજનક બને છે. માખીને ચંદન ન ગમે તેમાં કોનો વાંક ?

૨૪૨ નાશવંત પદાર્થોને તમે તમારું ધન માન્યું પણ વસ્તુતઃ તે પણ ધર્મનું [ધર્મથી મળેલું] ધન છે.

૨૪૩ રાજીનામું આપી રાજી થાઓ, નહિ તો રજા પામી સંસારમાં સડવું પડશે.

૨૪૪ ગુમાનમાં ગરકાવ થએલાઓ ગુલામીની ખરીદી કરે છે.

૨૪૫ હાલની કાર્યવાહી જોતાં મિનિટભર મ્હાલવું તે તમારા માટે હિતાવહ નથી.

૨૪૬ કરેલા ઉપકારને અન્ય પશુ ભૂલતો નથી, અર્થાત્ અવસરે શરમ રાખી ઉપકારનો બદલો વાળવા તૈયાર થાય છે, પણ તમારા હકદાર પુત્રો લોભાદિએ અંધ બનીને તમારી પ્રત્યે લેશભર શરમ રાખતા નથી.

૨૪૭ શેરીના કુતરા અને ભંગીઆ જેવી માલીકી તમે ધરાવી શકતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૪૮ વસ્તુત: અત્યારની ચાલુ કાર્યવાહી જોતાં સંસારી આત્મા માલીક નથી, નોકર નથી પણ ગુલામ છે.

૨૪૯ મનથી ભલે તમે માલીકી માનો પરંતુ કુટુંબ કબીલાઓ માટે તમે તમારું ગુલામીખત લખી દીધું છે.

૨૫૦ નોકરી અને ગુલામીમાં પણ જ્યારે મહાન અંતર છે તો પછી માલીકી માનતાં પહેલાં તો જરૂર વિચાર કરો.

૨૫૧ નોકર નોકરીમાંથી છૂટવા માગે તો છૂટી શકે છે, જ્યારે ગુલામ ગુલામીમાંથી છૂટવા મહેનત કરે, તો પણ છૂટી શકતો જ નથી, તેમ તમે ધનમાલ અને કુટુંબ–કબીલાથી છૂટવા માગો તો પણ સ્હેજે છૂટી શકો તેમ નથી.

૨૫૨ સ્વતંત્રપણે છૂટી શકનારાઓ જ ખરેખરા માલીક છે.

૨૫૩ કાલાવાલા કરીને છૂટનારાઓ ખરેખરા નોકર છે.

૨૫૪ છૂટવા જેવું માને છે, છતાં છોડી શકતા નથી તે ગુલામ છે.

૨૫૫ છૂટવા જેવું છે એવું માનતા પણ નથી તેઓ તો અધમ ગુલામ છે.

૨૫૬ ગુલામીમાં મોંઘું મનુષ્યજીવન સર્વથા વેડફી નંખાય છે. તે માટે જરૂર નજર કરો.

૨૫૭ જગતના જાનવરો પણ સ્વાશ્રયી છે. જ્યારે મોઘું માનવજીવન જીવનાર મનુષ્ય પરાધીનતાના પિંજરમાં પૂરાઈ ગુલામીમાં ગુંગળાય છે.

૨૫૮ નાશવંત પદાર્થોની સારપણાની સમજણના સંગીન સડામાં સડતા સંસારીઓ કીડીઓના દરની જેમ ઉભરાય છે.

૨૫૯ કાલાવાલાની કીકીયારી છતાં રાજીનામું દઈને નીકળનારા પુણ્યાત્માનાં યશોગાન જગબત્રીશીએ ચઢયા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૬૦ 'નીકળો! નીકળો!' કહેવામાં આવ્યા પછી નીકળનાર અર્થાત્ રજા પામીને જનારાની અપકીર્તિ અખિલ વિશ્વમાં ફેલાય છે.

૨૬૧ રજા પામી (આડા પગે) નીકળનારાઓને લોકો 'કાઢો! કાઢો!' કહે છે, જ્યારે ઉભા પગે (રાજીનામાપૂર્વક) જનારાઓને 'રહો! રહો!' કહે છે તે ભૂલવા જેવું નથી.

૨૬૨ સારા શબ્દશ્રવણમાં રસિક મુગ્ધજન સારા શબ્દો માંગે છે.

૨૬૩ 'નાસ્તિક' આદિ શબ્દો દરેકના કર્ણમાં કટુતા ઉત્પન્ન કરે છે.

૨૬૪ સમ્યક્ત્વબિરુદધારીના પનારે પડેલાં છોકરાં પુણ્યને પાપ, પાપને પુણ્ય, આશ્રવને સંવર અને સંવરને આશ્રવ કહી દે, લખી દે, લખાવી દે, તેનું અનુમોદન આપી દે, કે તેવી જાહેર પ્રવૃત્તિ શરૂ કરે છતાં તેઓના પેટનું પાણી હાલતું નથી તેનું કારણ શું ?

૨૬૫ સમ્યક્ત્વની સમજણ જેના હૃદયમાં વસે તેના હૃદયમાં અસત્ય પ્રવૃત્તિઓ માટે જરૂર બળાપો થાય.

૨૬૬ આ ફાની દુનિયામાં સંસારપોષક દરેક વૃત્તિ પાપમય છે.

૨૬૭ પાપમય માર્ગમાં પ્રવર્તેલાઓને ઠેકાણે લાવવા હરદમ હૃદય ઝુરે તેવી તત્ત્વદૃષ્ટિથી અલંકૃત થયેલા પુણ્યાત્માઓ વિરલ છે.

૨૬૮ રાજેશ્વરી તે નરકેશ્વરી એ કહેવતનો પરમાર્થ ગુરુગમથી શ્રવણ કરો.

૨૬૯ ભૌતિક સમૃદ્ધિ તરફ જેવી દૃષ્ટિ ખીલી છે, તેવી દૃષ્ટિ પ્રભુપ્રણીત તત્ત્વ પર આ આત્માને જાગી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૭૦ હેય અને ઉપાદેય પદાર્થોની સમજણ આવ્યા છતાં વર્તમાનમાં હોય પદાર્થોને મૂકવાનો પ્રસંગ આવવાથી જીવને ગભરામણ થાય છે તેનું કારણ તપાસો !

૨૭૧ ઇહલોકના સુખને ઇચ્છે, નરકાદિ દુઃખોથી ન ડરે, દિવ્ય સુખો(વસ્તુતઃ દુઃસહ દુઃખો)ને ઇચ્છે એવા કહેવાતા આસ્તિકોને જૈનદર્શનમાં સ્થાન નથી.

૨૭૨ મોક્ષ અને મોક્ષના ઉપાયની માન્યતા આવે ત્યારે જ જૈનદર્શનનું આસ્તિક્ય આવ્યું ગણાય.

૨૭૩ આસ્તિક્યતા અંગીકાર કરનાર સમ્યગ્દ્રષ્ટિના સુધામય સદ્દવિચારોની સૃષ્ટિમાં સર્વત્ર શાંતિ છે.

૨૭૪ પેટપાલનનું પોષણ કરનાર ને શ્રદ્ધાને સડાવનાર સંસ્થાઓને એથી જે પોલાણ પડે તે પરવડતી નથી.

૨૭૫ સંસારરસિક જીવોથી પેટલાદપુરીના રક્ષણ માટે રાતદિવસ, ધર્મ–અધર્મ ને દેવ, ગુરુ તથા ધર્મ પ્રાયઃ શુદ્ધદષ્ટિથી જોવાતા નથી.

૨૭૬ આત્મપુરીની અખંડ જમાવટ માટે સંવરકાર્યમાં સતત પ્રયત્ન કરો, તે સાથે જ નિર્જરાનું નિરંતર સેવન કરો.

૨૭૭ જ્યાંસુધી મોક્ષમાર્ગની સર્વ મુરાદો બર લાવવા માટે સર્વ સમર્પણીય છે, એ વિચારાતું નથી ત્યાં સુધી જૈનદર્શનમાં એકી અવાજે પંકાએલ સમ્યગ્ દર્શનની ગેરહાજરી છે.

૨૭૮ નાશવંત પદાર્થમાં કારમી મમતાનું યથાર્થ સ્વરૂપ સમજનાર સમ્યગ્દ્રષ્ટિની સર્વત્ર સુવાસ નાના નિર્ઝરણાં અસ્ખલિત ઝરાવે છે.

૨૭૯ આસ્તિક જીવો શત્રુને પણ મિત્ર બનાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૮૦ ઘુવડ દિવસે આંધળો, કાગડો રાત્રે આંધળો, પણ કામાંધ તો કાયમ (રાત્રિદિવસ) આંધળો છે, વસ્તુતઃ સાચું સ્વરૂપ દેખી શકતો જ નથી.

૨૮૧ કુલાંગાર કામાંધો જગતમાં કાળો કેર વર્તાવે છે, છતાં તેમાં જો કોઈ સમ્યગ્દ્રષ્ટિ હોય, તો તે અંત અવસ્થાએ પાપકર્મથી ગોશાળાની જેમ પાછો હઠે છે ને સન્માર્ગવાળાની જાહેર રીતે અનુમોદના કરે છે.

૨૮૨ નાશવંત કાર્યવાહીમાં નિષ્ણાતો સ્ત્રીમમત્વ આગળ પિતૃમમત્વ-માતૃમમત્વાદિ સર્વ મમત્વને તુચ્છ ગણે છે, પણ ધર્મની આરાધના કરવામાં તન, મન, અને ધન તથા કુટુંબ કબીલાદિ યાવત્ રાજાપણું ને દેવપણું પણ તુચ્છ ગણે છે.

૨૮૩ મોક્ષના સાધ્યરૂપ સોય સમ્યગ્દ્રષ્ટિના હૃદયરૂપ યંત્રના મધ્યમાંથી ખસે જ નહિ.

૨૮૪ મોક્ષાર્થી સિવાય સાચા સુખનો અર્થી જગતભરમાં કોઈ નથી.

૨૮૫ અનાદિકાળના નિગોદીઆ, સંસારની રમત રમી આવેલા મિથ્યાત્વીઓ, અને સમકિતથી પતિત થઈ ગયેલા કેઈક જીવો સાધારણસ્થાનમાં ( અનંતકાયની ) સાધારણદશાને અનુભવે છે, એ ભૂલવા જેવું નથી.

૨૮૬ ભવિષ્યમાં પવિત્ર પરિણામ અને પવિત્ર પ્રવૃત્તિથી પતન થશે, ઉત્સૂત્ર પ્રરૂપણા કરી અનેકોને ઉન્માર્ગગામી બનાવશે, એવું જાણવા છતાં તેવા મરિચીને પ્રભુમાર્ગમાં સર્વવિરતિનું સમર્પણ ભગવાન્ શ્રી ઋષભદેવજીએ કર્યું છે.

૨૮૭ ભવરોગનિવારક એવા પ્રભુને દેખવા માત્રથી રજોહરણ મૂકી ચાલી જનાર હાલિક, 'મેલીને ચાલી ગયો' એ વિચારને સ્થાન આપવા પહેલાં મહાન્ લાભ મેળવી ગયો છે, એ શ્રીવીરવિભુનું વાક્ય યાદ રાખો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૮૮ દેવાદારો દેવાની નોંધમાં પોતાની સ્ત્રીનું ભરણ પોષણ નોંધાવતા નથી અર્થાત્ પુરુષ સાથે સ્ત્રી સર્વ સંયોગોમાં સામેલ છે. એવો સર્વસામાન્ય સિદ્ધાન્ત જ્યારે આજે પણ જગત કબુલ કરે છે તો દીક્ષિત થનારા સ્ત્રી આદિના ભરણ પોષણના દેવાદાર છે એમ શું જોઈને તે બોલી શકે છે?

૨૮૯ આર્યાવર્તની આર્યમહિલાઓની ધણીના સુખે સુખી અને ધણીના દુઃખે દુઃખી એ અચળ નિયમ જાળવવાની જાહેરાત વિવેકીઓની નજર બહાર ન હોય.

૨૯૦ જાલીમ જૂલ્મગારો અને ન્યાયની સત્તાને ઓળંગનાર રાજસભાઓએ પણ, દીક્ષામાં લેશભર અનર્થ નથી બલ્કે પારમેશ્વરી પ્રવ્રજ્યામાં દેશ. રાજ્ય અને પ્રજાનું એકાંતે હિત છે એવો એકરાર અનેક વખત જાહેર કર્યો છે. તેથી અંગત દ્વેષ સિવાય કોઈપણ મનુષ્ય તે પવિત્ર દીક્ષામાં પ્રતિબંધ કરે જ નહિ.

૨૯૧ દીક્ષાના પ્રસંગને યેન–કેન પ્રકારે વિરુદ્ધપણે ચીતરનારાઓ જો એને બારીકાઈથી તપાસે તો એ વિરોધીના હૃદયમાંથી પણ વિરોધ વિસર્જન થાય છે. એ જ દીક્ષાની મહત્તા છે. જો કે તેઓ પદ્ધતિની કલ્પેલી અયોગ્યતાનો આરોપ વસ્તુમાં કહી વસ્તુને અયોગ્ય માનવા લલચાય છે, પણ ખરેખર તેઓ હિમાલય જેવી મોટી ભૂલ કરે છે.

૨૯૨ અગ્નિમાં પતંગીઆની જેમ સંસાર–દાવાનળમાં વિષયાંધોની દશા દયાજનક છે.

૨૯૩ વિષયમાં અંધ બનેલા પામરો સ્ત્રીમાં પણ અસાધારણ રાગી બને છે. મહાસતી પતિભક્તિપરાયણ વિદુષી મૃગાવતી પર મમત્વ રાખનાર ચંડપ્રદ્યોત રાજા અપકીર્તિના અગ્નિમાં હોમાઈ ગયો એ શું સ્ત્રી સમ્બન્ધી સ્નેહરાગની પરાકાષ્ઠા નથી?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૯૪ અન્યાયમાં અંધ બનેલા આત્માઓને નહિ આદરવા જેવું કશું હોતું જ નથી.

૨૯૫ ધર્મ, ધર્મી અને ધર્મ સાધનો પર ભયંકર આક્રમણ લાવનારા અને અનેકાનેક જૂલ્મી દુષ્પ્રવૃત્તિઓ સેવનારાઓ કર્મની કારમી ભાવિ કાર્યવાહીથી તદ્દન બેદરકાર હોય છે.

૨૯૬ ગુનાના બચાવ માટે અજ્ઞાનને આજની દુનિયા પણ અંગીકાર કરતી નથી.

૨૯૭ જડ પદાર્થોની જંજીરોમાં જકડાયેલાઓ મહા-મિથ્યાત્વમાં મૂર્છિત બની અનેકનાં આત્મકલ્યાણને રુંધવા મથે છે બલ્કે આજે જગતમાં જબરો શોરબકોર તેઓ જ મચાવે છે.

૨૯૮ અર્થકામની કાર્યવાહીમાં મસ્ત બનેલાઓ પાસે વૈરાગ્યવાન્ આત્માઓના વૈરાગ્યની કીંમત કરાવવી તે દેવાળીઆ પાસે શાહુકારની કીંમત કરાવવા જેવું છે.

૨૯૯ આજના કહેવાતા ધર્મીઓ અજ્ઞાન, કદાગ્રહ કે દૃષ્ટિરાગથી ધોળે દહાડે ધાડ પાડનારા ધાડપાડુઓની પેઠે ધર્મ-વૃક્ષના મૂળમાં કુઠારાઘાત કરે છે, કારણ કે ધર્મને ધર્મ તરીકે પીછાણ્યો કે લીધો નથી.

૩૦૦ કલ્યાણમાર્ગમાં રક્ત બનેલા કલ્યાણકાંક્ષી આત્માઓ મોહથી મુગ્ધ બનેલાઓનાં કૃત્રિમ રુદનો અને ભાવિ ઉપસર્ગોની લેશભર દરકાર કરતા નથી.

૩૦૧ અવિરતિના દરિયામાંથી નીકળનારને જે પાછો ખેંચે તે નર મગરમત્સ્યથી કેટલો ઓછો ગણાય ?

૩૦૨ અન્યાય અને અનીતિની અજબ કાર્યવાહી કરનારાઓ આજે ન્યાય અને નીતિનું મૂળ કાઢવા માટે મનુષ્યપણું મૂકી રાક્ષસપણું અંગીકૃત કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૦૩ હથિયારથી ઘવાએલ જાનવર ઉપર જેટલી દયા હોય છે તેના સોમા ભાગ જેટલી દયા કર્મથી ઘવાયેલાને છોડાવવામાં જેઓને ન હોય તે જૈન શી રીતે કહેવાય ?

૩૦૪ સિંહના પંજામાંથી શિયાળ અને બિલાડીના પંજામાંથી ઉંદરનું છૂટવું હજી સહેલું છે પણ સંસારીના સાણસામાં સપડાયેલા આત્માર્થીઓનું છૂટવું તે કોડાગણું મુશ્કેલ છે.

૩૦૫ પોતાનાથી ઉદરપૂરણ કરનારા માલિકના કબજામાંથી ઢોરને છૂટવામાં જે મુશ્કેલી છે તેના કરતાં પોષનાર કુટુંબીઓના કબજામાંથી વૈરાગ્યવાનોને છૂટવામાં વધારે મુશ્કેલી છે.

૩૦૬ નિર્મળ દયાના નિર્ઝરણામાં જેઓએ સ્નાન કર્યું નથી અને સંવરની સુગંધ પામ્યા નથી તેઓ નાશવંત પદાર્થોની ગેરહાજરીમાં કેમ ન મુંઝાય ?

૩૦૭ મહાન્ આત્માઓની મોટી મુરાદો વગર વિલંબે ફળે છે.

૩૦૮ સંયમ માટે સર્વ કાંઈ કરી છૂટનારા અવિરતિઓ પણ સર્વજ્ઞશાસનમાં સર્વવિરતિપદને લાયક છે.

૩૦૯ એકલું સમ્યક્ત્વ પણ ભયંકર ભવદાવાનળને હોલવી શકે છે.

૩૧૦ પતન થવાના ભયમાત્રથી પાવન થવાનો પરમ પવિત્ર માર્ગ બંધ કરવા મથવું તે મૂર્ખતાની પરાકાષ્ઠા છે.

૩૧૧ રંડાપાનો ભય માથે છતાં લગ્નના લ્હાવા લેવાય અને બાલમરણોની મોટી સંખ્યા દેખાતા છતાં જન્મતી વખત જમના દ્વાર દેખવા જેવું દુઃખ નજરોનજર દેખતાં છતાં પણ જન્મને નહિ રોકતાં તેની જોશભેર વૃદ્ધિ કરવાની હિમાયત કરનારા, કોઈ પતિત કે અનાચારીના નામે અખિલ વિશ્વને પરમ આશીર્વાદરૂપ સાધુસંસ્થાની ઉત્પત્તિની આડે આવનારાઓ અક્કલરહિત થઈ પોતાનું અહિત પોતાના હાથે કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૧૨ વિધવા અને મરણુના પ્રમાણુની સાથે પતિત સાધુઓના આંકડાની સરખામણી કરનાર શાણા સજ્જનો હાલની દીક્ષાપ્રવૃત્તિમાં અટકાવવા જેવું લેશભર નથી એમ હૃદયથી કબૂલ કરે છે.

૩૧૩ 'તૂટતું એવું વ્રત પણ ભવિષ્યમાં ભાવ-પ્રત્યાખ્યાનનું કારણ છે' એ અક્ષરો વિવેકીઓએ પોતાના હૃદયપટ પર આલેખવા જોઈએ.

૩૧૪ 'વ્રત ન લે તે પાપી અને વ્રત લઈને ભાંગે તે મહાપાપી' આવું કથન વ્રત નહિ કરવાની પુષ્ટિ માટે નથી, પણ લીધેલાં વ્રતો શુદ્ધ બુદ્ધિથી પાલન કરવા માટે છે.

૩૧૫ વ્રતથી તદ્દન વંચિત રહેનારા તેમ જ કર્મસંયોગે વ્રતાદિકથી પતિત થનાર આત્માઓને વ્રતારૂઢ કરવાનું કાર્ય ન કરતાં હલકા પાડવાનું સાહસ કરનારાઓ પ્રભુમાર્ગથી સદંતર અજાણ છે.

૩૧૬ 'વિશ્વાસઘાતી મહાપાપી' આ કહેવતને કથન કરનારાઓ સર્વ પરમાર્થથી પીછાણી શકતા નથી.

૩૧૭ 'વિશ્વાસઘાતી મહાપાપી' એ કહેવતને અનુસરી બિલકુલ કોઈને વિશ્વાસ આપવો જ નહિ એવી કાર્યવાહી કરનારો જગતમાં શોધ્યો પણ જડશે નહિ.

૩૧૮ અધર્મે વળેલા આત્માઓ લોકોત્તર સમાજના શ્રેષ્ઠ નાવને નિહાળી શકતા નથી.

૩૧૯ સમજણપૂર્વકનાં સ્નેહલગ્નો તોડનારા અને જોડનારા, સમજણપૂર્વક ભાગીદારી કરીને સેંકડો નાસીપાસીના સુર કાઢનારા સંયમના અસ્ખલિતમાર્ગની આડે પતનના નામે આવે છે તેઓ વાસ્તવિક વ્યવહારુ રીતિનીતિને પણ જાણી શકતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૨૦ પડવાની બીકે નહિ જ ચઢનારા કલ્યાણસ્થાનમાં નહિ હોવાથી વંધ્યાપુત્રવત્ છે.

૩૨૧ હિતકારી કાર્યોમાં મમત્વભાવ પ્રવેશ કરે ત્યારે તે જ કાર્યો અનર્થકારી લાગે છે, બલ્કે જીવનપર્યંત ખટકે છે.

૩૨૨ યોગી અને ભોગીના ભેદ નહિ સમજનારા સ્વ–પર-હિત બગાડે છે.

૩૨૩ અવ્યવસ્થિત વાતાવરણને અવ્યાબાધ રાખવા માટે પ્રબળ પ્રયત્ન કરનારાઓ ત્યાગીના વ્યવસ્થિત બંધારણનો વિનાશ કરે છે. જ્યાં સ્નેહનાં ઝરણાં હશે ત્યાં જ વેરના વારિપ્રવાહો અસ્ખલિત વહન કરશે એ ભૂલવા જેવું નથી.

૩૨૪ ક્ષુદ્રજીવી આત્માઓને આત્માર્થીઓના માર્ગ સામે આંગળી ચીંધવાનો અધિકાર પણ નથી.

૩૨૫ મર્યાદા બાંધવાને બહાને ફાવે તેમ બોલવા અને લખવા ટેવાયેલાઓએ આજે વાતાવરણને વિષમય બનાવ્યું છે.

૩૨૬ દીક્ષાનો પ્રસંગ પ્રાયઃ મોહમાં મશગૂલ બનેલા માનવોને પરિણામે મુંઝવણમાં મૂકનારો બને છે.

૩૨૭ વર્તમાનમાં નુકશાન છતાં પણ ભવિષ્યમાં ફાયદાકારક નીવડશે એવું પરિણામ ધારી કાર્ય કરનારાઓ દીક્ષાના પ્રસંગને પૂરો અવલોકન કરે તો, આજે વિરોધનું નામનિશાન ન રહે. અર્થાત્ ત્રણલોકમાં કલ્યાણદાયી દીક્ષા-પ્રસંગ છે.

૩૨૮ તિજોરી તોડવા બેઠેલા ચોરો પર ધસવું એ ભયંકર લાગે છે, પણ તિજોરીનો માલ ન બચે તે તમને કેટલું ભયંકર લાગે છે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૨૯ વર્તમાનમાં ભૂલ દેખીને માતા કાંકરી અગર ઢેફું મારે પણ તે ભવિષ્યમાં લાભદાયી છે એવું આજ્ઞાંકિત પુત્ર-પુત્રીઓ સ્વીકારે છે.

૩૩૦ ભવિષ્યમાં થનારી ભયંકર ભૂલોથી બચાવવા માટે વર્તમાનમાં વડેરાઓ તમારા પ્રત્યે વાગ્બાણ વર્ષાવે છે.

૩૩૧ શાસનમાં સર્વમાન્ય થએલા અમૂલ્ય કોહીનુરની ગણતરીમાં ગણાએલા કોઈક પુણ્યાત્માએ અમોઘ આરાધના કરતાં તેઓનાં વ્રતો કર્મવશાત્ તૂટી ગયાં અને તેઓ દુર્ગતિમાં ગયા પણ વસ્તુતઃ તે માતાનો માર છે. બલ્કે તેવાં તૂટતાં વ્રતો પણ દ્રવ્યવ્રત છતાં ભાવપ્રત્યાખ્યાનમાં કારણભૂત બને છે.

૩૩૨ વ્રત લઈને ભાંગનારા કેટલાક ભવ સુધી રખડવાના છે એ વાત નિઃસંશય છે, પણ એકવાર લીધેલ વ્રત એટલે સુધાપાન તે ભાવિમાં જરૂર કલ્યાણ કરનાર નીવડશે.

૩૩૩ સમ્યક્ત્વની ફરસના માત્રથી પડેલા, સમ્યક્ત્વ સહિત જ્ઞાનથી ચઢેલા, સમ્યક્ત્વસહિત જ્ઞાન ચારિત્રથી પડેલા, સમ્યક્ત્વ નહિ પામેલા, અને અનાદિ અનંતકાળથી નિગોદમાં રહેલા આ બધા જીવો નિગોદના સ્થાનમાં આહારાદિ સ્થિતિ એક સરખી ભોગવે છે.

૩૩૪ અવસ્થા પૂર્ણ થયા બાદ સમ્યક્ત્વાદિ સામગ્રી નહિ પામેલા અને અનાદિ અનંતકાળથી નિગોદમાં રહેલા નિગોદના સ્થાનમાં આહારાદિ સ્થિતિ એક સરખી ભોગવે છે.

૩૩૫ એકવાર લીધેલ વ્રતના પ્રભાવે ચારગતિરૂપ સંસાર-ભવભ્રમણ અર્ધ પુદ્ગલપરાવર્તમાં તો જરૂર બંધ થાવ છે.

૩૩૬ માતાના મારથી વર્તમાનમાં નુકશાન પણ ભવિષ્યમાં ફાયદો, તેવી જ રીતે વ્રતથી પડેલો દુર્ગતિ આદિ દુઃખ ભોગવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ અંતે અર્ધપુદ્ગલપરાવર્તમાં તેનો ઉદ્ધાર જરૂર થવાનો તે વાત નિઃસંદેહ છે.

૩૩૭ વ્રત લઈને ભંગ ન જ કરે તે માટે પૂરતા સાવચેત રહેવું કારણ કે પરિણામે દુર્ગતિ છે, છતાં કર્મવશાત્ પડી જવાય તોએ અર્ધપુદ્ગલપરાવર્તની જ ચિંતા, પણ વ્રત લીધા પછી 'પડી જવાય તો મહાપાપી થવાય' તેવા ભય માત્રથી વ્રત નહિં લેવાની વાતો કરનારાઓને તો અનંતો કાળ સંસારમાં જ ભટકવાનું જ છે.

૩૩૮ વ્રતની વિરાધનાના અંગે મંગુ આચાર્ય અનાર્યમાં ઉત્પન્ન થયા, અને અંતે તે જ વ્રતના પ્રભાવે સદ્ગતિ પણ પામ્યા.

૩૩૯ કર્મવશાત્ તૂટતું એવું વ્રત પણ ભવિષ્યમાં ભાવ-પ્રત્યાખ્યાનનું પરમ કારણ થાય છે.

૩૪૦ ભાંગી તૂટી લાકડી પણ હાંલ્લાં ફોડવાનું કામ કરે છે, ખોડી બિલાડી પણ અપશુકન કર્યા વિના રહેતી નથી તેવી રીતે કર્મવશાત્ ખંડિત થયેલું વ્રત પણ કર્મનું નિકંદન કરવામાં કારણભૂત છે.

૩૪૧ પીળું તેટલું સોનું નહિં તેમ અગ્નિ પાસે પડી રહેલ પિત્તળ પણ સોનું નહિ પણ અગ્નિ પડે છતાં પોતાનો રંગ પલટે નહિ તે જ સુવર્ણ. તેવી રીતે ધર્મી પણ અનેકાનેક વિકટ પ્રસંગમાં પણ ધર્મરંગથી વિમુખ ન બને.

૩૪૨ પોતે પોતાના સ્વ-સ્વરૂપને ઓળખી શકયો નહી તેથી જ આ આત્મા રખડયો છે.

૩૪૩ જીવને રખડપટ્ટીનો ભયંકર રોગ લાગુ પડયો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૪૪ સંસારરોગનિવારણ ઔષધ જે દવાખાનામાં મળે તે દવાખાના તરફ કૂચ કરો.

૩૪૫ શારીરિક દર્દોમાં દવા, દાક્તર અને દવાખાનાની જરૂર, આર્થિક દર્દોમાં વેપારી, વેપાર અને બજારની જરૂર, નૈતિક દર્દોમાં શિક્ષક, શિક્ષણ અને શાળાની જરૂર સ્વીકારનારાઓએ આત્મિક રોગનિવારણ માટે ધર્મ, ધર્મગુરુ અને ધર્મસ્થાનની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારી છે.

૩૪૬ ધર્મસ્થાનરૂપ દવાખાનામાં પ્રવેશક દર્દીને જે-તે દવા ન અપાય.

૩૪૭ ધર્મ અમૃત છે. અમૃતનો ઉપયોગ છૂટે હાથે કરનાર દાનેશ્વરીઓની પ્રભુશાસનમાં જરૂરિયાત છે.

૩૪૮ જિનેશ્વરનું વચન અમૃત સરખું છે. છતાં અધિકારી-અનધિકારી તપાસવાની ખાસ આવશ્યકતા છે.

૩૪૯ અમૃત જીવતાને ફાયદો કરે પણ મરેલાને ફાયદો ન કરે અર્થાત્ અમૃત(ધર્મ) ચૈતન્યવંતને ફાયદો કરે, જડને ફાયદો ન કરે.

૩૫૦ અમૃત(ધર્મ) જીવનને ટકાવનાર, સુંદર બનાવનાર અને નવલ્લવિત રાખનાર છે. પણ નવું જીવન ઉત્પન્ન કરનાર નથી. જીવ ન હોય તો નવું જીવન ન કરે અર્થાત્ જીવ-જીવન જાગતું-જીવતું હોય ત્યાં જ ધર્મરૂપ અમૃત કાર્ય કરે છે.

૩૫૧ જિનવચન અમૃતપાન જેવું છે.

૩૫૨ દશ પ્રાણમાં પરોવાયેલો જીવ જડ-જીવન જીવે છે, અર્થાત્ જીવ-જીવન જીવી શકતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૫૩ આત્માની અનંત શક્તિ હોવા છતાં આ આત્મા ઇંદ્રિયો વગર સ્પર્શ, રસ, ગન્ધ, દેખાવ અને શબ્દ સરખો પણ સાંભળી શકતો નથી; છતાં અનંત શક્તિના આવિર્ભાવ માટે ઉદ્યમી થવાતું નથી.

૩૫૪ ચક્રવર્તીની ઋદ્ધિ અને પાઇને જેટલું આંતરું છે, એના કરતાં આ જીવે જે ઋદ્ધિ ગુમાવી છે તેનું અનંત ગુણુ આંતરું છે માટે સત્વર સફળ માર્ગે પ્રયાણુ કરો.

૩૫૫ સર્વસાવદ્યત્યાગ અને રત્નત્રયીને વિકસાવનાર દશવિધ ચક્રવાલ સામાચારીના સેવન વગર વસ્તુતઃ સાધુપણું નથી.

૩૫૬ સર્વ સાવદ્ય–પાપમય પ્રવૃત્તિના ત્યાગમાત્રથી સાધુપણું આવી જતું નથી.

૩૫૭ અવધિજ્ઞાની તિર્યંચો અંતિમ અવસ્થાએ સર્વસાવદ્યના ત્યાગ માટે પ્રતિજ્ઞા કરે છે તેટલામાત્રથી શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં સાધુ તરીકે સ્વીકાર્યા નથી.

૩૫૮ પ્રતિક્રમણુ, પ્રતિલેખનાદિ ક્રિયાઓને બાજુ પર મૂકી અધ્યાત્મકના આડંબર કરવાવાળા વેશધારી સાધુઓને વીતરાગ-પ્રણીત શાસનમાં સાધુ તરીકે જીવવાનો હક્ક નથી.

૩૫૯ આત્માને અવિરતિ–ત્યાગ તરફ અણુગમો એ એક અદૃશ્ય, અગમ્ય અને ગહન ગાંઠ દિન–પ્રતિદિન સમયે સમયે પાપથી પુષ્ટ થાય છે.

૩૬૦ પાપ કરવાની ઇચ્છા ન હોય, પાપ વધે તે માટે પ્રવૃત્તિ પણુ ન હોય, પાપ કરવા સમ્બન્ધી લેશભર વિચાર કે વચન ન હોય, પાપ પ્રત્યે પ્રીતિ પણુ ન હોય, છતાં અવિરતિનું પાપ લાગ્યા કરે છે. એ અવશ્યમેવ વિચારણીય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૬૧ અવિરતિની અદૃશ્ય ગાંઠનું ઓપરેશન સામાયિક-દ્વારાએ સત્વર કરો.

૩૬૨ સામાયિકમાં પ્રથમ પ્રતિજ્ઞા એટલે અવિરતિ–પાપગાંઠનું ઓપરેશન અને દર્શનાદિની આરાધનારૂપ બીજી પ્રતિજ્ઞા રૂઝ લાવનાર છે. અર્થાત્ સામાયિક આત્માને અપૂર્વ આરોગ્યલાભ સંપાદન કરાવનાર છે.

૩૬૩ ભવિષ્યને ભરોસે રહેનારાઓ દ્રવ્યચારિત્રમાં દિલ પરોવતા નથી અને તેવાઓ ચઢિયાતા જ્ઞાન, દર્શન અને ચારિત્ર કઈ કિંમતે પામશે તે વિચારણીય છે.

૩૬૪ પ્રાપ્ત થયેલી રત્નત્રયીનો ઉપયોગ નહીં કરનારા આગળ વધી શકતા નથી.

૩૬૫ મળેલાં બળ–વીર્યને ગોપવવાં તે જ અતિચાર છે.

૩૬૬ વીર્યાચારમાં વિચક્ષણ બનેલાઓ રત્નત્રયીમાં ઉદ્યમવન્ત હોય છે.

૩૬૭ યાવજ્જીવ રત્નત્રયી આરાધન કરવાની પ્રતિજ્ઞાવાળા 'ઇચ્છા મુજબ કરીશ' એ વચન ઉચ્ચારી શકતા જ નથી.

૩૬૮ પ્રતિજ્ઞાનું પ્રતિક્ષણ પર્યાલોચન કરો.

૩૬૯ ઝવેરીનો બચ્ચો હીરાને હીરો કહે તેટલામાત્રથી તે ઝવેરી થઈ જતો નથી, તેવી રીતે ઇતરદર્શનકારો જીવને જીવ કહી દે તેથી સમકિતી થઈ જતા નથી.

૩૭૦ આસ્તિક અને સમકિતીમાં મહદંતર છે.

૩૭૧ કર્મના કલંજણમાં ખૂંચેલો આત્મા કલંજણમાં નહીં ખૂંચતાં બહાર નીકળે છે, એ આત્માની અનંત શક્તિનું અલૌકિક સામર્થ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૭૨ આત્માની શક્તિ આવિર્ભાવ થએલી છે એવા કેવલી ભગવંતોને કર્મ કંઈપણ કરી શકતું નથી.

૩૭૩ સંપૂર્ણ શક્તિવાળા સર્વજ્ઞને ત્રણ જગતના સામટા કર્મ મળીને હલ્લો કરે, તો પણ રંચમાત્ર હઠાવી શકતા નથી.

૩૭૪ કર્મ કરવા જતા નથી, કર્મ સંભારતા નથી એવા ભરનિદ્રામાં પડેલાઓ પણ સાત–આઠ કર્મ બાંધે છે, એવો કર્મ હલ્લો છે.

૩૭૫ ભગંદરવાળો ભયભીત બને, રસીની ઇચ્છા ન કરે છતાં રસી રોજની રોજ નવી થાય અને નીકળે તે પ્રસંગ વિચાર્યો છે?

૩૭૬ નાશવંત શરીરમાં ભગંદરાદિ વિકાર થયા પછી પૌષ્ટિક ખોરાકો પણ રસીરૂપે પરિણમે છે.

૩૭૭ અવિરતિના વિકારથી વિહ્વળ બનેલા આત્માઓ પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિઓનો સત્વર નાશ કરે છે.

૩૭૮ દૂધ, સાકર આદિ રસમય પદાર્થો વાપરનારે વિચારવું જોઈએ, કે, કોઈ જગો પર વિકાર તો નથી? વિષયો વિકારની વૃદ્ધિ કરશે.

૩૭૯ જ્ઞાનાવરણીયાદિ ગુમડાંને સંવરરૂપ લોશનથી સાફ કરો. નિર્જરાથી ગડગુમડની જડને બાળી નાખો.

૩૮૦ કેવલી મહારાજના ચાર ગુમડાં સંવરરૂપલોશનથી સાફ થયાં, નિર્જરાથી જડ ભસ્મીભૂત થઈ અને રૂઝ આવી ગઈ; બાકીનાં ચાર રુઝાવાની તૈયારીમાં છે.

૩૮૧ આત્માએ પરમાત્મા બનવું હોય તો સ્વ–સ્વરૂપમાં રમણતા કરવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૮૨ સામાયિકની બાધા એ સજા નથી પણ સાજા કરવાની રામબાણ દવા છે.

૩૮૩ લેવાલાયક વસ્તુ કોઈપણ ભોગે લેવામાં હાનિ નથી.

૩૮૪ સંયમ, પૌષધ, પ્રતિક્રમણ ઉપાદેય હોવા છતાં ઉપાદેય તરીકે સ્વીકાર્યાં જ નથી.

૩૮૫ સિદ્ધચક્રમાં જાતિવાદનું જયવંતપણું છે, કારણ વ્યક્તિવાદ કાયમી નથી યાદ રાખો કે ગુણની પૂજયતા ગુણને આભારી છે. માટે ગુણના પૂજારી બનો.

૩૮૬ કોઈપણ આરાધ્ય શ્રીનવપદજીથી અલગ નથી.

૩૮૭ જગત્ એ જ કર્મની વિચિત્રતાનું પ્રદર્શન છે. કર્મને ચૂરવા માટે જ સર્વવિરતિની સાધનારૂપ સમર્થ સાધન શ્રી જૈનદર્શનમાં જયવંતુ વર્તે છે.

૩૮૮ નમો અરિહંતાણં એ જાપ તો શ્રાવકના શ્વાસોચ્છ્વાસમાં ચાલતો હોય.

૩૮૯ તમારાથી ન બને તે તમારી પારાવાર નબળાઈ છે. નબળાઈના બચાવ ખાતર, દોષને ગુણરૂપ ગણાવવા ખાતર શાસ્ત્રને બદનામ કરો નહિ.

૩૯૦ કોઈ હિંદીએ અમૂકનાં ખૂન કર્યા તેથી એમ કહેવું કે હિંદીઓ ખૂની છે, તે શું ન્યાય યુક્ત છે? તાત્પર્ય કે અમુક વ્યકિતના દોષદર્શનમાત્રથી સમગ્ર જાતિરૂપ સંસ્થાને દૂષિત કરો નહિ.

૩૯૧ આગમરૂપી આરિસામાં આત્માને અવલોકનાર વિશુદ્ધ સ્વરૂપ નિહાળી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૯૨ શાસ્ત્રોમાં ફેરફાર કરવાનો બકવાદ કરવો એ અનન્ત જ્ઞાનીઓની ભયંકર આશાતના છે અને તેથી તેવો બકવાદ કરનારાઓને બોધિબીજ દુર્લભ થાય તેમાં નવાઈ શી ?

૩૯૩ વર્તમાનમાં દેવતત્ત્વની પ્રરૂપણા ગુરુતત્ત્વને આભારી છે.

૩૯૪ જમાના પ્રમાણેનું વર્તન એ ધર્મ નથી. જમાનો ફરે છે, પણ ધર્મ ફરી શકતો નથી, જમાનાનું શરણ નહિ સ્વીકારનારાઓ ધર્મમાં સુદૃઢ રહીને જ કલ્યાણ સાધે છે.

૩૯૫ જ્ઞાન ભાડે મળે છે પણ ચારિત્ર ભાડે મળતું નથી.

૩૯૬ 'ભટકતી જાત' એકાદ માસ અહિં અને છ માસ બીજે, એમ વારંવાર ઉચાળા જ ભરે ! એ જ ન્યાય સંસારી ભટકતી જાતમાં છે.

૩૯૭ ભવિતવ્યતા એ ઉદ્યમની એક ગુલામડી બલ્કે ચાકરડી જ છે.

૩૯૮ ભવિતવ્યતા જો પરિપકવ કરવી હોય તો તથાવિધ વીર્યોલ્લાસાદિની વૃદ્ધિ માટે ઉદ્યમ આદરો.

૩૯૯ ભવસ્થિતિના નામે ભૂલા પડેલા મહાનુભાવોએ ધ્યાનમાં રાખવું કે, કોઈની પણ ભવસ્થિતિનો પરિપાક વિનાપ્રયત્ને એમને એમ (Direct) થયો જ નથી. એ માટે ઉદ્યમ તો જાતે જ કરવો પડશે.

૪૦૦ વચનની કિંમત વક્તાની કિંમત ઉપર જ આધાર રાખે છે. તેમ વક્તાની વિશિષ્ટતા પણ વચનને જ આભારી છે.

૪૦૧ સ્વલિંગ–સાધુપણું, ગૃહલિંગ–ગૃહસ્થલિંગપણું, અન્યલિંગ–મોક્ષના કારણથી જુદું લિંગ એ શબ્દો જ સાધુપણાની આવશ્ય પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૦૨ વાના દર્દથી નસો ગંઠાઈ ગઈ છે એવો કોઈ એક લંગડો કિલ્લા ઉપર ચઢીને નીચે ભૂસકો મારે અને કદાચ તે સારો (નસ છુટી) થઇ જાય તેથી તેવી રીતે ભુસકો મારવો એ ખોડીલા પગવાળાઓ માટે સારા થવાનો ઉપાય છે એમ ન ગણાય.

૪૦૩ એકાન્તે મોક્ષના જ હેતુભૂત એવું જીવાજીવાદિ તત્ત્વોનું શુદ્ધ જ્ઞાન તેનું નામ જ સમ્યગ્જ્ઞાન છે. તે સિવાયનું બધુંએ અજ્ઞાન જ છે.

૪૦૪ આસ્તિક ગણાતા સર્વ મતોને દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણ તત્ત્વો માન્યા વિના છૂટકો જ નથી.

૪૦૫ અંગ, ઉપાંગ, ચૌદ પૂર્વાદિ આખીએ જીંદગી કામનાં પણ છેલ્લે વખતે કામ કોણ કરે ? એ તમામના દોહનરૂપ અને આફત વખતે બચાવનાર ફક્ત એક નવકાર. ભીડ વખતે કામ આવે એ જ ખરી મિલકત.

૪૦૬ આત્માને સુધારનારું જ્ઞાન ન મળવાથી, આત્માને બગાડનારું વિપરીત જ્ઞાન લેવાથી, સારા સંસ્કારોનું સ્થાન નરસા સંસ્કારોએ લેવાથી સ્વાભાવિક પરિસ્થિતિને પલટાવવાથી આજના યુવકોનો ધર્મ પ્રત્યે ઉન્માદ છે.

૪૦૭ ગુણરાગ એ પ્રશસ્ત રાગ છે, પ્રશસ્ત રાગ જ રહ્યો થકો કર્મ નિર્જરાવે છે અને કર્મક્ષય થયા બાદ એ આપોઆપ પલાયન થાય છે.

૪૦૮ ધર્મી અને ધર્મ પ્રત્યે રાગ અને અધર્મ પ્રત્યે દ્વેષ કેળવો, પણ અધર્મી પ્રત્યે લવલેશ દ્વેષ કેળવો નહિં બલ્કે ઉપેક્ષા કરો; કારણ કે અધર્મી પ્રત્યે દ્વેષ કેળવવાથી આત્મા મલિન થાય છે.

૪૦૯ વર્તમાનતીર્થ વિદ્યમાન મુનિવરોથી જ વિભૂષિત છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૧૦ આત્મગુણની વૃદ્ધિ-હાનિનો હિસાબ રાખવા, બલ્કે સ્મરણપથમાં રાખવા નોંધપોથી રાખી છે ?

૪૧૧ અનાદિ દુઃખની પરંપરાનું કારણ અનિષ્ટ સંયોગો છે. માટે અનિષ્ટ સંયોગોની સામે ધસારો કરો.

૪૧૨ દુનિયાનો ત્યાગ કરવા ઇચ્છનારે દુનિયાની દરકાર કરવી પાલવે જ નહિ.

૪૧૩ 'કર્મ' શબ્દનો અર્થ માત્ર 'ક્રિયા' એવો અર્થ નાસ્તિકો પણ માને છે.

૪૧૪ જેટલા અંશે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તેટલા અંશે કર્મનો બંધ છે.

૪૧૫ મિથ્યાત્વાદિક કરણે જીવરૂપ કર્તાએ જે બનાવાય તેનું નામ કર્મ.

૪૧૬ ભવનું કારણ કર્મ અને કર્મબંધનનું કારણ મિથ્યા-ત્વાદિક હેતુઓ છે.

૪૧૭ અગિયારમે ગુણસ્થાનકેથી પડવાનું એક ભવમાં બે વખત અને આખા ભવચક્રમાં ચાર વખત થાય. માટે ગુણસ્થાન પર ચઢેલાઓએ સાવધ રહેવું જરૂરી છે.

૪૧૮ બીજાઓને પડતાં દેખીને આપણે નીચાણમાં નજર નાખીએ છીએ પણ ચઢનારાના શૌર્ય તરફ નજર સરખીએ નથી થતી એવું કારણ શોધ્યું ? વસ્તુતઃ નિર્મળ ગુણરૂપ નિસરણી ચઢતાં ઉતરતાં પણ શીખ્યાં નથી.

૪૧૯ દુનિયાદારીની તમામ ક્રિયા કરતાં કોઈને અંગે આઘી-પાછી કરતાં પોતાનો આત્મા ભારે થતો જાય છે એવું ભાન કયારે થયું ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૨૦ બંધ અને આશ્રવ વખતે ચિરાડો પડ્યો?

૪૨૧ નિસરણીના પગથિયાં જેમ જેમ ચઢીએ તેમ તેમ મેડો નજીક આવવાનો તેમ જ દ્રવ્યાનુષ્ઠાન જેમ જેમ કરીએ તેમ તેમ ભાવાનુષ્ઠાન નજીક આવવાનું જ છે.

૪૨૨ ક્રોધ, માન, માયા અને લોભના ફળરૂપે જેઓએ હિંસા કરી, જૂઠું બોલ્યા, ચોરી કરી અને વિષયો સેવ્યા તેઓ નરકમાં ગયા છે. એ પ્રસંગો ભૂલવા જેવા નથી.

૪૨૩ ખરેખર! તીવ્ર પાપમય કટુરસને પોષનાર હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ જ છે. એ પાંચનો ત્યાગ કરનાર દુનિયામાં થઈ રહેલ દારુણ કાર્યવાહીરૂપ દાવાનળમાં સર્વથા જે અણીશુદ્ધ સલામત છે તે છેલ્લે મોક્ષનો અધિકારી છે.

૪૨૪ આઠ કર્મમાંથી એકપણ કર્મની સત્તા છઠ્ઠે ગુણઠાણે ઉડી ગઈ નથી, માટે સાધુપણામાં સાવચેત રહો.

૪૨૫ લોકોત્તર માર્ગની સાધના લૌકિકદૃષ્ટિને વળગી રહો ત્યાંસુધી નહિ થાય.

૪૨૬ દ્રવ્યદયા કરતાં ભાવદયા અતિવિશિષ્ટ છે. દ્રવ્યદયાના ભોગે પણ ભાવદયાનું સંરક્ષણ પરમ આવશ્યક છે. ભાવદયાના ભોગે દ્રવ્યદયાની વકીલાત એ ઘોર મિથ્યાત્વ છે.

૪૨૭ સંવર અને નિર્જરા વખતે આનંદ આવ્યો?

૪૨૮ લોકોત્તરમાર્ગની સાધના લૌકિકદૃષ્ટિને વળગી રહો ત્યાંસુધી નહિ થાય.

૪૨૯ દ્રવ્ય કરતાં ભાવદયા અતિવિશિષ્ટ છે. દ્રવ્યદયાના ભોગે પણ ભાવદયાનું સંરક્ષણ પરમ આવશ્યક છે તેનું કારણ એ છે કે દ્રવ્યદયાનો વિષય વ્યાવહારિક પ્રાણનો બચાવ, જ્યારે ભાવદયાનો વિષય આત્માના ગુણોનો વિકાસ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૩૦ પાંચે ઇન્દ્રિયોના વિષયો એ શલ્ય છે. જેમ દાંતમાં જરા તણખલું રહી જાય તોયે સળવળાટ થયા કરે અને કાઢવામાં ન આવે તો અવાળું પણ આવી જાય તેમ સમકિતીને જો વિષયોરૂપી શલ્યનો સળવળાટ ન થાય તો તેઓએ તેનાથી ઉત્પન્ન થતી વેદના ભોગવવી જ રહી.

૪૩૧ લૌકિકદૃષ્ટિ કૂવાના ચણતર જેવી છે. લોકોત્તર દૃષ્ટિ મહેલના ચણતર જેવી છે. કૂવો ચણનાર (ખોદનાર) નીચે નીચે ઉતરે છે, જ્યારે મહેલ ચણનાર ઉંચે ઉંચે ચઢે છે.

૪૩૨ લૌકિકદૃષ્ટિમાં જેમ આગળ વધો તેમ અપૂર્ણતા ભાસે છે. દશ મળ્યા પછી સોની ઇચ્છા થઈ એટલે દશ તો મળ્યા પણ નેવુંનો ખાડો રહ્યો. સો મળ્યા પછી હજારની ઇચ્છા થઈ એટલે નવસોનો ખાડો રહ્યો. એમ જેમ જેમ વધો તેમ તેમ ખાડો પણ મોટો થતો જાય છે.

૪૩૩ વિકથા એ અનર્થદંડ છે.

૪૩૪ કોઈપણ પ્રકારે નહિ દંડાવું એ ડાહ્યાનું કામ છે. ન છૂટકે સકારણ દંડાવું પડે એ જુદી વાત છે પણ વિના કારણે (અર્થદંડે) દંડાવું એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ?

૪૩૫ વિષયની અને તેના સાધનોની પ્રાપ્તિની ઇચ્છા તે આર્ત્તધ્યાન અને પ્રાપ્ત થયેલાની રક્ષણબુદ્ધિ તે રૌદ્રધ્યાન.

૪૩૬ અર્થ અને કામનું પોષણ એ મર્કટને મદિરા (વાંદરાને દારૂ) પાવા જેવું છે.

૪૩૭ અનંત ઉપકારીઓએ વસ્તુત: ધર્મ અને મોક્ષ એ બે જ પુરુષાર્થ માન્યા છે. અર્થ તથા કામને પુરુષાર્થ માનેલ નથી.

૪૩૮ વામમાર્ગી અનાચાર સેવે છે તે કઈ બુદ્ધિથી ? બ્રાહ્મણો યજ્ઞમાં પશુ હોમે છે તે કઈ બુદ્ધિથી ? કદાચ કહેશો કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મથી. પણ વસ્તુત: ધર્મ નથી અર્થાત્ ધર્મનો મર્મ સમજવા માટે સદ્‌ગુરુનો સમાગમ કરો.

૪૩૯ જમાનો ફરે ત્યારે સાધન ફરે કે સાધ્ય ? સાધન ફરે તો ભલે ફરે; સાધ્ય કદી ફરતું નથી. સાધન ફરે એટલે સાધ્યની અનુકૂળતા વધારનારો ફેરફાર તેમાં થાય.

૪૪૦ ચોર કે લૂંટારા આવે ત્યારે ઘરધણી આંધળો, બહેરો, લૂલો થશે કે ઉંઘશે અગર તેવો ડોળ કરશે તો તેનો માલ લૂંટાશે, તેમ શાસનને કીંમતી સમજનારાઓ શાસન પર આક્રમણ આવે ત્યારે મૌન રહે તો પરિણામ અત્યંત શોચનીય આવે એમાં નવાઈ શી ?

૪૪૧ પારસીઓએ કેવળ ધર્મને માટે પોતાના આખા દેશનો ત્યાગ કર્યો. વહાલો દેશ કે ધર્મ ?

૪૪૨ જમાનો ફરે તેમ જો ધર્મ ફરતો હોય તો આરા છ (કાળ–પરિણામ) માત્ર ધર્મવાળા થઈ જાય. કોઈપણ કાળ ધર્મ વિનાનો હોય જ કયાંથી ?

૪૪૩ નારકી તથા દેવતાઓ પ્રાપ્ત સમયાનુસાર વર્તે છે, માટે તેમના વર્તનને ધર્મ કહી દેવો ?

૪૪૪ જમાનો જે કાર્ય કરે તેની સામે ધર્મીએ કટિબદ્ધ થવાનું કે તેના ગુલામ થવાનું ?

૪૪૫ શિયાળાના જમાને ટાઢ મોકલી, ઉનાળાના જમાને લૂ લગાડી, ચોમાસાના જમાને શરદી કરી. આ તાપ, આ શરદીની સામે બચાવો કર્યા કે નહિ ? ત્યારે માત્ર ધર્મસંરક્ષણમાં ધર્મ-પ્રવર્તનમાં જ જમાનો નડે છે એમ ? જમાનો નડે છે કે બીજું કાંઈ ? શું નડે છે તે શોધો ? સાચી ઇચ્છાથી શોધશો તો જરૂર

જડશે અને સાચી વસ્તુ હાથ આવ્યા પછી ખાત્રી થશે કે જમાનો એ જુલ્મ વરસાવનાર છે.

૪૪૬ દીક્ષાને અંગે દુનિયાદારીના ગુલામોની રજા લેવાની હોય ખરી? કદી નહિ.

૪૪૭ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં તથા તેના સાધનોમાં જ્યાં સુધી રાજી રહીશું ત્યાંસુધી રમતિયાળ છોકરાને નિશાળ તથા શિક્ષકની જેમ, લોકોત્તર શિક્ષા ભયંકર લાગવાની.

૪૪૮ દુનિયાદારીમાં રાચેલા–માચેલાને શાસ્ત્રશ્રવણ પણ ભય ઉપજાવે, કેમ કે તેમાં નારકી તથા તિર્યંચગતિનાં દુઃખોનાં વર્ણનપૂર્વક મળેલાને તજવાનો ઉપદેશ હોય છે. તો પછી ઉપદેશક પરત્વે પ્રીતિ થવી, શાસ્ત્ર પર શ્રદ્ધા થવી તથા તદનુસારે વર્તવું એ કેટલાં ભયંકર લાગે તે વિચારો.

૪૪૯ અગ્નિ, સર્પ વિગેરે કે જેઓ શરીરને જ નુકશાન કરી શકે છે તેમને દૂરથી જોઈને ચમકે છે પણ આત્માને અત્યંત નુકશાન કરનાર વિષયોના ભોગવટાથી કદી ચમક્યો? મખમલની શય્યાનો સ્પર્શ કરતાં 'હાશ' થાય છે, પણ 'હાય'! એમ થયું?

૪૫૦ જેમ છોકરાને નિશાળ પર અપ્રીતિ હોવાથી 'કયારે છુટાય' એવી ભાવના થયા કરે છે; તેમ જ પૂજા વ્યાખ્યાનાદિમાં જ્યારે તેવી ભાવના થાય તો તે 'અનુષ્ઠાન પર પ્રીતિ છે' એમ બોલવા છતાં પ્રીતિ નથી એ થોડું આશ્ચર્ય છે?

૪૫૧ સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાનશ્રવણ, પૂજા વિગેરેમાં જરા વધારે વખત થતાં 'મોડું થયું.' એમ બોલીએ છીએ પણ વાતોના તડાકા મારવામાં, પલાંઠી વાળીને નિરાંતે ઝાપટવા વિગેરેની વિકારવર્ધક પ્રવૃત્તિમાં વખતની કીમત કરી?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૫૨ શરીરરૂપી લંગોટીઓ મિત્ર આત્માને ધર્માનુષ્ઠાનમાં સ્થિર રહેવા દેતો નથી. એ લંગોટીઆ મિત્રની દોસ્તી તોડ્યા વિના લોકસંજ્ઞા કદી ખરાબ લાગવાની નથી.

૪૫૩ જેમ નિશાળે જતા છોકરાને જ્યારે ભણવાનો રસ લાગે, સારા માર્ક મેળવવાની તથા ઊંચો નંબર રાખવાની ચીવટ જાગે, ત્યારે ધૂળમાં રમતા દોસ્તો તેડવા આવે તો પણ તેની દરકાર કરતો નથી; તેમ આ આત્મા પણ સતત અભ્યાસ દ્વારા પોતાનું સ્વરૂપ, પરિણતિ, કર્મના બન્ધ તથા નિર્જરા વિગેરેના વિચારમાં નિમગ્ન બનશે ત્યારે તે કદી પણ શરીર વિગેરે પરવસ્તુની પરવા કરશે નહિ.

૪૫૪ ઇંદ્રિયોના વિષયમાત્રના હુકમો તો શરીરની ઓફીસ-(કાર્યાલય)માંથી છૂટે છે; જ્યારે આત્માની ઓફીસમાંથી તો માત્ર તેની ડીલીવરી થાય છે.

૪૫૫ આયુષ્ય ખતમ થયે આત્માને એક ક્ષણ પણ રાખવા તૈયાર નથી તેવા કૃતઘ્ન મિત્રરૂપ શરીર માટે પાયમાલ થનાર આત્માની મૂર્ખાઈ ખરેખર શોચનીય છે.

૪૫૬ શ્રીજિનેશ્વર મહારાજની વાણી સિવાય કોઈપણ આત્મા સાચી સ્વતંત્રતા હાથ કરી શકતો નથી.

૪૫૭ શ્રીજિનેશ્વર મહારાજને બળવાખોર કહે, શ્રીજિન-આગમને અભરાઈએ મૂકવાનું કહે, તેને પ્રભુના શાસનમાં ભક્ત તરીકે ગણાવાનો હક છે જ કયાં ? એ તો સ્વયં ભ્રષ્ટ છે. એવાઓને તો શ્રીજિનેશ્વરના શાસનનું ખૂન જ કરવું છે !

૪૫૮ પ્રભુભક્તિમાં ઓતપ્રોત થએલા પુણ્યાત્માઓએ ત્યાં સુધી કહ્યું છે કે 'હે ભગવન્ ! અમારે મોક્ષ પણ નથી જોઈતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુતઃ તારી ભક્તિ જોઈએ છે. આવા ભક્તોને મોક્ષ જ છે, અર્થાત્ ભક્તિ મોક્ષ અપાવે છે.

૪૫૯ અશાતાવેદનીયના ઉદય પ્રસંગે સમકિતીને ત્યાં નોબત વાગવી જોઈએ.

૪૬૦ આ જીવને પૌદ્ગલિક પ્રેમનું વ્યસન અનાદિ પરંપરાથી વળગાડની (ભૂતની) જેમ વળગ્યું છે.

૪૬૧ વિયોગોનાં કારણો એ પહેલાંનાં કર્મો છે.

૪૬૨ શરીર નાશવંત છે માટે કાયમ રહેવાનું નથી, આયુષ્ય ક્ષણભંગુર છે, મળેલા સંયોગોનો વિયોગ જરૂર છે, પરિવાર વિગેરે પણ પંખીના મેળા જેવું છે અને રાખવા ઇચ્છા છતાં પણ રહેતું નથી. આ બધાને માટે ફોગટ પાપ કેમ ?

૪૬૩ સ્વતંત્રતાની વાતો કરનારા ત્યાગના ઉમેદવારોની આડે દિવાલો ચણે તો એમના જેવા સાચી સ્વતંત્રતાનો નાશ કરનાર જાલીમ જુલમગાર બીજા કોણ ?

૪૬૪ આપણે પાપની સજાને નથી ઇચ્છતા છતાં પાપને ઇચ્છીએ છીએ એથી જ પાપની સજા ચાલુ છે, ભૂતકાળમાં હતી અને ભવિષ્યકાળમાં રહેશે, માટે પાપનો પલ્લો છોડો.

૪૬૫ આહાર છે ત્યાં સુધી જ શરીર છે. શરીર છે ત્યાં સુધી દુઃખની લેવડદેવડ કરવી પડશે.

૪૬૬ ઇંદ્રિયો અને તેના વિષયોના સાધનોની પ્રાપ્તિના પ્રયત્નોમાં આગળ વધવું એને આજની દુનિયા પ્રગતિ, ઉન્નતિ કે ઉત્ક્રાંતિ વિગેરે શબ્દોથી સંબોધે છે. જ્યારે શાસ્ત્રકાર મહારાજા તો જડપદાર્થોમાં રાચ્યા રહેવાની પાજી બાજીમાં જરાપણ રાજી નહિ થતાં તેનાથી સદંતર ફારેગ થવા ફરમાવે છે, એટલું

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

જ નહિ પણ જડ પદાર્થોમાં જોખમ ખેડનારા પુનિત-પ્રગતિના રોધક છે.

૪૬૭ ધાડપાડુનું નિર્ણળપણું જગત્ માટે શ્રાપસમાન છે. તેવી જ રીતે ધર્મિષ્ઠોનાં બળ, બુદ્ધિ, આરોગ્યતા, અને ઉદ્યમ વિગેરે આશીર્વાદરૂપ સારાં અને અધર્મીઓનાં શ્રાપરૂપ ખોટાં.

૪૬૮ ઉન્માર્ગે થતો ઉદ્યમ જીવને મોક્ષથી વધારે દૂર ફેંકી દે છે.

૪૬૯ ઇંદ્રિયોના વિષયોમાં અલમસ્ત જીવો આત્મહિતના નાશ માટે ભયંકર બળવાખોરો છે.

૪૭૦ પોતાને કીડી માખી જેવા નાના જંતુથી લેશપણ કલેશ થવો જોઈએ નહિ અને પોતે સેંકડો હજારો જીવોનો કચ્ચરઘાણ કાઢે તેની પરવા નહિ, આ રીતે લેવાદેવાનાં કાટલાં જુદાં રાખનાર શું ઓછી સજાને પાત્ર છે ?

૪૭૧ શ્રીસમરાદિત્ય ચરિત્ર જેવી સંવેગરંગની ભૂમિ પ્રાયઃ બીજા કોઈ ચરિત્રમાં નથી.

૪૭૨ વેરની પરંપરા વડવૃક્ષની જેમ વિસ્તરે છે. માટે વેરના બીજને વાવશો નહિ.

૪૭૩ મુક્તિ પામેલો જીવ ફરીને સંસારમાં આવતો જ નથી. ફરીને સંસારમાં આવે તેને મુક્તિ કઈ રીતે કહી શકાય ?

૪૭૪ સંવરના સત્તાવન ભેદમાંથી એકપણ ભેદમાં દેશવિરતિને સ્થાન નથી, અર્થાત્ દેશવિરતિ એ વિધેય તરીકે નથી. સર્વવિરતિના અસામર્થ્યે દેશવિરતિ છે. ચૂકતે દેવું ન ભરી શકનારા માટે દયાની ખાતર કાંધા તો છે, બાકી કાંધાથી દેવું ચૂકવવું એવો કાયદો નથી. અર્થાત સિદ્ધિનો રાજમાર્ગ સર્વવિરતિ છે.

૪૭૫ ચ્હાય જેટલી મહેનતથી મેળવેલી મિલકત હોય છતાં તેને છોડતાં સમયથી વધુ વાર લાગતી નથી.

૪૭૬ સ્થાવર જંગમ મિલકતની માલિકી સમયમાત્રમાં તૂટે છે—એક જ સમયમાં મીંડું વળે છે તે ભૂલવા જેવું નથી.

૪૭૭ આખી જિંદગીની મહેનત બલ્કે અનંતકાળના અનંતા ભવોની મહેનત એક જ સમયમાં નાશ પામે છે, છતાં એક જીવ વિરામ પામતો નથી જ્યારે બીજો જીવ એક જ સમયની મહેનત કોઈપણ કાળે નાશ પામે નહિ એવી માન્યતા ધરાવી ઉદ્યમી થઈ પગભર થતો આગળ વધે છે. આ બે કાર્યવાહીમાંથી સારી લાગે તે આદરો.

૪૭૮ શાણા વેપારી વધુ લાભ તરફ ઢળે તેવાઓને લાભ-દાયી કાર્યવાહી ચીંધવામાં જરાયે અહિત નથી.

૪૭૯ દ્વાદશ ગુણસ્થાનની પૂર્ણાહુતિમાં મતિ–શ્રુત–અવધિ અને મન:પર્યવજ્ઞાન હોય કિંવા ન પણ હોય અને ત્રયોદશની પ્રાપ્તિના પ્રથમ સમયમાં કેવલજ્ઞાન છે માટે કલ્યાણમાર્ગે સંચરો.

૪૮૦ મોહમાં મુંઝાએલા જીવનું ધ્યેય નક્કી થતું નથી.

૪૮૧ મારે શું કર્તવ્ય જોઈએ છે તે પ્રથમ વિચારો.

૪૮૨ વર્ષે વર્ષે ખોટ જાય તો તિજોરીનું તળિયું કાણું થાય એ વાત યાદ છે ને ? તો ચાલુ જિંદગી નફામાં છે કે ખોટમાં ?

૪૮૩ જાણી બુઝીને ખોટના વેપારમાં પ્રવૃત્તિ કરનારા આત્માઓ આજે ઘણા છે.

૪૮૪ આત્માને પૂછો કે કાળજું છે કે નહિ ? વસ્તુતઃ નથી કારણ કે અનંતી વખતની મહેનત નકામી ગઈ છતાં તે ને તે જ રસ્તે ફેર ફેર નકામી મહેનત કેમ કરીએ છીએ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૮૫ મોતની માન્યતાવાળા કાંઈ નાસ્તિક નથી.

૪૮૬ ક્રોડની સંખ્યાને ભણવી, જાણવી અને માનવી જેટલું સહેલું છે, તેટલું મેળવવામાં સહેલું નથી.

૪૮૭ ભણવું, ગણવું, જાણવું અને માનવું જેટલું સહેલું છે તેથી કેઈકગુણું વર્તનમાં મૂકવું મુશ્કેલ છે.

૪૮૮ જૈનશાસન વીતરાગપણું પ્રાપ્ત કરાવવા માટે જ જન્મ્યું છે.

૪૮૯ સર્વજ્ઞપણું વીતરાગપણાની વાંસે પડેલું છે.

૪૯૦ સર્વજ્ઞપણાનો ઉદ્યમ પ્રભુશાસનમાં નથી.

૪૯૧ સર્વજ્ઞપણુંએ ધ્યેય નથી પણ વીતરાગપણું તે જ ધ્યેય છે.

૪૯૨ વીતરાગપણાને ન પમાડે તે જ્ઞાન નહિ, પણ અજ્ઞાન.

૪૯૩ આખા જગતને વીતરાગ માર્ગદર્શક હોવાથી ગણધર ભગવંતોની પ્રભુશાસનમાં પરમ અધિકતા છે.

૪૯૪ વીતરાગમાર્ગની અવિચ્છિન્ન પ્રણાલિકાને અસ્ખલિત વહન કરાવવામાં ગણધર ભગવન્તો જે પ્રયાસ કરે છે તેટલો પ્રયાસ કેવલી ભગન્તોનો નથી અને તેથી જ સમવસરણમાં તેમનું સ્થાન તીર્થંકર ભગવન્ત પછી બીજું જ છે.

૪૯૫ સર્વજ્ઞપણું એક સમયમાં મળે ત્યારે વીતરાગપણું અનંત જન્મોની મહેનતે મળે છે.

૪૯૬ ખોટા લીટાના પ્રતાપે સાચા એકડા શીખે એ વાત કબુલ છે, તો પછી દ્રવ્યચારિત્રના પ્રતાપે ભાવચારિત્ર મળે છે એ વાત કેમ સ્વીકારાતી નથી? કલ્યાણકારી માર્ગમાં મુંઝાયેલા મુસાફરને યોગ્ય માર્ગસૂચક સલાહ આપનારાઓની આજે જરૂર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૯૭ ખોટા ચારિત્ર વગરનો સાચો ચારિત્રિયો શોધ્યો પણ જડશે નહિ

૪૯૮ દ્રવ્ય ચારિત્ર વગર નિર્દુષિત ભાવચારિત્ર શ્રીમરૂદેવાને પ્રાપ્ત થયું તેને શાસ્ત્રકારો આશ્ચર્ય કહે છે.

૪૯૯ ઘઉંમાંથી કાંકરી, ગામની સીમમાંથી દાણો વીણવાનો નથી પણ જગતભરની સીમમાંથી એક જ દાણાની જેમ અનંતા દ્રવ્યચારિત્રે એક ભાવચારિત્ર.

૫૦૦ એક નિગોદના અનંતમાં ભાગે રહેલા સિદ્ધોએ એક નિગોદ જેટલા ખોટા દ્રવ્યચારિત્રો ઉભાં કર્યાં !!!

૫૦૧ સલાહના સ્થાનરૂપ શ્રાવકસંસ્થામાંથી નીકળેલા સત્તાના શૂરે આજે શાસનમાં બે વિભાગ પાડ્યા છે.

૫૦૨ સત્તાના સ્વરૂપમાં રહેલી સલાહ, સલાહ સ્વરૂપે પ્રગટ થશે તે દિવસે વિભાગ-ભાગલાનું નામ નિશાન પણ નહીં રહે.

૫૦૩ દીક્ષાની અટકાયત કરનારાઓના હાથમાં સત્તા સોંપવી તે નાશની નોબત વગાડવા જેવું છે.

૫૦૪ ના કહેવામાં જેને લેશભર નુકશાન જવાનું નથી, જેને ભાવિ વર્તમાનના નુકશાનની જાણ નથી તેવાઓની હા અગર ના પર દોડધામ કરવી તે મૂર્ખાઈની અવધિ છે.

૫૦૫ સર્વસ્વના ભોગે પણ તત્ત્વ ઉપર તો સમકિતીને અરુચિ ન જ થાય.

૫૦૬ ભયંકર જૂલમમાં દીક્ષા ઉપર અરુચિ ન થાય તે સાધુત્વ પ્રત્યે કેટલો રંગાયો હશે ?

૫૦૭ દુઃખગર્ભિત વૈરાગ્યવાનને સાધુપણામાં સ્થિર રહેવાની સૂચના માત્ર શ્રેણિક કરે છે, પણ જમાઈના ખૂની પ્રત્યે વેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસુલાત કરતો નથી, કારણું સમ્યક્ત્વની અપૂર્વતાએ અઘટિત કાય કરવાની શક્તિ નથી.

૫૦૮ અન્યાયથી અગર ન્યાયથી મહાવીરનો ધ્વજ–રજોહરણ આવ્યો તેનો વાંકો વાળ પણ મારી રાજધાનીમાં ન થાય, એટલું જ નહિ પણ મારાથી સાંભળ્યું પણ જાય નહિ.

૫૦૯ દુનિયાદારીનાં દુઃખો એ પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યને જગાડનાર છે.

૫૧૦ દુનિયાદારીનાં દુઃખોથી ત્રાસ પામીને કલ્યાણ માર્ગે સંચરનારાઓ પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાનો છે એવું બોલતાં શીખો!

૫૧૧ દુઃખથી દુભાયલાઓને દેખીને દુઃખગર્ભિત વૈરાગ્યવાન કહેવા લલચાઓ નહિ. કારણ કે તે વાણીવિલાસરૂપ લાલચની પાછળ લખલૂંટ ચારિત્રાવરણીય આદિ કર્મનાં બંધનો છે.

૫૧૨ ત્યાગમાર્ગમાંથી ભોગમાર્ગ પ્રત્યે ઇચ્છાપૂર્વક જનારાઓને પણ પરાણે યુક્તિપ્રયુક્તિપૂર્વક રોકવાનું વિધાન જૈન શાસ્ત્રકાર કહે છે.

૫૧૩ અસીલની અરજી વગર ન્યાયમંદિરના ન્યાયાધીશો ધ્યાન આપતા નથી. પણ આ સર્વજ્ઞ સ્થાપિત નિર્મલ ન્યાયમંદિરની ન્યાયનીતિ એથી તદ્દન ન્યારી છે.

૫૧૪ પ્રભુમાર્ગની પાટપરંપરાએ આવનારાઓએ પ્રભુમાર્ગની પ્રણાલિકાને આધીન થવું એ જ જરૂરી છે.

૫૧૫ ઉન્માર્ગમાં ધસી પડતા હરકોઇ જીવને ધર્મીજીવે સ્થિર કરવા માટે તન–મન–ધનથી ઉદ્યમ કરવો જરૂરી છે.

૫૧૬ વગર ઇચ્છાએ, વિરુદ્ધ ઇચ્છાએ, અજ્ઞાનતાથી કે બળાત્કારથી કરતો ધર્મ દુર્ગતિથી બચાવે, જ્યારે સમજીને હર્ષપૂર્વક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મનું સેવન કરનારાઓને મનગમતું મેળવી આપે તેમાં તો નવાઈ નથી. માટે હરકોઈ અવસ્થામાં ધર્મનું સેવન જરૂરી છે.

૫૧૭ અભયકુમારની દીક્ષાને લીધે રાજગૃહમાં વિનાશી વાયરો વાય છતાં શાસ્ત્રકારોએ તે દીક્ષાનાં યશોગાન ગાયાં છે. માટે જ ભાવદયાની ભવ્યતાનું અવલંબન કરો.

૫૧૮ હૈયામાં હોળી અને હાથમાં કળશ રાખનારા અભવ્ય આત્માઓ પણ કંઈકને પ્રભુમાર્ગમાં સ્થિર કરે છે. ખરેખર ! પ્રભુમાર્ગનો પરમાર્થ પામવો મુશ્કેલ છે !

૫૧૯ દુઃખગર્ભિત-વૈરાગ્યવાનોને ય શાસ્ત્રકાર મહર્ષિઓ પણ વંદન નમસ્કાર કરે અને વીસમી સદીના વાચાળ મનુષ્યો દૂર ભાગે એ કર્મની કઠિનતા નહિ તો બીજું શું ?

૫૨૦ નજીવા નુકશાનની નોંધ દેખાડવા માત્રથી દીક્ષા અકર્તવ્ય કોટિમાં મૂકી શકાતી નથી, કારણ કે દીક્ષાની પાછળ થયેલ નાશવંત પદાર્થોના નુકશાનની ગણત્રી જૈન શાસને સ્વીકાર્ય નથી અર્થાત્ યેનકેન પ્રકારે દીક્ષા એ કર્તવ્ય કોટિમાં મૂકવાલાય છે એ કબૂલ કર્યા વગર છૂટકો જ નથી

૫૨૧ નાપાસ થવા માત્રથી ગળે ફાંસો ખાનાર છોકરાનો બાપ ડાહી દુનિયામાં ગુન્હેગાર નથી, તો પછી પાસ થવાની પૂરી કબુલાતને પંથે ચાલનારનું કુટુંબ લેનારની પ્રવૃત્તિમાં સંભવમાત્ર લાગે તેથી દીક્ષા જેવું પવિત્ર અને પ્રધાન કાર્ય રોકી શકાતું નથી એવો શાસ્ત્ર-સિદ્ધ નિયમ હોવા છતાં લેનાર કરતાં નહિ લેનારાઓનો બળાપો, તે પણ કઠિન કર્મનું દિગ્દર્શન નહિ તો બીજું શું ?

૫૨૨ દીક્ષાના પરિણામવાળા હોય તેને દીક્ષા આપવા સિવાય તેની પાછળના કુટુંબનું શું થશે તે જોવાનું કામ ગુરુઓનું નથી જ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૨૩ ન સાંભળી શકાય, ન લખી શકાય, ન કથન કરી શકાય તેવા પ્રકારની હિલચાલ પૂજ્ય સાધુસંસ્થા પાસે કરાવવાની ઉમેદ રાખે છે, બલ્કે તે માટે અનેકવિધ તરંગો ઉઠાવે છે. પણ તેવાઓના મુડદાલ મનોરથો વંધ્યા વનિતાઓની જેમ કોઈપણ કાળે ફળીભૂત થવાના નથી, થયા નથી અને થશે પણ નહિ. માટે પાપમય પ્રવૃત્તિનો પવન ફુંકાય તે વખતે પ્રભુમાર્ગના પૂજારીઓએ પોતાન કાર્યમાં ઉદ્યમવંત રહેવું.

૫૨૪ પરિણામથી પતિત થયેલા અને ચારિત્રથી ચૂકેલા પ્રત્યે પાટુ મારવાનું કામ પ્રભુશાસનના પૂજારીઓ કરે નહિ; પ્રભુ માર્ગથી પડતા પ્રત્યે વૈરાગ્યાદિ આલંબનો ટેકારૂપે ધરવા તે જ ઉચિત છે

૫૨૫ धम्मसारहीणं પદના પરમાર્થને આજનો જૈન સમાજ પિછાણી શકે તો સંગઠન સ્હેજે થવા સંભવ છે.

૫૨૬ શાસનપતિના અભિગ્રહનું શાસ્ત્રદૃષ્ટિએ અવલોકન નહિ કરનારાઓએ આજે સમાજમાં ઉત્પાત મચાવ્યો છે

૫૨૭ આગળ વાંચે અને પાછળ ભૂલે એવાઓ શાસ્ત્રવચનને સંગત કરી શકતા નથી.

૫૨૮ મોહના ઉદયથી કરેલ અભિગ્રહ એ કર્મોદય છે અને કર્મોદયના દરેકે દરેક કાર્યને અનુસરવા માટે શાસ્ત્રકાર કોઈ પણ શાસ્ત્રમાં સંમતિ અગર ભલામણ પણ કરતા નથી.

૫૨૯ તે કાળમાં સંમતિ વગર દીક્ષા થતી હતી, એ જ વાતને અભિગ્રહ ચરિતાર્થ કરે છે.

૫૩૦ સર્વવિરતિ–કલ્યાણ, અવિરતિ–પાપ અને દેશવિરતિ ઉભય (કલ્યાણ+પાપ) આ ત્રણ માર્ગનું યથાસ્થિતસ્વરૂપ સમજી ડાહ્યો વેપારી લાભદાયી માર્ગને સ્વીકાર્યા વગર રહેતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૩૧ શ્રાવક–શ્રાવિકાની ગેરહાજરીમાં પણ સાધુપણાને સ્વીકાર શાસ્ત્રકારો કરે છે, પણ વીસમી સદીના નામધારી વિવેકીઓને એ અમૃત જેવી વાત પણ વિષ જેવી લાગે છે.

૫૩૨ શ્રાવક–શ્રાવિકાની હયાતી હોય તો જ સાધુ થઈ શકે એમ માનનારાઓએ અતીર્થસિદ્ધ નામના ભેદ ઉપર હડતાલ મૂકવી પડશે તે વિચાર્યું છે?

૫૩૩ જમાના પ્રમાણેનું વર્તન એ ધર્મ નથી પણ હડહડતું વિષ છે.

૫૩૪ અનાદિકાળના જૂઠા દસ્તાવેજ પર સહી કરનારને પ્રભુ આગમની અલૌકિક વાતો ગમતી નથી એ પણ એક કમનસીબી છે.

૫૩૫ ધર્માસ્તિકાયાદિકને આત્મા સાથે સીધો સંબંધ હોય કે ન હોય પણ તે આત્માને વાસ્તવિક ઉપયોગી નથી.

૫૩૬ જેનાથી અનર્થની ઉત્પત્તિ થતી હોય તે છોડવાલાયક છે જેનાથી અનર્થની ઉત્પત્તિ ન થતી હોય તે છોડવાલાયક નથી.

૫૩૭ નિશ્ચયનયની અપેક્ષાએ આદરવાલાયક અને છોડવાલાયક એમ બે પ્રકારના પદાર્થો છે. અને વ્યવહારની અપેક્ષાએ લઈએ તો જાણવાલાયક એવો ત્રીજો પ્રકાર ગણી શકાય છે.

૫૩૮ છાંડવાલાયક અને આદરવાલાયક પદાર્થોમાં પણ જ્ઞેયપણું રહેલું છે.

૫૩૯ "उभयंपि जाणइ सोच्चा" એ પદાર્થનો પરમાર્થ જાણનારા સર્વવિરતિના સર્વોત્તમ માર્ગને સહેલાઈથી સમજી શકે છે.

૫૪૦ બૌદ્ધમતમાં જ્ઞેય અને અજ્ઞેય એ બે વિભાગ માનેલા છે. એ માન્યતા તો અસર્વજ્ઞપણાનો સ્વીકાર કરે છે.

૫૪૧ ઈષ્ટ દેખવું અને અનિષ્ટને ન દેખવું એવા પ્રકારનું બૌદ્ધમતમાં મનાયેલું આત્મજ્ઞાન જૈનશાસનમાં નથી.

૫૪૨ દૃષ્ટિવાળાની મરજી દેખીને દૃષ્ટિ પ્રવર્તતી નથી; કારણ કે દીવો, દીવો કરનારની મરજી જોઈને પ્રવર્તતો નથી.

૫૪૩ પાંચે ચારિત્રમાં સામાયિક એટલે સમતાભાવ એક સરખો રહેલો છે.

૫૪૪ શત્રુ તરીકે જૈનશાસનમાં કુટિલ કર્મરાજા પ્રસિદ્ધ છે.

૫૪૫ સમતાભાવ એ જ સામાયિક છે.

૫૪૬ જે વિષય-કષાયમાં તણાઈ જતા હતા અને રાગદ્વેષીના રંગરાગમાં તણાઈ જતા હતા તેને માટે સમતાભાવરૂપ સામાયિક એ અવશ્યમેવ આદરણીય છે.

૫૪૭ આશ્રવના કાર્યોમાં જે મન પ્રવર્તતું હોય તેથી બચવા માટે સમતાભાવ એ પરમસાધન છે.

૫૪૮ સમતાની સડકથી વિમુખ થયેલાના મનમાં તીર્થંકરદેવો રાગી અને દ્વેષી છે એવા વિચારો ઘોળાયા કરે છે.

૫૪૯ ચક્રવર્તીના ચોપડામાં હાર શબ્દ હોતો જ નથી, છતાં તે ચક્રવર્તીઓ 'હાર' શબ્દ હસતે મોઢે હરદમ સાંભળે છે.

૫૫૦ હારેલા કેસમાં હાર સાંભળતાં હાયવોય થાય તેવાઓ આજે વાસ્તવિક 'હાર' શબ્દ સાંભળી શકતા નથી એ ખરેખર કમનસીબી છે !

૫૫૧ શરીર, ઇંદ્રિયો, વિષયો અને સાધનો વિગેરે મોટાં બારકસોનું મૂળ માત્ર આહારની ઇચ્છા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૫૨ ધર્મકાર્યથી કાયર બનેલાઓ જ 'અમે સંસારી છીએ' એવા પ્રકારની ઢાલ ધરી બચવા કરે છે. ખરેખર! તે આત્માઓએ ધર્મની વાસ્તવિક કિંમત આંકી નથી.

૫૫૩ આંખ આખા જગતને જુએ છે પણ પોતાનામાં રહેલ એબને જોઈ શકતી નથી, તેવી રીતે આત્માને પરપંચાત કરવાની એવી ટેવ પડેલી છે કે તે પોતાની પંચાત પ્રબળ પ્રયત્ને પણ કરી શકતો નથી.

૫૫૪ જીવનના કયા વિભાગમાં આત્માનું અવલોકન કરવાના છો?

૫૫૫ જ્યાં તરનારા ડૂબે ત્યાં તે તરનારને પલ્લે પડનારાઓનું શું થાય?

૫૫૬ અભાગિણી આંખના અવગુણમાં આત્મા આગ્રહી બન્યો છે. અને તેથી જ આત્મા નિર્મળ છતાં એબવાળો છે.

૫૫૭ વિવેકને વેચી ખાનારા મનુષ્યો જનાવરથી પણ હલકી કોટિના છે.

૫૫૮ સાનુકૂળ સંયોગ સામગ્રી હોવા છતાં આભાગી આત્મા બેનસીબ રહે છે.

૫૫૯ બાળવર્ગની અવગણના કરનારાઓને આજે પ્રોફેસર જોઈએ છે? ખરેખર! મૂળ વગર ફળફૂળની પ્રાપ્તિ જ નથી તો પછી બાળવર્ગ વગર ઉંચી કક્ષાએ પહોંચવાવાળા પ્રોફેસરો મળે કયાંથી?

૫૬૦ આત્માને ઓળખવાથી ફાયદો શો? એ પ્રશ્ન કરનારના જવાબમાં એટલું પ્રશ્નરૂપે કહેવું બસ છે કે હીરાને હીરા અને કાંટાને કાંટા તરીકે ઓળખવાથી ફાયદો શો?

૫૬૧ જો કે હીરાને હીરા તરીકે માનવીથી હીરાનું તેજ વધી જતું નથી તેમ ન માનવાથી તેનું તેજ ઘટી જતું નથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ હીરાને હીરા તરીકે માનનારો મહાન્ લાભ પામી શકે છે તે આજની ડાહી દુનિયાની જાણ બહાર નથી.

૫૬૨ જાણવાથી સારી યા નરસી પ્રવૃત્તિ તરફ અનુક્રમે ઉપાદેયતા અને હેયતા સહેજે સ્ફુરે છે.

૫૬૩ જીવે જીવને જાણ્યો નથી. તેથી જ ચાર ગતિની રખડપટ્ટી ચાલુ છે.

૫૬૪ આંધળો આંગણું દેખી શકતો નથી તેમ અજ્ઞાની આત્મા આત્મભાવને અવલોકી શકતો નથી.

૫૬૫ હું ભટકું છું, મારું ભટકવું દૂર થાય ઇત્યાદિ વિચારો ભાગ્યશાળીને આવે છે.

૫૬૬ સંગ્રહણીના અસાધારણ રોગમાં સપડાયેલ સગીરને તે રોગની ભયંકરતા સમજાતી નથી.

૫૬૭ 'મને સંગ્રહણી થઈ છે' એ શબ્દ જેમ અણસમજુ સગીર બોલી શકે છે, તેવી રીતે અમે સંસારી છીએ એવું આજે અણસમજુઓ બોલે છે.

૫૬૮ 'સંગ્રહણી' શબ્દ બોલતાં અણસમજુ સગીરના હૃદયમાં ચીરાડો પડતો નથી, તેવી રીતે અણસમજુ માણસના હૃદયમાં 'સંસારી' શબ્દ બોલતાં પણ ચીરાડો પડતો નથી.

૫૬૯ સંગ્રહણી સમાન રાજરોગની ભયંકરતા કરતાં કેઈગુણી સંસારરોગની ભયંકરતાને ભવ્યાત્માઓ નિરખી શકે છે.

૫૭૦ સંસાર-ઉદાસીન આત્માઓ સંસાર રૂપ સંગ્રહણી રોગને સમજી શકે છે.

૫૭૧ શુદ્ધ દેવાદિને શુદ્ધ દેવાદિપણે માનવા માત્રથી સમકિત ચાલ્યું જતું નથી, તેમ આવી જતું નથી પણ સ્વરૂપ સમજીને, સ્વરૂપે માનવું જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૭૨ નિહ્નવ અને મિથ્યાદૃષ્ટિના પરિચય અને સંસર્ગમાં ન રહેવું. શ્રદ્ધામાં જરાય ન્યુનતા ન ચલાવી શકાય.

૫૭૩ કુલપરંપરાએ અભવ્યો પણ શુદ્ધ દેવાદિને શુદ્ધ દેવાદિપણે અને કુદેવાદિને કુદેવાદિપણે માને તો તેટલા માત્રથી સમકિત આવી જતું નથી.

૫૭૪ કુળની પરંપરાના કિલ્લામાં પડેલાઓ આજે શુદ્ધ દેવાદિને શુદ્ધ દેવાદિપણે સમજવાની પણ દરકાર કરતા નથી.

૫૭૫ ભોગના પિપાસુઓ ભટકતી જાતમાં છે.

૫૭૬ કર્મસંયોગને લીધે આત્માને કર્મની પરંપરા બંધાવનાર રાગદ્વેષાદિકને છોડવા તેનું નામ સામાયિક છે.

૫૭૭ (૧) સમ્યગ્ જ્ઞાનાદિનું કાર્ય પ્રતિજ્ઞાપૂર્વક કરવું, (૨) સર્વ સાવદ્યનો ત્યાગ કરવો અને તે દરમ્યાન તેણે પોતાના ઘર સંબંધીનાં પણ દરેક કાર્યો વિસરી જવા. સામાયિકની આ બે પ્રતિજ્ઞા છે.

૫૭૮ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો અને રત્નત્રયીમાં ઉદ્યમ જરૂર કરવો.

૫૭૯ સુંદર પ્રવૃત્તિનું પૂર જોશથી સેવન કરો અને અસુંદર પ્રવૃત્તિઓનું ઉચ્છેદન કરો.

૫૮૦ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો અસ્ખલિત ઉદ્યમ તે સામાયિક ચારિત્ર છે.

૫૮૧ તમે જ્યાં સુધી કર્મે બંધાએલા છો ત્યાં સુધી તો અરિહંતાદિક નવપદોનો તમારે આદર કર્યે જ છૂટકો છે

૫૮૨ ધરાયેલો મનુષ્ય ભોજન માગે નહિ પણ તેનું જ અનુકરણ જો ભૂખ્યો કરવા જાય તો તે જરૂર ભૂખેજ મરે !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૮૩ આત્મા એ જ અરિહંત છે, સિદ્ધ છે, આચાર્ય છે અને ઉપાધ્યાય પણ તે જ છે; પરંતુ આત્મા પરમેષ્ઠીભૂત હોવા છતાં બીજાને આરાધીને શું કરવું છે એવી વિચારણા કર્મક્ષય થયા વગર કરવી એ નકામી જ છે.

૫૮૪ 'તીર્થંકરની પૂજાનો ઉપદેશ આપનારા સાધુઓ પૂજા નથી કરતા તો તમારે પણ ન કરવી' એવું કહેનારાઓ ભવ્ય-જીવોના ભયંકર દુશ્મન છે.

૫૮૫ જેના આરંભ પરિગ્રહાદિક છૂટયા નથી તેમને દ્રવ્ય-પૂજા અગત્યની છે.

૫૮૬ કર્મથી ભરેલા આત્માઓએ કર્મ નષ્ટ કરવાના સાધનથી કદીપણ વિમુખ થવું નહિ.

૫૮૭ જ્યાં સુધી કર્મરૂપી બંધનથી આત્મા બંધાએલો છે ત્યાં સુધી અરિહંતાદિક નવપદની આરાધના અતિ અગત્યની જ છે.

૫૮૮ યાદ રાખો કે કર્મના ક્ષયથી પ્રાપ્ત થતું સર્વજ્ઞપણું પ્રાપ્ત થયા પછી જ આરાધના છૂટી જાય છે. તે પહેલાં કદી નહિ.

૫૮૯ અરિહંત પદનો જાપ, ભક્તિ અને સ્મરણ છોડવા-લાયક જ નથી.

૫૯૦ નવપદનું સ્મરણ, ધ્યાન, પૂજાદિક સઘળુંએ આત્માના કર્મરૂપી લાકડાં બાળવા માટે અગ્નિસમાન છે.

૫૯૧ જ્યાં સુધી કર્મરૂપી બળતણ બળી ગયું નથી ત્યાં સુધી ધ્યાનરૂપી અગ્નિ રહેવો જ ઘટે.

૫૯૨ પહેલવહેલું આત્મસ્વરૂપ જાણવું, સર્વ સાવદ્યનો ત્યાગ, સંવર માર્ગમાં પ્રવૃત્તિ અને કેવલજ્ઞાન મેળવવું તે બધું ધર્મ-પ્રવર્તક તીર્થંકરોને જ આભારી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૯૩ આદ્ય ઉત્પન્ન કેવલજ્ઞાન કરનાર અને કેવલજ્ઞાનનો રસ્તો પ્રવર્તાવનાર તે તો એક અરિહંત ભગવાન જ છે.

૫૯૪ સાધુઓનું અસ્તિત્વ શ્રાવકોની હૈયાતીમાં જ હોય એવું સાધુપણું માનનારાઓએ અતિર્થસિદ્ધ ઉપર પણ હડતાળ મૂકવી જ રહી.

૫૯૫ સાધુ સાધ્વીને દાતારની જરૂર તો ખરી જ પણ તેઓ શ્રાવક શ્રાવિકા ઉપર જ નિર્ભર છે એમ તો નહિ જ.

૫૯૬ શ્રાવિકા શ્રાવકોની ગેરહાજરીમાં સાધુપણું તો હતું જ અને તે સાધુપણાને શાસ્ત્રકારોએ કબુલ કરેલું પણ છે જ.

૫૯૭ બ્રહ્મચર્યનું પાલન કરનારે નવવિધ વાડનું બરાબર પાલન કરવું જ જોઈએ.

૫૯૮ અતીર્થસિદ્ધ તો અસંખ્યાતે એક જ હોય છે.

૫૯૯ પ્રથમ જગત્માં પ્રકાશ કરનાર, આત્મપદાર્થને બતાવનાર અને ત્યાગને ફળસહિત દેખાડનાર જો કોઈ હોય તો તે ભગવાન અરિહંતદેવ એકલા જ છે.

૬૦૦ આત્મા એ સર્વ જગત્ની જાણમાં આવે તેવો પદાર્થ નથી, અને તે જ પ્રમાણે આત્મજ્ઞાન એ વિષય પણ જગત્ના વ્યવહારનો વિષય નથી.

૬૦૧ 'કાળ(સમય)ને અનુસરતી પ્રવૃત્તિ તે ધર્મ' એવું વિધાન જૈનશાસનમાં ચાલી શકે તેમ નથી.

૬૦૨ આપણે જમાના પર ધ્યાન રાખવાનું નથી. આપણે તો આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો કેમ વધે તેના ઉપર જ ધ્યાન આપવાનું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૦૩ મોક્ષમાર્ગના પ્રથમ પ્રવર્તક મોક્ષમાર્ગના પ્રથમ પ્રવાસી અને મોક્ષમાર્ગને સહેલાઇથી પ્રાપ્ત કરવાની રીતિ બતાવનાર તો ભગવાન શ્રી ઋષભદેવજી જ છે.

૬૦૪ તીર્થંકર મહારાજ તો દીપક સમાન વસ્તુને જણાવનારા હોવાથી સ્થલ, કાળ, સંયોગો કે બીજા ગમે તે કારણથી તેમની કિંમતમાં ઘટાડો થતો નથી.

૬૦૫ જગત્‌માં અનાદિકાળથી દોષને ગુણ માનવાની પણ પ્રવૃત્તિ થઈ ગઈ છે.

૬૦૬ જો મોતી, હીરા કે ઝવેરાતની કંઈ કિંમત જ ન હોય તો પછી તેના શોધનાર વગેરેનો કોઈ ભાવ પણ નહિ જ પૂછે.

૬૦૭ શ્રી અરિહંત ભગવાન એ આત્માને વિષે હીરાને પહેલ પાડનાર, મોતીને સુધારનાર અને સોનાનો સુંદર ઘાટ ઘડનાર છે.

૬૦૮ આત્માને સિદ્ધત્વ પર્યાયમાં લઈ જવામાં, ક્ષયોપશમ ભાવને સુધારવામાં અને કર્મ જેવી મલિન વસ્તુને દૂર કરવામાં અરિહંત ભગવાન એક્કા છે.

૬૦૯ જો આત્માની કિંમત કંઈપણ અંશે થઈ હોય તો તે ઉપરથી જ અરિહંત ભગવાનની કિંમત છે.

૬૧૦ આત્મામાં પ્રથમથી જ અનંતજ્ઞાન, અનંતદર્શન અને વીતરાગતાનો સ્વભાવ તો છે જ અને આત્માનો અનંતવીર્ય સુખસ્વભાવ પણ છે તે યથાર્થ સ્વરૂપે જણાવી પ્રગટ કરનાર અરિહંત જેવી કોઈ વ્યક્તિ ન હોત તો દરેક આત્માઓ સંસાર સાગરમાં ગોથાં ખાયા જ કરત.

૬૧૧ જીવો એ શુદ્ધ આલંબનરૂપ અરિહંતના અભાવે સંસારસમુદ્રમાં ભ્રમણ કર્યા જ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

६१२ संसारमांथी जेम हीरा वगेरे उच्च पदार्थोनी उत्पत्ति थाय छे तेवी ज रीते दुर्लभ एवा मनुष्य देहमांथी उत्तम हीरा समान अरिहंत भगवान जेवी उच्च व्यक्तिओ उत्पन्न थाय छे.

६१३ सोनानी खाणमांथी माटी, समुद्रमां रहेलो कचरो अने हीरानी खाणमांना पत्थरो, अनुक्रमे सोनानी, रत्नोनी अने हीरानी किंमत अंकाती जोईने, तेमना योगे तेओ पोतानी ज किंमत अंकाय छे एम माने तो ए भूल नहि तो बीजुं शुं ?

६१४ सरकवानुं फरवानुं भटकवानुं जेमां अनादि काळथी रहेलुं छे तेनुं नाम संसार.

६१५ उद्यम कर्या वगर कोई पण आत्मा मोक्षे गयो छे खरो ? नहि ज.

६१६ जो मोती वगेरेनी कांई किंमत न होय तो पछी तेनो, शोधनार वगेरे कोई भाव पूछत ज नहि.

६१७ भवितव्यता तो उद्यमनी एक गुलामडी बल्के चाकरडी ज छे.

६१८ जो भव्यपणुं पकववुं होय तो ते शास्त्रविहित उपायोथी ज (उद्यमथी ज) परिपक्व करो.

६१९ भवभ्रमणमां पडेला महानुभावोए ध्यान राखवुं जोईए के कोईनी पण भवस्थितिनो परिपाक एम ने एम सीधी रीते पोतानी मेळे ज थई जतो ज नथी; एनो उद्यम तो जाते ज करवो पडे छे.

६२० तमारा भव्यपणाने परिपक्व करी भवस्थिति परिपक्व करवी ज होय, तमारी भवितव्यता सुधारवी ज होय तो रत्नत्रयीनुं सेवन करो.

६२१ સમ્યક્ત્વ પામ્યા પછી અર્દ્ધ પુદ્ગલ પરાવર્તથી વધારે વખત સંસારમાં ભ્રમણ કરાવે એવી કોઈપણ વર્તનની શક્તિ જ નથી.

६२२ જે આત્માએ ભાવચારિત્ર ગ્રહણ કર્યું છે તેને આઠ ભવથી વધારે ભવ આ સંસારસાગરમાં રખડાવવાની ભવિતવ્યતાના પૂર્વજોમાં પણ શક્તિ નથી.

६२३ ભવિષ્ય અને ભવિતવ્યતા બન્ને ઉદ્યમને આધીન છે.

६२४ દુનિયામાં કલ્યાણકારક ચીજ તે દીક્ષા જ છે.

६२५ કલ્યાણ અને મોક્ષનો માર્ગ દર્શાવનાર જો કોઈ પણ વસ્તુ આદરણીય હોય તો તે જગતમાં પ્રભુએ આદરેલ ફક્ત એક દીક્ષા જ છે.

६२६ અચિંતિતપણે દેવગુરુની આરાધના અને તેનાથી વિચારની સુંદરતા પ્રાપ્ત થાય, તેમ તેવી જ રીતે રત્નત્રયીની આરાધના અને તે દ્વારા જે સુંદર વિચારની શ્રેણી અણધાર્યા સંજોગોમાં મળે તે ભવિતવ્યતાના આધારે છે.

६२७ હીરો ભલે અનેક આભૂષણોથી ચઢિયાતો થવાને સરજાયેલો હોય છતાં તે હીરો હીરારૂપે પહેલવાળો ત્યારે જ થાય છે કે જ્યારે તે કુશળ શરાણીના હાથમાં જાય છે.

६२८ જેમ હીરાને પહેલ પાડનાર શરાણી એ જ ઉત્તમ કારીગર છે; તે જ પ્રમાણે આ સંસારને વિષે આત્માને પહેલ પાડનારા શ્રી અરિહંત દેવ વિના બીજા કોઈ કારીગર જ નથી.

६२९ વચનની કિંમત વકતાની કિંમત ઉપર જ આધાર રાખે છે.

६३० 'સિદ્ધ છે' એ અરિહંતના પ્રવચનનું જ વાક્ય છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૩૧ શ્રી જિનેશ્વર ભગવાનના વચનને આધારેજ જૈન-ધર્મોપદેશકોનું વચન પ્રમાણ ગણાય છે, અન્યથા નહિ.

૬૩૨ શાસ્ત્ર પણ તીર્થંકર ભગવાનના વચનને આધારે જ બંધાએલું છે.

૬૩૩ જગત ઉપર મોટામાં મોટો ઉપકાર તો ફક્ત તીર્થંકરોનો જ છે કે જેમની વાણીદ્વારાએ આખું એ વિશ્વ સદ્બોધ પામે છે.

૬૩૪ જૈનશાસનમાં તો ફકત જિનેશ્વરના વચનાનુસાર વર્તવાવાળાનેજ સ્થાન છે, બીજાને નહિ.

૬૩૫ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણેય પણ શ્રી તીર્થંકરોના વચનપર જ બંધાએલા છે.

૬૩૬ વચનની પ્રમાણિકતા તો શ્રી જિનેશ્વર ઉપર જ અવલંબેલી છે. જેઓ આચાર્યાદિક છે તેઓ અરિહંત, સિદ્ધ વગેરેનાં સ્વરૂપને તથા ઉપકારને દર્શાવનારા ખરા, લોકોને તેઓના ભક્તિભાવમાં પ્રેરનારા પણ ખરા; પણ તેથી તેઓ (આચાર્યાદિક) અરિહંતા કે સિદ્ધથી અધિક તો ગણાયજ નહિ, કારણ કે અરિહંતાદિક તેઓને આરાધ્ય છે.

૬૩૭ સુધરનાર કરતાં સુધારનારની કિંમત વધારે ગણાવીજ જોઈએ.

૬૩૮ અપૂર્ણ પણ પૂર્ણતાને શાથી પામે છે, એ ધ્યેય સમજાવવાને માટે પણ ગુરુતત્ત્વની ખાસ જરૂર જ છે.

૬૩૯ દેવના કહેલા તત્ત્વ પ્રમાણે ચાલીને. એ દેવતત્ત્વની પ્રાપ્તિ માટે તૈયાર થયેલા હોય તે જ ગુરુ છે.

૬૪૦ જેની વીતરાગપણા તરફ અને નિષ્કામપણા તરફ દૃષ્ટિ છે, તેઓજ એ વસ્તુ પામે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૪૧ અરિહંતના જીવો સિદ્ધ થાય છે, પણ સિદ્ધ કદી અરિહંત થતા નથી.

૬૪૨ તીર્થંકર ભગવાન એ સંસારમાં કોઈપણ જાતના પ્રકાશની જોડે સરખાવી ન શકાય તેવા દિવ્ય દીપક છે.

૬૪૩ ભગવાન કેવા છે, એ સદા લક્ષ્યમાં રાખો. ભગવાન પોતે જેટલા જ્યોતિર્મય છે તેટલા બીજાને પણ જ્યોતિર્મય બનાવે છે.

૬૪૪ અરિહંત અને સિદ્ધનું આરાધન પોતાના જેટલું જ સામર્થ્ય બીજાને આપે છે. જે કોઈ લાયક હોય તે એને ખુશીથી મેળવી શકે છે.

૬૪૫ અરિહંત અને સિદ્ધનું આરાધન કરી લાયકાત મેળવવાને અંતે અપૂર્ણ પણ પૂર્ણતાને જ પામે છે.

૬૪૬ જૈનશાસનમાં દેવપણું પણ સિદ્ધ કે અરિહંતને ત્યાં રજિસ્ટર્ડ નથી.

૬૪૭ આત્માને સો શિખામણોથી જે અસર નહિ થાય તે એક માત્ર શાસ્ત્રની દલીલથી થાય છે અને શાસ્ત્રની દલીલથી જે અસર નહિ થાય તે અસર શ્રી સર્વજ્ઞશાસ્ત્રોમાં કહેલા એક ઉદાહરણથી થાય છે.

૬૪૮ નિર્ગ્રંથ સાધુ સિવાય તીર્થજ નથી. તેની ઉત્પત્તિથીજ તીર્થ છે અને તીર્થ પણ સાધુ હોય ત્યાં સુધી જ. તે બંધ થાય એટલે તીર્થ પણ જરૂર બંધ થાય.

૬૪૯ ઋદ્ધિ, સિદ્ધિ, જય-પ્રાપ્તિ અને રોગનું નિવારણ એ દરેકમાં મુખ્ય ધ્યેય તરીકે તો કેવળ નવપદનું આરાધન જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૫૦ શકિતની ખામીને અંગે કદાચ લૌકિક ફળ ભલે ઇચ્છવામાં આવી જાય, છતાં લોકોત્તર લક્ષ્ય તો તે મૂળ વસ્તુ એટલે મોક્ષ પરત્વે જ રાખવું જોઈએ.

૬૫૧ જે કોઇ મુખ્ય ફળ(મોક્ષ)ને સમજતા નથી અને માત્ર સમૃદ્ધિમાં જ લક્ષ્ય રાખે છે તે હીરાને બદલે કાચની ખરીદી કરનારા જેવા અજ્ઞાન છે.

૬૫૨ તપશ્ચર્યા ધર્મરક્ષની સાથે સીધો સંબંધ જ નથી, તપશ્ચર્યા તો કોઈપણ વસ્તુની સાધના માટે પણ કરાય છે.

૬૫૩ લૌકિક ફળની આશાએ અન્ય દેવોની આરાધના કરવી એ મિથ્યાત્વ છે.

૬૫૪ નવપદજીની આરાધનાના ફળ તરીકે મુખ્ય વસ્તુ તો આત્મકલ્યાણ, મોક્ષ અને કર્મક્ષય જ છે માટે શ્રીનવપદજીને આરાધતાં એ વસ્તુમાંથી તો કોઈ દિવસ ચિત્ત ખસવું જ ન જોઇએ

૬૫૫ જેમ રાજાની આરાધના કરવાનો હેતુ અર્થલાભ છે. તે જ પ્રમાણે જો શ્રીનવપદજીની આરાધનાનો હેતુ પણ આવો જ (અર્થલાભ) છે એવું લક્ષમાં રાખ્યું હોય તો તે આરાધનામાં પ્રગટ લોકોત્તર મિથ્યાત્વ જ છે.

૬૫૬ જે મનષ્ય મુખ્ય અને ગૌણ ફળને લક્ષમાં રાખે છે અને પછી પ્રવૃત્તિ કરે છે, તે જ મનુષ્ય વસ્તુસ્થિતિને તત્ત્વરૂપે સમજેલો અને પામેલો છે.

૬૫૭ નવપદજીમાં પણ દેવ, ગુરુ અને ધર્મ એ તત્વત્રયી છેજ.

૬૫૮ જો શરીર વિના જ દેવ માનીએ અને સાથે સાથે 'શરીરવાળા દેવ હોય જ નહિ' એમ માનીએ, તો આખા જગત્‌માં અજ્ઞાનનો અંધકાર જ વ્યાપી જાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૫૯ શરીરવાળા દેવ તે શ્રી અરિહંત ભગવાન છે, શરીર વિનાના દેવ તે સિદ્ધ ભગવાન છે.

૬૬૦ તીર્થંકર ભગવાન શાસનના માલીક છે તે એટલા જ માટે કે તેઓ શાસનને ઉત્પન્ન કરનારા છે. બાકી, શાસનના માલીક તો વર્તમાનમાં આચાર્ય જ રહ્યા.

૬૬૧ શ્રીજિનેશ્વર મહારાજા જે વખતે મોક્ષ પામ્યા તે વખતે શાસન આચાર્યને સોંપી દેવામાં આવ્યું છે.

૬૬૨ દ્રવ્ય, ગુણ અને પર્યાયે કરી તીર્થની માલિકી તીર્થંકરથી ગણધરો, અને ગણધરોથી આચાર્યોના હાથમાં આવી છે.

૬૬૩ શેઠ મુનીમને જે રકમ સોંપે છે, તે, નહિ કે પોતાના નામ પર ચઢાવી દેવા અથવા તે રકમ પોતાનું મન ફાવે ત્યાં વાપરવા, તે જ પ્રમાણે શાસન સોંપાયું છે તે પણ જે રીતે એને તીર્થંકરોએ સોંપ્યું તે રીતે ચલાવવા જ સોંપ્યું છે.

૬૬૪ શાસનના ભોગે સ્વ-મત ચલાવી શાસનની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરનાર આચાર્યનું તે મુખ પણ જોવું ન જ જોઈએ. તેવા આચાર્ય એ આચાર્ય જ નથી.

૬૬૫ જેના પાંચે આચારો પવિત્ર છે તે જ આચાર્ય છે.

૬૬૬ જ્ઞાન મેળવ્યા છતાં તે જો દયામય ધર્મ સંયમાદિ ન મેળવે તો તેનું કાર્ય રસોઇ (રસવતી) કરવા વિના ચૂલો સળગાવનાર જેમ વગર કારણે ધૂમાડો ખાય છે તેવું મિથ્યા છે.

૬૬૭ ગમે તેવા જ્ઞાનીને પણ વ્રત, પચ્ચક્ખાણ આદિ ક્રિયાઓ કરવી જ પડે છે.

૬૬૮ જેમ આંધળો માણસ દેખતાનો હાથ ઝાલીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગામમાં પેસી શકે છે તેમ ગીતાર્થની નિશ્રામાં રહેલો અગીતાર્થ પણ ગીતાર્થના સરખું જ ફળ મેળવે છે.

૬૬૯ જ્ઞાનરૂપી દીવો કર્મરૂપી કચરાને ઓળખાવે છે એ વાત સાચી છે, પણ એ કચરો નીકળે છે તો ત્યારે જ કે જ્યારે ધર્મરૂપી ઉદ્યમ કરવામાં આવે છે.

૬૭૦ પંચ મહાવ્રતના પાલક હોય તે સુગુરુ; પાંચે આશ્રવમાં પ્રવર્તેલા હોય તે કુગુરુ

૬૭૧ ધર્મમાં પણ આચાર તો સર્વને મોખરે જ છે.

૬૭૨ જ્ઞાન તો કદાચ બીજાનું પણ કામ લાગી શકે પરંતુ ક્રિયા તો પોતાની જ જોઇએ અર્થાત્ બીજાની ક્રિયા કામ ન જ લાગે.

૬૭૩ એકલા જ્ઞાનવાળો ભાર વહન કરનાર ગધેડા જેવો છે, તેમ એકલી ક્રિયાને જ માનનારો મિથ્યાત્વી છે.

૬૭૪ કેવલીકથિત ક્રિયા આત્માને એકાંત લાભ આપનારી છે.

૬૭૫ કોઇપણ જીવને ત્યાગમાર્ગમાં જોડીને તારકના માર્ગમાં મૂકવો એ આચાર્યનું મુખ્ય કર્તવ્ય છે.

૬૭૬ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ એ જ જૈન સૂત્ર છે.

૬૭૭ સમ્યક્પણાનું દર્શન થાય, તો જ તે પછીનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે અને ચારિત્ર તે સાચું ચારિત્ર છે.

૬૭૮ વિશુદ્ધ અને કલંકરહિતપણે જૈનસિદ્ધાંત દેખાડવો એ જ આચાર્યનું મુખ્ય કર્તવ્ય છે.

૬૭૯ બીજાના આત્માને આશ્રવથી બચાવવા, સંવરમાં દોરવા, નિર્જરામાં નિપુણ કરવા અને બંધથી રોકવા માટે જે પ્રયત્ન કરવો તે ઉપકારની ઉત્તમ કક્ષા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૮૦ દર્શન, જ્ઞાન અને ચારિત્રની પૂર્વે જેઓ 'સમ્યક્' પદ લગાડતાં અચકાય છે, તેઓ સત્યજ્ઞાનના ભોગે દુન્યવી જ્ઞાનની પાછળ ઘેલા થયેલા છે.

૬૮૧ જૈનશાસનમાં દેવ, ગુરુ, અને ધર્મ એ સઘળાની વ્યવસ્થા પવિત્ર આચાર ઉપર જ કરવામાં આવી છે. એ (આચારને) જે ભૂલી ગયા છે તે જૈનત્વના હાર્દને જ ભૂલી ગયા છે.

૬૮૨ યાદ રાખો કે આચાર ગમે તેવો પવિત્ર હોય તે છતાં તેવા આચારવાળાને ગીતાર્થની નિશ્રામાં રહેવું એ તો અત્યાવશ્યક છે જ.

૬૮૩ સમ્યગ્દર્શન વિનાનાં જ્ઞાન અને ચારિત્ર એ જ્ઞાન અને ચારિત્ર જ નથી.

૬૮૪ ધર્મમાં તન્મયતા પ્રાપ્ત કરનારે સૌથી પહેલાં આત્માને સંસ્કારોથી પૂર્ણપણે યોગ્ય બનાવવો ઘટે છે.

૬૮૫ સમ્યગ્દૃષ્ટિ આત્મા આરંભ, સમારંભ, પરિગ્રહ અને વિષયકષાયાદિમાં જોડાએલો હોય છે પરંતુ તે છતાં તેની દૃષ્ટિ તો એક માત્ર ધર્મ ઉપર જ રહે છે.

૬૮૬ અનંતાનુબંધી કર્મ અનંત સંસારની પરંપરા બંધાવનાર કર્મનો નાશ થયો હોય ત્યારે ક્ષયોપશમાદિ એટલે આત્મિક પરિણામરૂપ દૃષ્ટિ મોક્ષ તરફ જાગૃત રહે, અર્થાત્ સમ્યગ્દર્શન થાય છે તેવાની જ દૃષ્ટિ તત્ત્વ તરફ રહી શકે છે.

૬૮૭ ચૌદ પૂર્વો, અગિયાર અંગ અને બાર ઉપાંગ, એ તમામ ચાલુ વહીવટની મિલકત છે પણ મરણ રૂપ મહા સંકટ વખતે તો નવકાર એ જ સાચી મિલકત છે.

૬૮૮ નવકારને સંસ્કાર તરીકે આત્મામાં પચાવી જવો એટલે આત્માને નવકારમય બનાવી દેવો એ મુશ્કેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૮૯ પરંતુ ચૌર પૂર્વાદિને સંસ્કાર રૂપે આત્મામાં પચાવી જવા એ નવકાર કરતાં વધારે મુશ્કેલ છે.

૬૯૦ સાઠ, સિત્તેર કે હજારો વર્ષની જિંદગીનું ડહાપણ મરણના ભય આગળ નાશ પામે છે.

૬૯૧ અરિહંત અને સિદ્ધ એ બન્નેને સંસારમાં રખડાવનાર એકેય કર્મ બાકી રહેવા પામ્યું નથી તેથી જ તેઓ બન્ને સંપૂર્ણ સમૃદ્ધિવાન કહેવાય છે.

૬૯૨ આત્મામાં ઉપજેલી ધર્મ પ્રત્યેની અશ્રદ્ધા તો આત્મા પોતે ટાળી શકે છે પરંતુ મિથ્યાત્વીઓને યોગે સુદેવો, સુગુરુઓ અને સુધર્મ પરત્વે ઉપજેલી અશ્રદ્ધા ટાળવા તો પૂજ્ય આચાર્ય પૂ ઉપાધ્યાય અને પૂ૦ સાધુઓની જ આવશ્યકતા છે.

૬૯૩ સાધુના સમાગમ અને ઉપદેશ વિના સુશ્રાવકના શ્રાવકપણામાં પણ ક્ષતિ ઉત્પન્ન થવાના જરૂર સંભવો છે.

૬૯૪ સંપૂર્ણ સાધુપણું અને કેવલજ્ઞાન એ બેની વચ્ચેનું આંતરું તો માત્ર બે ઘડીનું જ છે.

૬૯૫ સામાન્યપણે, હજારો જીવોની હિંસાનાં પાપ કરતાં એક જીવની અનુકંપા અનુમોદનીય છે. તે માટે મેઘકુમારનું દૃષ્ટાંત બસ છે.

૬૯૬ ત્યાગધર્મથી યુક્ત ન હોય એવું જ્ઞાન જે મેળવે છે તે માત્ર લાકડાના ભારને વહન કરનાર ગર્દભ જેવો છે.

૬૯૭ કાળધર્મ પામેલા સાધુ મહારાજાઓથી તીર્થ મનાયું જ નથી, પરંતુ વિદ્યમાન સાધુઓથી જ તીર્થ કાયમ છે.

૬૯૮ ચૌદ રાજલોકના જીવોની દ્રવ્યદયા કરતા એક જ જીવની ભાવદયા વધારે કિંમતી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૯૯ ભાવદયા તરફ દુર્લક્ષ કરાવીને; જેઓ દ્રવ્ય દયાની મહત્તાને વધારે જણાવે છે તેઓ હીરાને મૂકીને વધારે પ્રકાશ મારતા કાચના કટકાની ખરીદી કરનારા છે.

૭૦૦ શાસ્ત્રીયજ્ઞાન એ સંપૂર્ણ મર્યાદા સાથેનું અને સદ્‌જ્ઞાન હોવાથી તે આત્માને એકાંતે કલ્યાણ સિદ્ધ કરી આપે છે.

૭૦૧ દુનિયાદારીનું જ્ઞાન ધર્મભાવનાને ઉત્પન્ન તો નથી જ કરતું પરંતુ જો ધર્મભાવના હોય તો પણ તેનો નાશ કરી નાંખવાની જ તે પ્રવૃત્તિ કરે છે.

૭૦૨ આજના યુવાનોને સાચું ધાર્મિક જ્ઞાન મળ્યું નથી અને આત્માને બગાડનારું જ્ઞાન તો તેમના મગજમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે એને જ યોગે આજના યુવાનો ધર્મપરત્વે વિરોધ ધરાવનારા બન્યા છે, બલ્કે પ્રાયઃ ધર્મથી વિમુખ બન્યા છે.

૭૦૩ બૂટ, કોલર અને નેકટાઈથી સજ્જ, ભક્ષ્યાભક્ષ્યની મર્યાદા ચૂકેલો, રાત્રિભોજન વગેરેના માની લીધેલા આનંદમાં ઝુલનારો અને દુનિયાદારીના ક્ષણિક સુખોમાં ડુબેલો શિક્ષક કે ભાષણકાર છોકરાને નવકારમંત્ર ગણવાનો ઉપદેશ આપે, તો એની જરા સરખી પણ અસર તે છોકરા ઉપર નહિં જ થાય.

૭૦૪ તમે જેવું શિક્ષણ આપવા ઇચ્છતા હો તે શિક્ષણના પ્રતિનિધિ જેવા તમે બની જશો ત્યારે જ તમારા શિક્ષણનું સાચું પરિણામ આવશે.

૭૦૫ ઉપધાનની સામાન્ય વ્યાખ્યા એ છે કે શ્રીનવકાર આદિ શીખનારાએ, વધારે નહિ તો તે ઉદ્દેશાદિ વિધિએ શીખે તેટલો સમય તો, આરંભ-સમારંભનો ત્યાગ કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૦૬ સુંદર ફૂલોને જોઈને તેની નિંદા કરનારો તે ફૂલોને જ દેખી શકતો ન હોવો જોઈએ, તેમ ઉપધાનની સુંદરતાને તિરસ્કારની નજરે નિહાળનારાની પણ સારાસાર-વિચાર શક્તિ રૂપી આંખો બંધ થએલી જ હોવી જોઈએ.

૭૦૭ આજની ધર્મવિનાશક પ્રવૃત્તિ અશુદ્ધ વાતાવરણ અને ધર્મ પ્રેમી સંયોગોના અભાવને જ આભારી છે.

૭૦૮ શાસનની વ્યવસ્થાને ખટપટ કહેનારા શાસનના જ દ્રોહી છે.

૭૦૯ ન્યાય નિહાળનારાઓએ ગુન્હેગારોની ઈજ્જત, આબરૂ અને વગવસીલા તરફ નજર સરખીએ કરવી ન ઘટે તો પછી તે સંબંધી વિચાર કરવો તે તો અસ્થાને જ છે.

૭૧૦ દેશને અંગે દેશદ્રોહીની જે પ્રમાણે વ્યાખ્યા કરીએ છીએ તે જ પ્રમાણે શાસનને અંગે શાસનદ્રોહીની વ્યાખ્યા પણ કરવી જ જોઈએ.

૭૧૧ આચાર્ય એટલે તીર્થંકર ભગવાનો તરફથી મળેલા અધિકારના મુખ્ય અધિકારી અને ઉપાધ્યાય એટલે આચાર્ય ભગવાન તરફથી મળેલા અધિકારના અધિકારી.

૭૧૨ શ્વાસ વિનાનું શરીર નકામું છે તે જ પ્રમાણે સમ્યક્ત્વ વિનાનો આત્મા નકામો છે.

૭૧૩ સંહિતા એટલે અખંડિત સૂત્ર કહેવું, સૂત્રનાં પદો જુદાં કરવાં અને સૂત્રનાં પદોનો અર્થ કરવો આટલે સુધી ઉપાધ્યાયનો હક છે.

૭૧૪ અર્થનાં અજ્ઞાનપણાથી શુભ ઉપયોગ નથી રહેતો એવું કથન ભરમાવનારું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૧૫ જેમ પશુઓ પહેલાં ચરે છે અને પછી નિરાંતે બેસીને વાગોળે છે તે જ પ્રમાણે પહેલાં સૂત્ર લેવું અને પછી તેનો અર્થ લેવો એ રીત અહીં જૈન શાસનમાં ઘટે છે.

૭૧૬ માત્ર મૂળને જ માનવાથી દહાડો વળે તેમ નથીઃ મૂળની સાથે અર્થ પણ જાણવોજ જોઈએ કારણ કે વ્યવહાર અર્થથી જ ચાલે છે, મૂળથી નહિ.

૭૧૭ થોડા અક્ષરો પણ ઘણો અર્થ સૂચવે છે, સૂત્રના મૂળ અર્થને અને ભાવાર્થને જે જાણે છે તે જ સૂત્રને માનનારો ગણાય, નહિ તો માત્ર તે સૂત્ર નથી માનતો પણ લીટીજ માને છે એમ કહેવું યથાર્થ છે.

૭૧૮ ધર્મ જગતને પૂજવાલાયક છે અને તે પૂજવા લાયક રહેવાનો જ, પણ સંખ્યાનો મોહ રાખીને ધર્મના તત્ત્વોનો નાશ થવા દેવો નહિ,

૭૧૯ સત્યને માનનારા થોડા જ હોય પણ તેથી કાંઈ સત્ય તે અસત્ય થતું નથી. તારાઓ અનેક છે અને સૂર્ય એક છે તે છતાં તારાઓ જે કામ નથી કરી શકતા તે કામ સૂર્ય કરે છે.

૭૨૦ ધર્મનું એક બિંદુ છોડીને જો વિશ્વવંદ્ય બનાતું હોય તો એવા મહાત્માપણાને નમસ્કાર કરજો!

૭૨૧ જે સર્વને, સર્વ કાળને વિષે સર્વ દ્રવ્યગુણપર્યાયપણે યથાસ્થિત જાણે છે તે જ સર્વજ્ઞ છે.

૭૨૨ સર્વજ્ઞની આજ્ઞા જાણનારા, માનનારા અને જગતની ત્રણેય કાળની અવસ્થાને માનનારા તે સર્વજ્ઞ ભગવાનના સાધુ છે.

૭૨૩ જે સાધુ ગીતાર્થ નથી અથવા ગીતાર્થની નિશ્રામાં નથી તે સાધુને નમસ્કાર કરવાનું કારણ જ નથી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૨૪ ખૂબ ધ્યાનમાં રાખો કે સાધુપદ કેવળ ગીતાર્થપણા સાથે સંબંધ રાખતું નથી. શ્રી સર્વજ્ઞશાસનમાં જે સાધુ શાસન-દ્રોહી થાય કે શાસનવિરોધી થાય તેને નમસ્કાર કરવાનો જ નથી.

૭૨૫ સૂત્રનો એક અક્ષર પણ વિરુદ્ધ બોલનારો હોય તો ત્યાં આચાર્યપણું કે ઉપાધ્યાયપણું ટકી શકતું નથી.

૭૨૬ શ્રી સિદ્ધો એ પરીક્ષાના વિષયની બહાર છે, જ્યારે શ્રી અરિહંતાદિ ચારેયની પરીક્ષા શક્ય છે.

૭૨૭ અરિહંતે જે સિદ્ધો આરાધ્ય બતાવ્યા છે તે જ સિદ્ધોને આરાધનામાં લેવાના છે, અન્ય પ્રકારના સિદ્ધો ધ્યાનમાં લેવાના નથી.

૭૨૮ સિદ્ધોની માન્યતા કોઈની સ્વતંત્ર છે જ નહિ. એ માન્યતા પણ અરિહંત ભગવાનની સાક્ષીએ જ છે.

૭૨૯ અરિહંતોની માન્યતા સ્વતંત્ર છે કેમકે તેમની અને તેમનાં આગમોની પરીક્ષા કરી શકાય છે.

૭૩૦ અરિહંતે જેના પર સહી કરી છે તે દસ્તાવેજ જો તેનાં સંતાનો એટલે અનુયાયીઓ કબૂલ ન રાખે એ તેનાં સંતાન જ નથી.

૭૩૧ જે અઢારેય દોષોથી રહિત છે, તે અરિહંત છે.

૭૩૨ જે પાંચેય આચારોને શાસ્ત્રાનુસારે પાળે છે તે જ આચાર્ય, બીજા નહિ.

૭૩૩ પઠન પાઠનમાં તત્પર હોય તે દ્વારા ઉપાધ્યાયની પરીક્ષા છે તથા મોક્ષમાર્ગની સાધના અને સહાયતાદ્વારા સાધુની પરીક્ષા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૩૪ અરિહંતના વચનની પ્રમાણિકતાથી જ સિદ્ધની સિદ્ધતાને આપણે સ્વીકારીએ છીએ અર્થાત્ સિદ્ધરૂપી ઝવેરાતને ઓળખાવનારા અરિહંતરૂપી ઝવેરી જ છે અને તેથી જ તેમને પહેલો નમસ્કાર કરવાનો છે.

૭૩૫ શ્રી અરિહંતે જે આચાર્યોને આરાધ્ય જણાવ્યા છે તે જ આચાર્યોને વંદના કરવી ઘટિત છે.

૭૩૬ નવપૂર્વથી આગળના જ્ઞાનવાળા, તથા જિનકલ્પને લીધે સમુદાયને છોડી ગએલા હોય, તેમ જ મોક્ષને સાધનારા તેવા બધા સાધુ નમસ્કાર કરવાને લાયક છે.

૭૩૭ એક સાધુની અવજ્ઞા અને સર્વ સાધુસંઘની અવજ્ઞા, એમાં કશો જ ફેર નથી.

૭૩૮ એક અરિહંતને આરાધો તો એનો અર્થ એ જ છે કે તમે સઘળા અરિહંતોને આરાધો છે.

૭૩૯ વ્યક્તિની આરાધના ગુણના મુદ્દાથી છે, વ્યક્તિ પરત્વે નથી.

૭૪૦ ગુણ પરત્વે ન જતાં માત્ર વ્યક્તિ પરત્વે જ જઈએ તો કહેવું પડશે કે આપણે ગુણના પૂજારી નથી, માત્ર હાડકાં તથા માંસના પૂજારી છીએ.

૭૪૧ ખરું પૂજન તો ગુણનું છે, વ્યક્તિનું નથી.

૭૪૨ જેઓ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા છે, તેઓને સ્નેહ એ વજ્રની શૃંખલા(સાંકળ) છે.

૭૪૩ સાધુ પદવી ગીતાર્થપણા સાથે સંબંધ રાખતી નથી. પરંતુ મોક્ષને સિદ્ધ કરનાર ક્રિયાના સાધકપણા સાથે સંબંધ રાખે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૪૪ સર્વજ્ઞશાસનમાં જે સાધુ શાસનદ્રોહી થાય કે વિરોધી થાય તેને નમસ્કાર કરવા માટે સ્થાન જ નથી કેમકે તેઓ તો ઉન્માર્ગગામી હોવાથી કરુણા અને માધ્યસ્થ્યનું સ્થાન છે.

૭૪૫ જે વ્યક્તિ સૂત્રના એક અક્ષર વિરુદ્ધ બોલે છે તે વ્યક્તિનું આચાર્યપણું કે સાધુપણું જરૂર નાશ પામે છે.

૭૪૬ સિદ્ધો એ પરીક્ષાના વિષયથી બહાર છે એનું કારણ એ છે કે તેઓ અતીન્દ્રિય છે, જ્યારે અરિહંતાદિ ચારેની પરીક્ષા શક્ય છે, કારણ કે તેઓ વ્યાવહારિક પ્રત્યક્ષથી પણ જાણી શકાય છે.

૭૪૭ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના દરેક જીવો મરણથી ડરે છે.

૭૪૮ જો શરીર જેવી વસ્તુ ન હોત તો આ દુનિયામાં મરણ પણ ન હોત.

૭૪૯ જેઓ પ્રભુમાર્ગને ભૂલેલા છે તે આત્માઓ અવશ્ય મરણથી ડરે છે.

૭૫૦ જન્મ એ બાવળિયાનું બીજ છે અને મરણ એ બાવળિયાના કાંટા છે, તો પછી જન્મરૂપી બાવળિયા તો વાવ્યે જ જવા અને મરણરૂપી કાંટાથી ડરવું એ મૂર્ખાઈ નહિ, તો બીજું શું?

૭૫૧ સત્કૃત્યોના બદલામાં મળનાર સદ્ગતિ માટેનું મરણ તે ઉત્સવરૂપ મરણ છે.

૭૫૨ કલુષિત જીવનથી થયેલ પરિણામ દુર્ગતિમાં ધકેલનાર હોવાથી તે મરણ એ શોકમરણ છે.

૭૫૩ નિર્વાહ પૂરતાં પાપને છૂટાં રાખી બાકીનાં પાપોને, શ્રદ્ધાપૂર્વક તજનારાઓ દેશવિરતિધર્મના સાચા આરાધકો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૫૪ આ જગત્માં ધર્મ એ સર્વ આસ્તિકોને ઇષ્ટ છે.

૭૫૫ મનગમતા પદાર્થના જુઠ્ઠા શબ્દો પણ વહાલા અને અનિષ્ટ પદાર્થના સાચા શબ્દો પણ અળખામણા લાગે છે.

૭૫૬ ધર્મ ઇષ્ટ છે. પાપ આપણને તથા સાંભળનારને પણ અનિષ્ટ છે.

૭૫૭ આર્યપ્રજામાં મનુષ્ય માત્રને ધર્મ વહાલો છે, એ વાત ચોક્કસ છે.

૭૫૮ બધી પ્રવૃત્તિ ફળને ઉદ્દેશીને જ થાય છે.

૭૫૯ ભોગના કીચ્ચડમાં ખૂંચેલા, રમા અને રામામાં આસક્ત થયેલા તથા નામ અને નાક માટે સર્વસ્વ હોમનારાઓને પ્રભુશાસનની યથાર્થ કિંમત નથી.

૭૬૦ જેઓને શાસ્ત્રની આગળ–પાછળની પંક્તિ ઇરાદાપૂર્વક જોવી નથી તેઓ સામાન્ય જનતાને આડે રસ્તે દોરવા મનમાન્યું બોલે છે.

૭૬૧ અહિંસા, સંયમ અને તપયુક્ત હોય તે જ ધર્મ કહેવાય.

૭૬૨ જેને ચોકસી થવું હોય તેણે ચોકસીને ત્યાં, ઝવેરી થવા ઇચ્છનારે ઝવેરીને ત્યાં વર્ષોનાં વર્ષો અભ્યાસ કરવો જોઇએ તેવી જ રીતિએ મોક્ષમાર્ગના અધિકારી બનવું હોય તો મોક્ષમાર્ગના આરાધક સાધુપુરુષોની હંમેશાં ભક્તિપૂર્વક સેવા કરવી જોઈએ.

૭૬૩ સોનારૂપાનાં ઘરેણાંથી શણગારેલા ગધેડાને વરઘોડાના મોખરે રાખવાથી કાંઈ વળે ખરું ? તેવી રીતે પરિણામની શુદ્ધિ વિના મૈત્રીભાવના રાખવાથી આત્માનો દહાડો વળે નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૬૪ ધર્મનું પરંપરાએ ફળ મોક્ષ છે અને અનંતર ફળ ઋદ્ધિ, સિદ્ધિ અને દેવલોક વિગેરે છે.

૭૬૫ યાદ રાખજો કે 'સંસારીપણું' એ બચાવની ઢાલ નથી.

૭૬૬ કુલીન મનુષ્યોથી જેમ નશાના બહાનાથી ગુનાનો બચાવ ન થાય તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવોથી 'અમે સંસારી છીએ' તેમ કહી પાપનો બચાવ ન થાય. તેઓ તો પોતાની ન્યૂનતા કબુલ કરે.

૭૬૭ ધાડપાડુઓને સાફ કરી નાખે તેટલી તાકાતવાળો ગરાસિયો પણ વ્યસનને વશ થવાથી ખાટલામાં પડી રહે, તેવી રીતે વીર્યોલ્લાસ વગરનો આત્મા અફીણીયા ગરાસિયાની જેમ પડી રહ્યો છે.

૭૬૮ જીવનના બે પ્રકાર છે. ૧ જડજીવન ૨ જીવજીવન. જો તમે જીવજીવન મેળવ્યું હોય છતાં તે સફળ કરવાની ભાવના ન હોય તો એ બંને પ્રકારના જીવનમાં કશો જ ફરક નથી.

૭૬૯ જે જીવન ઇન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણવાળું છે તે જીવનને જડજીવન કહેવામાં કશો જ વાંધો નથી.

૭૭૦ ભાવપ્રાણના વિનાશથી જેઓ ભડકે છે તેઓ જ સમ્યક્ત્વ પામેલા છે. એ સ્થિતિ, તે જ સમ્યક્ત્વ છે.

૭૭૧ અઘાતી પાપોના ઉદયથી ડરો છો, પરંતુ ઘાતી પાપના પરિણામનો વિચાર સરખો પણ ન કરો તો એના જેવી બીજી એક પણ મૂર્ખાઈ નથી.

૭૭૨ મિથ્યાત્વીઓ પણ જીવને માને છે અને તમે પણ એ જ રીતિએ મિથ્યાત્વીની માફક જીવને માનતા હો તો તમારામાં અને મિથ્યાત્વીમાં કશો જ ફરક નથી એની તમારે નોંધ લેવી જ જોઈએ.

૭૭૩ દ્રવ્યદયાના ભોગેજ ભાવદયાનું સંરક્ષણ કરવાનું શાસ્ત્રીય ફરમાન છે ખરું પરંતુ તે માત્ર રત્નત્રયીની રક્ષા માટે જ; નહિ કે બીજા કોઈ કાર્ય માટે.

૭૭૪ ઇન્દ્રિયોને બહેકાવી મૂકો નહિ, કારણ કે એ પણ મોહરાજાના રિસીવરો જ છે.

૭૭૫ પાંચ ઇન્દ્રિયોની પ્રવૃત્તિ એ જ સાચી ગુલામી છે. જેમને ગુલામી સાલતી હોય તેમણે સ્વતંત્રતાની વ્યર્થ બાંગ ન પોકારતાં, આ ગુલામીમાંથી જ છૂટવાની પ્રવૃત્તિ કરવી જરૂરી છે.

૭૭૬ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપદ્વારા જીવાતું જીવન, તેનું જ નામ જીવજીવન છે.

૭૭૭ છ કાયમાંથી એક પણ કાયની વિરાધના જે ન થવા દે અર્થાત્ યેનકેન પ્રકારેણ પ્રત્યેક જીવને બચાવવાને જે આત્મા પ્રયત્નવંત રહે તે પોતાને જૈન ગણી શકે છે.

૭૭૮ દ્રવ્યદયાનો ભોગ અપાય તો વાંધો નહિ કારણ કે દ્રવ્યદયાના ભોગે પણ ભાવદયાને સાચવવાની જ છે એ વાત કદી ભૂલશો નહિ.

૭૭૯ ભાવપ્રાણના તત્ત્વજ્ઞાન(ફીલ્સુફી Philosophy)ને જેઓ સમજે છે તેઓ ભાવદયાને અગ્રપદ આપ્યા વિના રહેતા નથી.

૭૮૦ આખા જગત્‌ની દ્રવ્યદયા અને એક પણ જીવની ભાવદયા, એ બેના મુકાબલામાં ભાવદયા વધારે શ્રેષ્ઠ છે.

૭૮૧ દ્રવ્યદયાને પણ તદ્દન નકામી સમજશો જ નહિ એ પણ જરૂર આવશ્યક છે, પરંતુ એ મહેતલ અપાવનાર છે જ્યારે ભાવદયા કર્મથી છૂટાછેડા કરાવનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૮૨ જડજીવન અને જીવજીવન એ બેની સરખામણી કરો તો સમજી લો કે જડજીવનની જીવજીવન આગળ કશી જ કિંમત નથી.

૭૮૩ ચારિત્રની અપેક્ષાએ દ્રવ્યદયાના ભોગને અધિક માનવામાં આવે તો કહેવું જ પડશે કે તેને રત્નત્રયીની કિંમત જ નથી.

૭૮૪ તમે જયાં સુધી જીવજીવનના અર્થી ન બની શકો ત્યાં સુધી તમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકવાની નથી.

૭૮૫ લોકોત્તર પ્રાપ્તિ થવાની હોય ત્યારે (તે પ્રસંગે) લૌકિક માર્ગની કિંમત આંકવા બેસે એને મૂર્ખ ન ગણી શકો તો, બહેતર છે કે શબ્દકોષમાંથી મૂર્ખ શબ્દને દૂર કરો !

૭૮૬ સમ્યક્ત્વ એ તો રત્ન–દીપક છે. જો તમે મોક્ષની અભિલાષા રાખતા હો તો એ રત્ન–દીપકને તમારા હૃદયમંદિરમાં સ્થાપન કરો, ધારણ કરો.

૭૮૭ જેઓ આગમની દૃષ્ટિને સમજે છે તેઓ જ આગમને અને તેના અર્થને (રહસ્યને) પણ સમજી શકે છે.

૭૮૮ સ્નેહી માણસોના કલહને ધ્યાનમાં ન લેતાં જેઓ સત્યને જ અવલંબે છે, તેનું જ સમર્થન કરે છે તેઓ જ વીર છે, બીજા નહિ.

૭૮૯ વિષય કષાય દેખીતા આનંદજનક લાગે છે તે પરિણામે ગાઢ બંધનરૂપ છે અને તેમાં ફસાયેલો આત્મા અનાદિકાળથી તેનો ગુલામ બનેલો છે.

૭૯૦ શ્રીપાળ મહારાજાને મળેલી સમૃદ્ધિ, દેવલોક અને મોક્ષ એ તમામનું મૂળ કારણ જોશો તો બીજું કાંઈજ નથી પરન્તુ શ્રી નવપદજીની આરાધના જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૯૧ પાપકાર્યોમાં તો ઇચ્છા હો કે ન હો, તે છતાં પાપ લાગે છે જ; જ્યારે ધર્મકાર્યોમાં તો ઇચ્છા હોય તો જ પુણ્ય બંધાય છે, અન્યથા નહિ. (જો ઇચ્છા ન હોય તો પુણ્ય બંધાતું નથી)

૭૯૨ જ્ઞાન, સંવર, નિર્જરા, સ્વર્ગ તથા મોક્ષ એ સઘળાં ઇચ્છાપૂર્વકના પ્રયત્નોથી પ્રાપ્ત થાય છે, અન્યથા નહિ.

૭૯૩ ગયા ભવોમાં અજ્ઞાનતાથી કરેલી ક્રિયાને ત્રિવિધ ન વોસિરાવીએ, તેનાથી ત્રિકરણયોગે ન ખસીએ તો ત્યાં સુધી ગયા ભવમાં અજ્ઞાનતાથી કરેલી ક્રિયાનું પાપ પણ ખસતું નથી.

૭૯૪ ઇચ્છા એ પરમપદ(મોક્ષ)પ્રાપ્તિને અંગે વ્યાઘાત કરનારી ચીજ છે. જ્યાં સુધી સામાજિક, દુન્યવી વગેરે પદાર્થોની ઇચ્છા હોય ત્યાં સુધી મોક્ષ મળે એ શકય જ નથી. ઇચ્છા કરો તો મોક્ષની જ કરોને! તત્ત્વ–શ્રદ્ધા વગર એટલે કે સમ્યક્ત્વપ્રાપ્તિની પહેલાં પણ મોક્ષની ઇચ્છા શરૂ થઈ શકે છે.

૭૯૫ મોક્ષને રોકનારો જો આ અવનિમાં કોઈ પણ હોય તો તે કર્મનો કિલ્લો છે. તે કિલ્લાને ભેદવામાં સમ્યગ્દર્શનાદિ મહારસાયણ છે.

૭૯૬ મોક્ષના કારણો મેળવવા માટે ઇચ્છાની જરૂર છે પણ એ જ ઇચ્છા જો સામાજિક, દુન્યવી વગેરે કાર્યો સાથે સંબંધ ધરાવતી હોય તો તે નકામી છે.

૭૯૭ મોક્ષનાં કારણો દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ સંપૂર્ણ મળી ગયાં હોય તો ઇચ્છા ન હોય તો પણ મોક્ષ થાય છે.

૭૯૮ અરિહંતો અરિહંત તરીકે, સિદ્ધો સિદ્ધ તરીકે આચાર્યો આચાર્ય તરીકે, ઉપાધ્યાયો ઉપાધ્યાય તરીકે, તેમ જ સાધુઓ સાધુ તરીકે આરાધ્ય છે; પણ દર્શન તરીકે દર્શન આરાધ્ય નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૯૯ ચૂલો ચૂલા તરીકે સાધ્ય નથી પરંતુ રસોઈના હેતુએ સાધ્ય છે તે જ પ્રમાણે જ્ઞાન, જ્ઞાન તરીકે સાધ્ય નથી પરંતુ સંવર તથા નિર્જરાને લાવી આપનાર તરીકે સાધ્ય છે.

૮૦૦ અજ્ઞાની કરતાં જ્ઞાની શ્રેષ્ઠ છે જ્ઞાનીને એટલા માટે જ શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે કે અજ્ઞાનીના મુકાબલે તે ધર્મમાર્ગમાં કોઈ પણ પ્રવૃત્તિ તરત કરી શકે.

૮૦૧ સંવર અને નિર્જરામાં પ્રવર્તવા તથા આશ્રવ તેમ જ બંધથી પાછા હઠવા જે જ્ઞાન પ્રેરણા કરે તે જ સાચું જ્ઞાન છે.

૮૦૨ વિદ્યા પ્રશંસા કરવાયોગ્ય છે. પરન્તુ જે વિદ્યા આત્માને આત્મભાનથી ભ્રષ્ટ કરનારી હોય તે વિદ્યા મેળવવા કરતાં ન મેળવવી એ સારું છે.

૮૦૩ જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત અથવા પુણ્ય તથા પાપ મળી નવ તત્ત્વોનું જ્ઞાન તે જ જ્ઞાન છે. તે સિવાયનું જ્ઞાન તે જ્ઞાન જ નથી. આ નવે તત્ત્વોનું જ્ઞાન કરાવવું તેનું જ નામ જ્ઞાનદાન છે.

૮૦૪ જીવાજીવાદિકનું શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.

૮૦૫ જીવાદિકને જણાવનારાં શાસ્ત્રો માટે જે જ્ઞાન ઉપયોગી છે તે જ જ્ઞાનદાન છે.

૮૦૬ જે જ્ઞાન સંસારપંથે આગળ વધવાની સલાહ આપે છે તે જ્ઞાન, જ્ઞાન જ નથી પરંતુ અવિદ્યા(અજ્ઞાન) છે.

૮૦૭ જીવાજીવાદિ પદાર્થો જાણવા માત્રથી સરતું નથી જ. પણ જાણીને તેનાથી આરાધના કરવાની જરૂર છે.

૮૦૮ યાદ રાખો કે શ્રીપાળ મહારાજાના સંબંધમાં જે જે આશ્ચર્યકારિણી ઘટનાઓ બની છે, તેમની સંપત્તિ તથા સૌંદર્યાદિમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે કાંઈ વધારો થયો છે, તે સઘળું નવપદજીની આરાધનાથી જ થવા પામ્યું છે એમાં લેશ માત્ર પણ શંકા નથી. તમે શ્રીપાળ મહારાજાના સંબંધમાં બનેલા ચમત્કારો સામે ન જુઓ પરન્તુ એ ચમત્કારો જે વસ્તુને પરિણામે બન્યા છે તે વસ્તુને વિચારો.

૮૦૯ આપણી સૌથી પહેલામાં પહેલી ફરજ એ છે કે શ્રીનવપદજીના ગુણો જાણવા. કારણકે જયાં સુધી આપણે એના ગુણો જાણીએ નહિ ત્યાં સુધી આપણામાં સાચો ઉલ્લાસ આવે નહિ અને સાચો ઉલ્લાસ ન આવે ત્યાં સુધી આરાધનાની ક્રિયા પણ ભાવસ્વરૂપ કહેવાય નહિ.

૮૧૦ પ્રભુની સેવા, પૂજા, અનુષ્ઠાનોઃ એ સઘળું શા માટે છે તેનો કદી વિચાર કર્યો છે? યાદ રાખો કે એ સઘળું પૈસો-ટકો મેળવવા માટે નથી જ, પરન્તુ સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ માટે જ છે અથવા પ્રાપ્ત-રત્નત્રયીની અધિક વિશુદ્ધિ કરવા માટે છે.

૮૧૧ તીર્થંકરોના આગમોની આરાધના શા માટે? એ પણ માત્ર સદ્‌જ્ઞાનની પ્રાપ્તિ માટે છે.

૮૧૨ જ્ઞાનની મૂળ જડ શ્રીતીર્થંકર ભગવાન પોતે જ છે, કારણ કે તેમણે જ પદાર્થ માત્રને પોતાના કેવળજ્ઞાનથી સૌથી પહેલાં જાણી લીધા હતા; તત્પશ્ચાત્ તેઓશ્રીએ તે પદાર્થોની જગત્‌ને માટે પ્રરૂપણા કરી હતી.

૮૧૩ આપણું સાધ્ય તો કેવળજ્ઞાન જ છે, છતાં આત્માના બોધ માટે તથા જગતના ઉપકાર માટે એક દૃષ્ટિએ કેવળજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન ઉચ્ચ પદે છે.

૮૧૪ કેવલજ્ઞાન મુંગાએ ખાધેલા ગોળ જેવું છે. ગોળ ખાનાર મુંગો પોતે તો તેનો સ્વાદ જાણે છે પરંતુ તે જગતને જણાવી શકતો નથી તે જ પ્રમાણે કેવલજ્ઞાનથી પદાર્થો જાણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકાય છે ખરા પણ તે શ્રુતજ્ઞાન વગર ભવ્ય જીવોને જણાવી શકાતા નથી.

૮૧૫ સ્વ-પર-સ્વરૂપને બતાવનારું જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે, બીજું નહિ. કેવળજ્ઞાનનું સ્વરૂપ બતાવનારું પણ શ્રુતજ્ઞાન જ છે.

૮૧૬ આપણે પંચ(પાંચ) પરમેષ્ઠિને આરાધવાનો દાવો તો કરીએ છીએ પરંતુ પંચ પરમેષ્ઠીને ક્યારે આરાધી શકીએ કે જ્યારે આપણું ધ્યેય ત્યાગનું હોય તો જ! નહિ તો, નહિ!

૮૧૭ દુન્યવી લાલચોને લઈને જ આરાધના કરવી જોઈએ એમ જો તમે માનતા કે કહેતા હો, તો તો તમારે ચક્રવર્તીની જ આરાધના કરવી જોઈએ કેમકે દુન્યવી ભોગવિલાસોની સર્વશ્રેષ્ઠતા ચક્રવર્તીને જ છે.

૮૧૮ ચૈત્યવંદનમાં તમે છેલ્લે છેલ્લે 'ભવનિર્વેદ'ની માગણી કરો છો, એ વાતને કદી પણ ભૂલશો નહિ.

૮૧૯ ભવનિર્વેદ એ જિનશાસનમહાલયની પહેલી પીઠિકા છે.

૮૨૦ 'ગૌતમ નામે નવે નિધાન'નો અર્થ એવો સમજશો નહિ કે આપણે એ વાક્ય બોલીને નવે નિધાનની માગણી કરીએ છીએ. એનો અર્થ એટલો જ છે કે એ મહાત્માનું એવું તપોબળ છે કે જેથી નવે ય નિધાનો આવી મળે છે.

૮૨૧ ભગવાનની પાસે છેલ્લી માગણી ભવનિર્વેદની જ કરવામાં આવી છે તે ઉપરથી પણ એ જ સાબિત થાય છે કે 'ત્યાગ' એ જ આપણી ભૂમિકા છે.

૮૨૨ મીટિંગો, જાણીતા નાટકો, પ્રખ્યાત નાચનારીઓના જલસાઓની તમે તમારી ડાયરીમાં નોંધ રાખો છો એવું જેવું-તેવું ન નોંધતાં તેને બદલે ત્યાં એ વાત જ નોંધી લો કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચારિત્રની ઇચ્છા વગર મનુષ્ય ભગવાનની પૂજા કરે છે, તે પૂજા એ શ્રી જિનેશ્વરની પૂજા છે જ નહિ!

૮૨૩ સંયમના પાલન માટે જે સાધુ નદી ઉતરે છે તેની હિંસા એ સંયમના પાલનમાંજ જાય છે.

૮૨૪ શ્રી જિનેશ્વર ભગવાને પોતાની પૂજા બહુમાન માટે પ્રવર્તાવી નથી જ. પરન્તુ તે_પણ ત્યાગ તરફ લોકોની અભિરુચિ વાળવા માટે જ પ્રવર્તાવી છે.

૮૨૫ પ્રાણીમાત્ર પૂજાદ્વારાએ ત્યાગના પુનિત પંથનો પ્રવાસી થાય એ જ શ્રી જિનેશ્વરદેવનો પૂજાદિ વિધિમાં ઉદ્દેશ છે.

૮૨૬ ત્યાગની–ચારિત્રની ભાવનાપૂર્વક પૂજા કરો છતાં તે પૂજાને પરિણામે સંયમની પ્રાપ્તિ ન થાય તો તેથી ગભરાશો નહિ. કેટલાંક કારણો એવાં છે કે તેના ફળની પ્રાપ્તિ ઝપાટાબંધ નહિ થતાં વિલંબથી થાય છે.

૮૨૭ સમ્યક્ત્વ પામ્યા પછી નવ પલ્યોપમ સ્થિતિનો ક્ષય થયાથી દેશવિરતિ પમાય છે; તેમાંથી સંખ્યાતા સાગરોપમની સ્થિતિને તોડવાથી સર્વવિરતિ મળે છે. તેમાંથી પણ અસંખ્યાતા સાગરોપમની સ્થિતિને તોડે તો ઉપશમશ્રેણી પ્રાપ્ત થાય છે. અને તેમાંથી પણ જ્યારે સંખ્યાતા સાગરોપમની સ્થિતિ તોડે ત્યારે જ ક્ષપકશ્રેણી સાંપડે છે.

૮૨૮ સર્વવિરતિ લેવા ઇચ્છનારે સંખ્યાતા સાગરોપમ સુધી દેશવિરતિ પાળવી જ જોઈએ એવો નિયમ નથી.

૮૨૯ સમ્યક્ત્વ એ ચારિત્રની પહેલાં પણ સંભવે છે

૮૩૦ દર્શન, જ્ઞાન ચારિત્ર અને તપ એ ચાર ધ્યેય તરીકે છે અને એને માટે જ પંચ પરમેષ્ઠિનું આરાધન પણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૩૧ ગુણીને છોડીને ગુણ કોઈ દિવસ છૂટો પડી શકતો જ નથી.

૮૩૨ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમાંથી સ્વતંત્ર રીતે એકેય આરાધના કરવા યોગ્ય નથી, પણ સાંમુદાયિક ચતુષ્ટય જ આરાધના કરવા યોગ્ય છે.

૮૩૩ સ્વામી એ ઇત્વરકાળનો માલીક છે જ્યારે જીવ યાવત્ જીવનનો માલિક છે માટે એ બેને જુદા પાડવા પડે છે.

૮૩૪ રજા અધિપતિની હોય છે, તાબેદારની નહિ.

૮૩૫ શ્રમણોપાસક અને શ્રમણોપાસિકાને ભક્તિ કરવા સિવાય બીજી સત્તા નથી.

૮૩૬ જેમ પોતે ભૂખ્યા રહીને પણ ઘરનાં છોકરાંને પાળવાં પડે તેમ સંઘની વાતો કરનારાએ સંઘનો એક પણ મનુષ્ય ભૂખ્યો હોય ત્યાં સુધી ખાવું નહિ જ જોઈએ.

૮૩૭ અતીત એવા ઘણા ભવોમાં પણ અજ્ઞાનતાથી કરેલી ક્રિયાને ત્રિવિધ ત્રિવિધ ન વોસિરાવીએ અને તેનાથી ત્રિકરણ યોગે ન ખસીએ ત્યાં સુધી પાપ ખસતું નથી.

૮૩૮ જ્યાં સુધી જાહેરમાં સહી ખેંચી લેવામાં આવે નહિ ત્યાં સુધી સહીયારી જોખમદારીથી બચાતું નથી, તેમ સ્પષ્ટ રીતિએ દેવાદિ સમક્ષ પાપ વોસિરાવાય નહિ ત્યાં સુધી કર્મથી બચી શકાતું નથી.

૮૩૯ ત્રિવિધ ત્રિવિધ વોસિરાવ્યા વિના કોઈ પણ આત્મા કર્મનાં કારણોથી બચી શકતો જ નથી.

૮૪૦ સર્વપાપ વોસિરાવવારૂપ દીક્ષાની સર્વને જરૂર છે.

૮૪૧ મોક્ષની ઇચ્છા થયા પછી એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર ન જ હોય. પહેલે ગુણસ્થાનકે પણ મોક્ષની ઈચ્છા તથા તેની ક્રિયાએ હોઈ શકે છે પણ ચોથે ગુણસ્થાનકે મોક્ષની ઇચ્છા અદ્વિતીય હોય છે.

૮૪૨ ચોથા ગુણસ્થાનવાળો મોક્ષ સિવાય બીજા પદાર્થની પ્રાર્થના જ ન કરે. જેમ રસાયણની જરૂર માત્ર વાયુના વિકારને વિદારવા માટે જ છે. તેમ મોક્ષની ઇચ્છા પણ મોક્ષનાં કારણો મેળવી આપવા માટે જ જરૂરી છે. ઘડો થવાના કાર્યમાં દંડ સીધો કામ નથી લાગતો પણ દંડે ઉત્પન્ન કરેલ ભ્રમણ કામ લાગે છે. તેવી રીતે મોક્ષ થતી વખતે ઈચ્છા જાય ત્યારે જ ભલે મોક્ષ થતો હોય. પણ મોક્ષનાં કારણો જે સમ્યગ્દર્શનાદિ છે તેનો કર્તા કાં તો આત્મા છે, કાં તો કર્મનાં ક્ષયોપશમાદિ છે.

૮૪૩ ખાણમાંથી માટી ગધેડો લાવ્યો, તે જ માટીનો ઘડો બન્યો પણ તેથી ઘડાના કાર્ય સાથે ગધેડાને સંબંધ નથી, તેવી રીતે અહીં પણ ઇચ્છાથી સમ્યગ્દર્શનાદિ મેળવાયાં છતાં તેનું કારણ કર્મનો ક્ષયોપશમાદિ કે આત્મવીર્યોલ્લાસ હોવાથી, ઇચ્છા એ અત્ર કારણ નથી.

૮૪૪ ઇચ્છા મોક્ષને રોકનારી છે, કેમકે અયોગીપણું ન થાય ત્યાં સુધી મોક્ષપ્રાપ્તિ થતી નથી. ઇચ્છાના નાશે મોક્ષ મળે છે. શુભ તથા શુદ્ધ કાર્યને અંગે ઇચ્છા એ સાધક વસ્તુ નથી. સાધક વસ્તુ તો કારણો છે. મોક્ષનાં કારણો દર્શન, જ્ઞાન અને ચારિત્ર જો સંપૂર્ણતયા મળી ગયાં તો ઇચ્છા ન હોય તો પણ મોક્ષ સાંપડે. કાર્યસિદ્ધિ કારણોથી છે, નહિ કે ઇચ્છાથી. તથાપિ કારણો મેળવવાની ઇચ્છા આવશ્યક છે.

૮૪૫ શ્રીપાળ મહારાજની કથા શ્રવણ કરી જો ધન, કુટુંબાદિની ઇચ્છા કરો, તો તે ઇચ્છા આત્માના દારિદ્રને નહિ જ ફેડે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૪૬ જગત્નો પુદ્દગલથી વ્યવહાર છે. જેમ પુદ્દગલ અધિક તેમ કાર્ય અધિક. દુનિયાનો વ્યવહાર લાગણી ઉપર નથી, કેવળ પદાર્થ ઉપર છે.

૮૪૭ શાસ્ત્રકાર એકાંતે વસ્તુને કે વિવેકશૂન્ય અંતઃકરણને વળગતા નથી, પણ વિવેકને વળગે છે. વિવેકને લાવનાર વસ્તુના જ્ઞાન સાથે જોડાએલું અંતઃકરણ છે, તે માટે નવપદરૂપ વસ્તુનું જ્ઞાન કરાવવું. તે થાય એટલે તે વસ્તુદ્વારાએ અંતઃકરણમાં વિવેક જાગે અને તેથી ફળ-પ્રાપ્તિ થાય.

૮૪૮ શ્રી શય્યંભવસૂરિજી अन्नाणी किं काही વિગેરે કહીને સ્પષ્ટ જણાવે છે કે જ્ઞાન, જ્ઞાન તરીકે સાધ્ય નથી પણ સંવર તથા નિર્જરાને લાવનાર તરીકે જ સાધ્ય છે.

૮૪૯ અનાર્યની અધમતા ઋદ્ધિ સમૃદ્ધિના અભાવને અંગે કે શરીરસૌંદર્યના અભાવને અંગે નથી પણ ધર્મના અભાવને અંગે છે.

૮૫૦ ચાહ્ય જેટલી મનોવાંછિત ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ હોય પણ જેને ત્યાં (જ્યાં) ધર્મનું અસ્તિત્વ ન હોય (જેને ધર્મની પ્રાપ્તિ ન હોય) તો તે અનાર્ય કહેવાય.

૮૫૧ સુખનાં સાધનો મફત મળે તે ઉપર આર્યની વિશિષ્ટતા નથી પણ તે વિશિષ્ટતા તો ધર્મની પ્રવૃત્તિમાં છે.

૮૫૨ વ્યવહારની અપેક્ષાએ ધર્મની પ્રવૃત્તિ હોય તે તે ક્ષેત્રો આર્ય ગણાયાં છે અને જ્યાં 'ધર્મ' એવા અક્ષરો સ્વપ્ને ય નથી તે તે ક્ષેત્રો, અનાર્ય ગણાયાં છે.

૮૫૩ શ્રી યુગાદિદેવની વખતે જ્યાં આગળ નીતિધર્મ સ્થપાયો તે દેશ આર્ય ગણાયો અને જ્યાં તે ધર્મ ન સ્થપાયો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે દેશ અનાર્ય ગણાયો. ક્ષેત્રાર્ય પણું તો શ્રીતીર્થ કરાદિના જન્મને અંગે ૨૫ાા (સાડી પચીશ) દેશનું જ હોય.

૮૫૪ જિંદગી વહેતી નદીનાં પાણી જેવી છે.

૮૫૫ આપણું આયુષ્ય પણ ઘાટના પાણી માફક વહી રહ્યું છે, ચ્હાય તો ધર્મમાં જોડો અગર ન જોડો તો પણ એ તો વહેવાનું જ છે.

૮૫૬ ક્ષણેક્ષણે જિંદગી ઘટવાની છે માટે અધર્મથી જલદી બચવું અને ધર્મમાં તીવ્ર ઉદ્યમ કરવો.

૮૫૭ જીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષાદિ તત્ત્વોની માન્યતામાં જુદા જુદા મતો છે એટલે કે એમાં મતભેદો છે પણ 'મોત'ને અંગે જગતભરમાં બે મત નથી. અર્થાત્ 'મોત છે' એ સર્વને સ્વીકાર્ય છે.

૮૫૮ મરણ નહિ માનનારો એવો નાસ્તિક કોઈ નથી.

૮૫૯ જેમ ઘાટનું પાણી સદુપયોગમાં લો અગર ન લો તો પણ તે સ્થિર રહેતું નથી કિન્તુ ખારા પાણીમાં ભળીને ખારું થવાનું જ છે તેમ જિંદગીનો સદુપયોગ ન કરતાં તેને ચ્હાય તેટલી સાચવીએ તો પણ ફના થવાની જ છે.

૮૬૦ શરીર, કુટુંબ, ઋદ્ધિ વગેરે જીવને છોડે કે જીવ એ તમામને છોડે પણ વસ્તુતઃ છૂટવાનું છે એમાં ફરક નથી.

૮૬૧ જીવ માત્ર જીવવાની આશા રાખે છે પણ એમ આશા રાખવાથી જીવન મળી જતું નથી.

૮૬૨ ધન, માલ-મિલકત, કુટુંબ ઇત્યાદિનાં ખાસડાં તો દરેક ભવમાં ખાધાં છે, ટાલ સાજી રહી નથી! શ્રી સર્વજ્ઞ-વાચન રૂપી જેષ્ટિકા (લાકડી)નું આલંબન મળ્યું છે માટે રાજીનામું આપી દેવું એ જ બુદ્ધિમાનોનું કર્તવ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૬૩ જેનામાં પોતાનો સ્વાર્થ છે તેના રાજીનામાથી કોઈ રાજી નથી.

૮૬૪ જૈન ધર્મથી આત્મા વાસિત રહે એવું ગુલામીપણું પણ ભલે મળે !

૮૬૫ ભવાભિનંદીઓ ગમે તેવો પ્રલાપ કરે પણ ધર્મિષ્ઠોનું ધ્યેય તો તેઓના હિતનું જ હોવું જોઈએ.

૮૬૬ મનુષ્ય જો કાર્યનો મુદ્દો ભૂલી જાય તો 'હીરો ઘોઘે જઈ આવ્યો અને ડેલીએ હાથ દઈ આવ્યો એના જેવું થાય.

૮૬૭ જ્યાં પ્રવૃત્તિથી ફળ ભિન્ન હોય ત્યાં અનંતર કે પરંપર ફળમાં ભેદ હોય નહિ.

૮૬૮ પંચનમસ્કાર નામનો શ્રુતસ્કંધ સર્વ પાપનો નાશ કરનાર છે.

૮૬૯ ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે.

૮૭૦ શ્રી અરિહંત યદ્યપિ ત્રણ જગત્‌ના નાથ છે, મોટા છે, પણ એમની એ અનન્ય પ્રભુતા આપણને નમસ્કારદ્વારાએ જ ફાયદો કરે છે.

૮૭૧ જેઓ અરિહંતને આરાધતા નથી તેઓનું અરિહંતની સત્તા માત્રથી કલ્યાણ થતું નથી.

૮૭૨ સિદ્ધ ભગવાન, આચાર્ય મહારાજ, ઉપાધ્યાયજી અને સાધુ મહારાજા પણ આરાધનાથી જ ફળ દે છે.

૮૭૩ मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं સર્વ મંગલોમાં એ પંચ પરમેષ્ઠિ નમસ્કાર પ્રથમ મંગલ છે.

૮૭૪ ભાવમંગલ એટલે આત્માના સમ્યગ્‌દર્શનાદિ ગુણો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૭૫ પંચપરમેષ્ઠીની ભક્તિ તે કેવળ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના ધ્યેયથી જ કરવાની જ છે.

૮૭૬ જૈનશાસનમાં કર્મ સિવાય કોઈને સીધો શત્રુ ગણવામાં આવેલ નથી.

૮૭૭ જૈનશાસનમાં આદિથી અંતપર્યંત શત્રુ તરીકે કર્મ જ મનાય છે, કેમકે કષાયાદિ સર્વ તેનાં જ કાર્યો અને કારણો છે.

૮૭૮ જેને શાસ્ત્રને અભરાઈએ મૂકવાનું તથા બાળવાનું સૂઝે છે તેને સમ્યગ્દર્શનાદિ થયેલાં છે એમ શી રીતે માની શકાય ?

૮૭૯ જેઓ આરંભાદિમાં પડેલા હોય તેવાઓને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરાવનાર તથા તેઓનું રક્ષણ કરાવનાર શાસ્ત્ર નકામા લાગે તેમાં નવાઈ શી ?

૮૮૦ જે આસક્તો મિથ્યાત્વયુક્ત હોય તેમને તો ધર્મ અને અધર્મ બતાવનાર શાસ્ત્ર પણ કડવાં ઝેર જેવાં જ લાગે.

૮૮૧ આરંભાદિકમાં આસક્ત હોય છે તેઓ તો પાપને જ (પાપોને જ) તત્ત્વ ગણે છે.

૮૮૨ પ્રત્યક્ષ અને પરોક્ષ એ બન્ને પર ધ્યાન આપે તે જૈન.

૮૮૩ સાધર્મીને પાણી પાઓ ત્યાં દેખાવમાં અપ્કાયની વિરાધના થાય છે, પરન્તુ તેથી ધર્મનું ધર્મીદ્વારા બહુમાન થતું હોવાથી ફળથી આત્મકલ્યાણ જ છે.

૮૮૪ મરણને મહોત્સવ મારનાર જગતભરમાં જૈનશાસન એક જ છે.

૮૮૫ ચાર ગતિમાં ભ્રમણ કરનારા જીવો પર ઇચ્છા–મહેશ્વરીની સાર્વભૌમ સત્તા છે.

૮૮૬ ઇચ્છાઓનો અમલ કરનારો સંસારમાં સડે છે, જ્યારે ઇચ્છા પર કાપ મૂકનારાઓ સંસારનો અંત આણે છે.

૮૮૭ ચાર પુરુષાર્થમાં કામ અને અર્થ એ નામ માત્રથી અર્થભૂત છે, વસ્તુતઃ અનર્થભૂત છે.

૮૮૮ પ્રભુ મહાવીરનો અંતિમ સંદેશ એ જ છે કે– "ઇચ્છાઓ પર કાપ મૂકો !"

૮૮૯ ઇચ્છા પાછળ અંધ બનેલા આત્માની દશા દયામણી ભાસે તેમાં નવાઈ નથી.

૮૯૦ નાટક કે સિનેમાના અધિષ્ઠાતા કે અધિષ્ઠાત્રી જેમ નટ–નટીઓને સ્વેચ્છાનુસાર નચાવે છે, તેમ જગત્‌ના જીવોને આ સંસાર સ્ટેજ(રંગભૂમિ) ઉપર ઇચ્છા–અધિષ્ઠાત્રી નચાવે છે.

૮૯૧ પ્રભુવચન અનુસારે વર્તવાનું જેને ગમે છે તે જ ઇચ્છાની ગુલામગીરીને હઠાવી શકે છે.

૮૯૨ સંસારમાં રખડાવનારી બળવાનમાં બળવાન ચીજ ઇચ્છા છે.

૮૯૩ વૈરાગ્યના વિવિધ પ્રકારને પિછાન્યા વગર તેને અંગે મનગમતું અનુમાન બાંધી બોલવું તે બકવાદ છે.

૮૯૪ ઇચ્છાથી વિરમવું તેનું જ નામ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

૮૯૫ (કર્મથી) જિતાયેલાઓ, (ત્યાં) શિર ઝુકાવનારાઓ અને (તેને) નમવાવાળાઓ માટે શાસ્ત્રકારોએ "નામી" શબ્દ વાપર્યો છે તે ભૂલવા જેવું નથી.

૮૯૬ અનંતમો ભાગ સિદ્ધિએ ગયેલ છે તે સિવાયના તમામ જીવો કર્મ આગળ કંગાળ(રાંકડા) બની બહાવરા બન્યા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૯૭ કર્મરાજાની કારમી ગુલામગીરીના ખત ઉપર આ જીવે સહી કરી દીધી છે.

૮૯૮ મુલક દુશ્મને કબજે કર્યા પછી લોક(પ્રજા) બૂમ મારે તો કાંઈ વળે નહિ, તેવી જ રીતે કર્મરાજાએ આત્માનો મહાન્ મુલક કબજે કર્યો છે એટલે હવે પોકારો કરે કંઈ વળે નહિ; હવે તો યુક્તિ પુરસ્સર કાર્ય કરો.

૮૯૯ હિતાહિત કઈ વસ્તુમાં રહેલું છે એ સમજણના અભાવે આજે આપણે ગુલામગીરીમાં ગુંગળાઈએ છીએ.

૯૦૦ ઇચ્છાને દમવાની વાતો કરનારા બૂરા લાગે અને ઇચ્છાને પરિપૂર્ણ કરવાની વાતો કરનારા સારા લાગે, તેમાં રહેલું ઊંડું રહસ્ય સમજતાં શીખો.

૯૦૧ "સાતસો રોગોથી રિબાતો સનત્કુમાર ચક્રવર્તી સર્વવિરતિપણું લે તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે" આવું બોલનારા સમજ્યા વગર દુઃખર્ભિત વૈરાગ્યની છાપ માનનારા છે બલ્કે આંધળા છે એમ કહેવું અસ્થાને નથી.

૯૦૨ વર્ગીકરણમાં વ્યવસ્થિત કરેલા પુરુષાર્થનો પરમાર્થ પિછાણવાની પરમ આવશ્યકતા છે.

૯૦૩ ત્રિવર્ગસંસાધન એ પદથી શ્લોકના વાસ્તવિક પરમાર્થને પ્રકાશન કરવામાં કેટલાકોએ અન્યાય કર્યો છે.

૯૦૪ 'અર્થ' એટલે રૂપૈયાદિ પૈસો(દ્રવ્ય) અને 'કામ' એટલે મનુષ્યના ભોગવિલાસો આવો અર્થ કરવો એ અનર્થ છે.

૯૦૫ આત્મીય સુખનો સાચો અનુભવ તેનું નામ મોક્ષ.

૯૦૬ આત્મીય સુખપ્રાપ્તિનાં સાચાં સાધનો તે જ ધર્મ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૦૭ ચારે પુરુષાર્થ પૈકી 'અર્થ, કામ' મનુષ્ય માત્રે મેળવવા જ જોઈએ એવું શાસ્ત્રમાં કોઈપણ સ્થાને વિધાન નથી.

૯૦૮ અર્થ તથા કામ માટેનો આંધળીઓ ઉદ્યમ મનુષ્યને સળગતા સંસાર તરફ ધકેલે છે; જ્યારે ધર્મ તથા મોક્ષ માટેનો ધરખમ ઉદ્યમ તેને સળગતા સંસારમાંથી બચાવે છે.

૯૦૯ લોકસંજ્ઞામાં લેવાઈ(તણાઈ) ગયેલાઓને ભવરૂપ ભયંકર પર્વતની વાસ્તવિક ભયંકરતા ભાસતી નથી.

૯૧૦ સર્વવિરતિધર શુરા સરદારો ભવરૂપ ભયંકર પર્વતનું ઉલ્લંઘન કરે છે. બીજાઓમાં એ શુરાતન જ નથી.

૯૧૧ અનાદિ કાળથી લોકસંજ્ઞારૂપ સતત પ્રવાહમાં જે પામર મનુષ્યો તણાયા કરે છે એવાઓને લોકોત્તરસંજ્ઞાના સાચા સૂર પણ શૂળ રૂપે સાલે છે.

૯૧૨ સંસારની ભયંકરતાના ભણકારા પાંચમા ગુણસ્થાનક સુધી વાગે છે.

૯૧૩ ચોથે ગુણઠાણેથી લોકસંજ્ઞાનું ખસવું થાય છે.

૯૧૪ પાપને પાપ તરીકે સ્વીકારવાની બુદ્ધિ થવી એ મુશ્કેલ છે, પણ પાપ કરતી વખતે પાપને પાપ તરીકે સ્વીકારવાની અને પાપથી વિરામ પામવાની બુદ્ધિ આવવી તે એથી એ મુશ્કેલ છે.

૯૧૫ પૌદ્‌ગલિક સુખના અનુભવનું જ નામ કારમો અનુભવ !

૯૧૬ પૌદ્‌ગલિક સુખનોમાં સંડોવાવું તેનું નામ અર્થ !'

૯૧૭ 'જે ક્ષણે સમ્યકૃત્વ તે જ ક્ષણે જ્ઞાન અને જે ક્ષણે મિથ્યાત્વ તે જ ક્ષણે અજ્ઞાન' એ નિયમને સ્વીકારનારાઓ સમ્યકૃત્વનું સારી રીતે રક્ષણ કરી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૧૮ શાસનની વફાદારી જૈન-શાસ્ત્રોને અવલંબેલી છે એ ભૂલતા નહિ !

૯૧૯ પૂર્વે તીર્થંકરો હતા, ગણધર ભગવંતો હતા, પૂર્વધરો હતા, શાસનના ધુરંધરો હતા, શાસનના સંચાલકો હતા, શાસનના સુભટો હતા; એ તમામ વિષે ખાત્રી કરવી હોય તો શાસ્ત્રોને સ્વીકારવાં પડશે.

૯૨૦ જે ચોર, લૂટારુ, અને ધાડપાડુઓની ચાલાકી, અક્કલ અને હુંશિયારી શ્રાપ સમાન હતી છતાં તે જ વ્યકિતઓની ચાલાકી, અક્કલ અને હુંશિયારી આશીર્વાદરૂપ થઈ તે કારણને તમારા હૃદયકમલમાં દૃઢીભૂત કરો.

૯૨૧ સર્વજ્ઞપણે પ્રસિદ્ધ થયેલા (ઇંદ્રભૂતિ)ને પંચાવન વર્ષે પોતાની પ્રવૃત્તિ છોડતાં શરમ ન લાગી. આજે દશ-વીશ વર્ષની પ્રવૃત્તિના પવનમાં ઘસડાયેલાઓને એ ખોટી જાણવા છતાં, તેમાં ગોંધાઇ રહેવું ગમે તે પણ કર્મની બહુલતાને આભારી છે.

૯૨૨ હીરો માનીને લાખ રૂપિયા ખર્ચીને ખરીદાયેલ નંગ જ્યારે કાચ તરીકે માલમ પડે ત્યારે સાચો ઝવેરી બજારમાં તે કાચને હીરો કહેવરાવવા માટે ન મથે.

૯૨૩ ખોટો રૂપિયો, ખોટી નોટ માલૂમ પડે એટલે ચલણ તરીકેનો વ્યવહાર હરકોઈ નહિ સ્વીકારે તેવી તેની દશા કરો, નહિ તો આજની દુનિયામાં સરકારના ગુનેહગાર થશો; તેવી જ રીતે સમ્યક્ત્વથી સરકેલાઓને શાસનસેવકો સ્વીકારે નહિ તેવી પ્રવૃત્તિને અમલમાં મૂકો, નહિ તો શાસનના ગુનેહગાર થશો.

૯૨૪ દરેક શ્રાવક ભવિષ્યમાં શ્રાવકકુળમાં ઉપજવાની પ્રાર્થના કરે છે. શ્રાવકકુળની મહત્તા અનિર્વચનીય છે, માટે પૂર્વભવમાં અવ્યક્તપણે પણ દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનારા અજાણુ આત્માઓ તમારે ત્યાં જન્મ્યા છે તેમને વિરાધનાના માર્ગે દોરીને વિશ્વાસઘાત ન કરો !

૯૨૫ પૂર્વભવના પૂરા અભ્યાસી અને પૂર્ણ ભાગ્યવાનો પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ રત્નત્રયીના આચારને સહેજે સ્વીકારે છે.

૯૨૬ ચક્રવર્તીના ચોપડામાં 'હાર' શબ્દ ન હોય છતાં એ 'હાર' શબ્દ શ્રવણુ કરવા ચક્રવર્તી ભરત મહારાજા હરદમ તૈયાર હતા એ બીના યાદ રાખી છે ?

૯૨૭ સ્પર્શેન્દ્રિયના સ્વપ્નવત્ સુખમાં સપડાયેલાઓને બ્રહ્મચર્યની કિંમત સમજાતી નથી.

૯૨૮ વિષયવાસનાથી વિંધાયેલો, અબ્રહ્મની આંધળી રમતમાં કેટલા જીવોનું ખૂન કરે છે તેની નોંધ રાખનારું ખાતું, આ જીવે ખાતાવહીમાં ખોલ્યુંજ નથી !

૯૨૯ શીયળવંતીની પાછળ પડેલા સેંકડો ગુંડાઓને પવિત્ર શીયળની કિંમત સમજનારી શીલવંતી (સતી) ધૂળ ફકાવે તો પછી દીક્ષાદેવીની પાછળ પડેલા પાપાત્માઓને, દીક્ષાની કિંમત સમજનારા દીક્ષાર્થીઓ પોક મુકાવે તેમાં તમને શું આશ્ચર્ય લાગે છે !

૯૩૦ સુરતનો વાંદરો મુંબઈ, મુંબઈનો વાંદરો કલકત્તા વગેરે સ્થાને જાય; પણુ મનમર્કટની મુસાફરી એવી તો અજબગજબ છે કે તેનું માપ કાઢવું અતિ મુશ્કેલ છે.

૯૩૧ મોહને મહાત કરનાર મહારથીઓની અલ્પ સંખ્યા પણુ આજે કેઈકને અકળાવી રહી છે, તેનું વાસ્તવિક કારણુ તપાસો.

૯૩૨ વીશ નંબરના સુતરને પહેરનારો એંસી નંબરના સુતરને સુતર ન કહે ત્યારે સમજવું કે વીશ નંબર તથા એંસી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નંબરનો તફાવત, તે પહેરનાર સમજ્યો જ નથી; તેવી રીતે ધર્મની સામાન્ય બાબત સમજનારાઓ ધર્મની બારીક વાતોનો સર્વથા ઇન્કાર કરે તે વખતે, ધર્મી તરીકેનો દાવો કરનાર તેમને શાસ્ત્રના જ્ઞાતાઓ ધર્મસ્વરૂપના અજાણ કહી દે તેમાં નવાઈ નથી.

૯૩૩ ભગવાનની સ્થાપના(પ્રતિમા)ને ઉઠાવનારાઓ નારકીઓનાં ચિત્રામણો દેખાડી શ્રોતાઓને ફસાવે છે, પરન્તુ વસ્તુતઃ સ્થાપનાનો સ્વીકાર કરે છે; છતાં ય શ્રોતાઓ તે સમજી શકતા નથી એ પણ તે વક્તાઓની ભેરી વાગ્જાળ છે.

૯૩૪ ભાષા ભણ્યા પછી યોગ્ય રીતિએ વાંચતાં, લખતાં અને બોલતાં આવડે પણ ભગવાન્ ભાષ્યકારાદિના ભાવોનું સ્પર્શન(વાસ્તવિક ગ્રહણ) તો ભાગ્યશાળીઓ પામે છે.

૯૩૫ શાસ્ત્રના એક વિભાગનું વ્યાખ્યાન કરતાં વ્યાખ્યાતાએ શાસ્ત્રના સમસ્ત વિભાગને લક્ષ્યમાં રાખવાની જરૂરિયાત છે.

૯૩૬ શાસ્ત્રના એક વાક્યને શાસ્ત્રાધારે સમજાવતાં વ્યાખ્યાનકારો શાસ્ત્રનાં બીજાં વાક્યો અને શાસ્ત્રકારોના આશયને લેશભર બાધા પમાડતા નથી.

૯૩૭ નિર્વેદની નિર્મળ વિચારણામાં ઝોકાં આવે તેને સંવેગના સૂરની કિંમત સમજાતી નથી.

૯૩૮ જે વસ્તુ કારણ વગર બનનારી હોય તેનો નાશ ત્રણ કાળમાં થઈ શકતો નથી અર્થાત્ તે વસ્તુ નિત્ય છે.

૯૩૯ છ દ્રવ્યો કોઈ પણ કારણથી બનેલાં નથી માટે તે નિત્ય છે.

૯૪૦ 'મોક્ષ પામ્યા, પામે છે અને પામશે' એ જ વાક્ય આ આત્માની રખડપટ્ટીની સાબિતી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૪૧ 'મોક્ષ' નામનું તત્ત્વ માન્યું તે સકારણ છે. એ શી રીતે તે સમજતાં શીખો.

૯૪૨ જીવના વાસ્તવિક સ્વરૂપનું નામ 'મોક્ષ' કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી.

૯૪૩ સઘળી ધાર્મિક પ્રવૃત્તિઓ મોક્ષ પર અવલંબેલી છે.

૯૪૪ લૌકિક આસ્તિકયમાં આસમાન-જમીન જેટલું અંતર છે.

૯૪૫ જીવને માનવા માત્રથી, પુણ્ય-પાપ પિછાણવા માત્રથી, નરક-સ્વર્ગ સમજવા માત્રથી જૈન-આસ્તિક્ય નથી.

૯૪૬ ભાવદયાનાં નિર્મળ ઝરણાં ઝરાવવા તથા વહેવડાવવા માટે જૈનદર્શન જગતમાં જન્મ્યું છે એ વાતને વિસારતા નહિ.

૯૪૭ 'ભૂખ લાગી હોય ત્યારે ભૂખ્યા રહેજો, દુઃખના દરિયામાં ડુબી મરજો, દુશ્મનની સામે ઉંચી નજરે નિહાળશો નહિ, ઉઘાડા પગે ચાલજો, અસ્ખલિત વિહાર ચાલુ રાખજો, અંતસમયે અનશન કરજો! આવી અનેકવિધ કાર્યવાહીની આજ્ઞાઓ જુલમગાર નથી ગણાતી તેનું કારણ એ કાર્યવાહીઓ ભાવદયાની સિદ્ધિ માટે અજબ છે, અમોઘ છે.

૯૪૮ ભાવદયાનું તત્ત્વ ખસી જાય તો જૈનદર્શન જુલમગાર ઠરે!

૯૪૯ 'દ્રવ્યદયા' એ સ્વભાવિક ચીજ છે. તેનો ઇજારો કોઈએ રાખ્યો નથી.

૯૫૦ સ્વાભાવિક દ્રવ્યદયાને દફનાવનાર જગતભરમાં તેરાપંથીઓ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૫૧ દ્રવ્યદયા અને ભાવદયાની હરિફાઈમાં દ્રવ્યદયાનો ભોગ આપી ભાવદયાનું અને તેનાં ભવ્ય કારણોનું રક્ષણ કરતાં શીખો.

૬૫૨ ભવાભિનંદી જીવોને દુઃખ વેઠીને પણ ચાર ગતિના ચકડોળ પર ચઢવું ગમે છે.

૬૫૩ ચકડોળ ફરતું ત્યારે જ બંધ થાય કે જયારે આ આત્મા ચકડોળના ભ્રમણના કારણભૂત કર્મરૂપ કળને શોધી ખીંચી કાઢે, ફેંકી દે.

૬૫૪ ચારગતિના ચકડોળ પૈકી એક મનુષ્યગતિના ચક્કર પર મ્હાલતા અને મૂછ મરડતા મનુષ્યને કારમી કર્મસત્તાનું ભાન રહેતું નથી.

૬૫૫ સંયમધરો સંયમાદિના રક્ષણ માટે અભેદ્ય કિલ્લા રૂપ અપવાદનો આશ્રય લે છે.

૬૫૬ અપવાદમાર્ગના જાણકારો અને તે માર્ગને આચરનારાઓ પણ પ્રભુમાર્ગના અવિહડ રાગી હોય છે, માટે અપવાદ માર્ગની અવગણના સ્વપ્નમાં પણ ન થવી જોઈએ.

૬૫૭ અપવાદમાર્ગને સગવડીઓ પંથ કહી દેવો એ પ્રભુમાર્ગની અવગણના છે.

૬૫૮ જગતભરમાં એવો એક પણ ગુણ નથી કે જેને (જે ગુણને) દુર્જને દુષિત ન કર્યો હોય!

૬૫૯ વિશ્વવંદ્ય મુનિગણને માનનારાઓની સંખ્યા અતિ અલ્પ હોય છે. વિશ્વમાં મુનિઓની સંખ્યા અતિ–અતિ અલ્પ હોય છે. ખાણમાં રત્નો અલ્પ જ હોય. ખાણમાં પત્થરો જ હોય ત્યાં એની સંખ્યાનું પૂછવું જ શું! પરન્તુ મોટી સંખ્યા સુજ્ઞના મગજને મુઝવતી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૯૦ દુષ્કાળ એ ખરાબમાં ખરાબ કાળ છે પણ ભાગ્યવાનો માટે તો દાનાદિદ્વારાએ પુણ્યભંડાર ભરવાનો એ સોનેરી અવસર છે.

૯૯૧ અલબત કંગાળો પોતાનાં કૃતકર્મથી રિબાય છે પણ આપણે માટે તો તે સંસારસમુદ્રથી તરવાનાં તુંબડાં છે; માટે દાન કરો! દાન કરો!!

૯૯૨ 'पढमं नाणं तओ दया' એ પદનો પારમાર્થિક ભાવ જાણવામાં આવે તો ક્રિયાની અવગણના સ્વપ્નમાં પણ ન થાય.

૯૯૩ 'પહેલું ઝાડ અને પછી ફળ' એ જગપ્રસિદ્ધ નિયમને નિહાળનારો ખેડુત કેવળ ઝાડની ઝંખના કરતો નથી; તેવી રીતે 'પહેલું જ્ઞાન અને પછી ક્રિયા' એ સાંભળીને આત્મહિતાર્થી આત્મા, જ્ઞાનની ઉપયોગિતા સ્વીકારીને પણ દયાને સ્વપ્નમાં પણ દફનાવે નહિ.

૯૯૪ વર્તનના યથાર્થફળની પ્રાપ્તિ માટે જ્ઞાનની અત્યંત ઉપયોગિતા શાસ્ત્રકારોએ સ્વીકારી છે, એ ભૂલવા જેવું નથી.

૯૯૫ ક્રિયા એવી કરો કે તે દ્વારા મળેલું ફળ જાય જ નહિ.

૯૯૬ 'ચરમાવર્ત અને ચરમભવ વિગેરેના નિર્ણય વગરની કરાતી ક્રિયાઓ નિષ્ફળ છે' એવું બોલનારાઓ વસ્તુતઃ શાસ્ત્રથી નિરપેક્ષ છે.

૯૯૭ તિજોરીમાં ભરેલો માલ શરીર કરતાં વધુ કિંમતી ગણાય છે પણ તિજોરીને કે તિજોરીમાં રહેલા માલને શેઠ કહેનાર જગત્‌માં કોઈ નથી; તેવી જ રીતે ભાંગ્યું-તૂટયું જ્ઞાન નાશવંત શરીર કરતાં કિંમતી છે છતાં તે બન્નેય (તે જ્ઞાન તથા શરીર) આત્મા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૬૮ સંસારરસિક આત્માઓ સાંસારિક ફળપ્રાપ્તિ માટે જ્ઞાનને ઉપયોગી માને છે; તેવી રીતે 'સ્વર્ગ, અપવર્ગ(મોક્ષ) વગેરે પ્રાપ્તિનું સાધન જ્ઞાન છે' એ કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી.

૯૬૯ દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનના આત્માને પ્રકૃષ્ટ પુણ્યનો સંભાર તો ચ્યવન કલ્યાણકથી જ છે, પણ તેનો સંપૂર્ણ ભોગવટો કેવલીપણામાં છે.

૯૭૦ ધર્મ ધર્મીમાં રહે છે માટે ધર્મીની અવગણના કરવાની શાસ્ત્રકારો મનાઈ કરે છે.

૯૭૧ જૈનશાસનનો ઉદ્દેશ એટલો વિશાળ છે કે જેની વ્યાખ્યામાં પૂર્વમહર્ષિઓએ પોતાના સમગ્ર જીવન સમર્પણ કર્યાં છે.

૯૭૨ સંસારની રખડપટ્ટીથી બચાવનાર ધર્મ છે માટે ધર્મ, ધર્મી અને ધર્મનાં સાધનોની પાછળ તમારી જિંદગી સમર્પણ કરો!

૯૭૩ દેવ, ગુરુ એ બે તત્ત્વ રખડપટ્ટીથી બચાવનાર ખરાં, પણ સીધા હાથ ઝાલીને બચાવતાં નથી. જેમ ચક્રવર્તી અને વાસુદેવાદિ દારિદ્ર ફિટાવનારા ખરા, પણ ધનદ્વારાએ; તેમ દેવાધિદેવો તથા ત્યાગી ગુરુવર્યો પણ ધર્મ(શ્રુતચારિત્ર રૂપ)દ્વારાએ રખડપટ્ટી રૂપ દારિદ્રનો નાશ કરે છે.

૯૭૪ આંધળાઓ ઇચ્છિત નગરે પહોંચે તેમાં મહિમા દેખનારાઓનો છે, તેવી રીતે 'ઇષ્ટસ્થાન મોક્ષે જવામાં તારક દેવોનો મહિમા છે' એવું કહેવામાં જેઓને સંકોચ થાય છે તેઓ પરોપકારને પિછાણતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૭૫ 'न विना तित्थं नियट्ठेहिं' એ વાકયને વિચારીને શ્રમણોપાસક વર્ગ વર્તનમાં મૂકે તો શ્રમણસંઘ પ્રત્યેનો અણગમો (જે ખોટો છે તે) સહેજે દૂર થાય.

૯૭૬ 'શ્રમણ સંઘના વિચ્છેદ સાથે શાસનનો વિચ્છેદ થશે' એ વાકયના પરમાર્થથી સમગ્ર જનતાના ઝેરનું નિવારણ કરો.

૯૭૭ ત્યાગીને તિરસ્કારનારાઓ ત્યાગને તિરસ્કારે છે એટલું જ તેઓને યાદ કરાવો.

૯૭૮ જગતમાં અસ્ખલિતપણે ચાલી રહેલાં જુગારખાનાઓ ચોરી, ડોંગાઈ, ધાડ પાડવી વગેરે કાર્યો પણ ઊંડી સમજણ-(તે પ્રકારની)ને આભારી છે, માટે આ સંસારસાગરમાં પાપમય સમજણ અર્થાત્ તેવું પણ જ્ઞાન છે; અને તેથી વિમુખ થનારાઓ સંસારસાગરનો પાર પામે છે તે તાત્ત્વિક જ્ઞાન (સમજણ) ને આભારી છે. માટે જ ડુબાડનાર જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોનો પ્રથમ સમ્યગ્ વિવેક કરવો આવશ્યક છે.

૯૭૯ પાંચ અનુત્તર દેવલોક તથા સિદ્ધિ આ બે સ્થાનો જ્ઞાની માટે રજિસ્ટર્ડ(નિયત) છે. અજ્ઞાનીઓ ચ્હાય જેટલી ઉથલપાથલ કરે પણ તે બે સ્થાનોએ જઈ શકે નહિ.

૯૮૦ અજ્ઞાનીઓ નવગ્રૈવેયક સુધી જઈ શકે છે. તેઓ ઉપરના સ્થાનોમાં કેમ જઈ શકતા નથી તેનું વાસ્તવિક કારણ તપાસતાં શીખો.

૯૮૧ જ્ઞાનીઓ જ્ઞાનદ્વારાએ અજ્ઞાનનો અંધાપો દૂર કરી બીજા અનેક ફાયદાઓ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય કેળવે તેમાં શંકાને સ્થાન નથી.

૯૮૨ પુત્રની જરૂરિયાત સ્વીકારનારા પિતાઓ જેમ તેમને સુપુત્ર બનાવવા માટે હરદમ ઉદ્યમી હોય છે, તેમ (તેવી રીતે)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનની જરૂરિયાત સ્વીકારનારા આત્માર્થીઓ પણ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન બનાવવા માટે હરદમ ઉદ્યમી હોય છે.

૯૮૩ પુત્રને સુપુત્ર બનાવવા માટે અનુભવી અધ્યાપકની આવશ્યકતા છે, તેમ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન બનાવવા માટે મહાત્માની જરૂરિયાત સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી.

૯૮૪ ક્ષયોપશમની મદદથી જ્ઞાનની અને કર્મના ઉદયથી પુત્રની ઉત્પત્તિ માત્રથી રાજી ન થાઓ પરંતુ તેને સુપુત્ર બનાવવામાં તો સુશિક્ષકની આવશ્યકતા છે.

૯૮૫ બારેય દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર તેમ જ સિદ્ધશિલા એ સમગ્ર સ્થાનો સંજ્ઞીપંચેન્દ્રિયપણાવાળા જીવોએ ભરી દીધાં છે.

૯૮૬ જેવી રીતે રોગી વૈદ્યની અત્યન્ત ચાહના રાખે છે તેવી જ રીતિએ અજ્ઞાની પણ જ્ઞાનની તીવ્ર ચાહના રાખે છે.

૯૮૭ લાંબી મુદત સુધી જ્ઞાની, જ્ઞાન અને જ્ઞાનનાં સાધનોની અનુમોદના માત્ર કરનારા અજ્ઞાનીઓ પણ જ્ઞાની થઈ ગયાનાં સેંકડો દ્રષ્ટાંતો શાસ્ત્રમાં વિદ્યમાન છે.

૯૮૮ બહુમતિવાળા સમુદાયના બાહુનું બળ કે અલ્પમતિવાળાઓની આડખીલી પ્રભુશાસનમાં લેશભર ચાલતી નથી અને ચાલશે પણ નહિ, કારણ કે સમુદાય ન્હાય અલ્પ હોય કે મોટો હોય તે અત્ર જોવાનું નથી, પરન્તુ વિદ્યમાન આગમની નિશ્રા સ્વીકારનાર સમુદાય કયો છે એ જ સર્વત્ર, સર્વદા, સર્વથા જોવાની જરૂર છે.

૯૮૯ નાટ્યકારોએ નાટકને દુનિયાના દર્પણ તરીકે ભલે જાહેરાત કરી હોય પરન્તુ વસ્તુતઃ તે બદીની નિશાળ છે. નાટક એ નાટ્યકારોનો ધંધો છે એટલું જ કહેવું બસ છે!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯૯૦ પ્રભુ માર્ગના પૂજારી શ્રીકૃષ્ણ મહારાજા પોતાની પ્રત્યેક પુત્રીને તેણીની પરણવા યોગ્ય વયના પ્રસંગે પ્રશ્ન કરે છે કે 'રાણી થવું છે કે દાસી!' આવા પ્રશ્નકાર વાસ્તવિક વાત્સલ્યધારી પિતાઓની પરમ આવશ્યકતા છે.

૯૯૧ દીક્ષાપ્રદાન કર્યા બાદ શિષ્યોનું સૂત્રાનુસાર પાલન કરનારા મુનિવરો એટલે કે પ્રભુમાર્ગના પૂજારીઓ પ્રત્યનીક થતા નથી.

૯૯૨ આચાર્યોએ પરમાર્થ નહિ સમજાવેલા શિષ્યો આ લોક તથા પરલોક સંબંધી વિરુદ્ધ આચરણ કરે તેથી દવ-નુકશાનની જે પરંપરા વૃદ્ધિ પામે તે માટે તે આચાર્યો પણ જવાબદાર છે.

૯૯૩ અધમ પ્રવૃત્તિને આચરનારા શિષ્યોની આચરણાથી જૈનશાસનની થતી અપભ્રાજના દૂર કરવા ગચ્છનાયકોએ કટિબદ્ધ થવાની જરૂર છે.

૯૯૪ શિખામણ અપાયેલા શિષ્યો ઉલ્લંઠ થઈને પાપમય કાર્યવાહી કરે તો તેને અંગે લેશ પણ દોષના ભાગીદાર આચાર્યો નથી.

૯૯૫ 'ઉત્સર્ગપદે અને અપવાદપદે દીક્ષાના ઉમેદવારોને દીક્ષા આપી શકે છે એ શાસ્ત્રવચનના રહસ્યને સમજતાં શીખો.

૯૯૬ 'સંયોગ અવશ્યમેવ વિયોગ માટે જ છે' એમ જાણવા છતાં પણ વિયોગ-પ્રસંગે બહાવરા બની હાયવોય શા માટે કરો છો!

૯૯૭ ધન-કણ-કંચન, કામિની, પુત્ર પરિવાર, આબરૂ વગેરે દુનિયાદારીની તમામ ચીજો સંસ્કારથી સુધારીને તેનું સંરક્ષણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી શકાય છે, પરન્તુ આયુષ્ય કોઈપણ સંસ્કારથી સંરક્ષિત થતું નથી એ ઘડીભર ભૂલશો નહિ.

૯૯૮ અસંસ્કારિત જીવનને જાણીને (પિછાણીને), જીવજીવન જીવતાં શીખો.

૯૯૯ ગુણસંપન્ન જીવો જ ગુણની અધિકતાને સાધનારા હોય છે.

૧૦૦૦ ભવાભિનંદી જીવોને ભગવંતનું એકાંત હિતકર વચન પણ હિતકર થતું નથી!

૧૦૦૧ જે રીતે મલિન વસ્ત્રમાં કંકુનો રંગ ભળતો નથી તેવી રીતે ભારેકર્મી જીવોના હૃદયમાં શ્રીજિનવચનનો પરમાર્થ પરિણમતો નથી.

૧૦૦૨ 'દીક્ષા પ્રત્યે રાગ માત્રથી જ, તેના ઉમેદવાર દીક્ષાને યોગ્ય ગણાય છે' એમ 'ધર્મસંગ્રહ'કાર કહે છે.

૧૦૦૩ 'ધર્મબિંદુ,' 'પંચવસ્તુક' અને 'ધર્મસંગ્રહનાં વાક્યો પરસ્પર વિરોધી ન બને તથા શાસ્ત્રકારો ઊંડો આશય ગ્રહણ કરાય, સંરક્ષાય તેવી સાવધાનગીરીથી સમ્યક્ પ્રકારે વિચારો અને તદનંતર વાણીમાં અને વર્તનમાં મૂકો.

૧૦૦૪ અસાધ્ય રોગથી રિબાતા રોગીની દવા કરનારો વૈદ નાહક રોગીને દુઃખમાં પાડે છે અને પોતાના આત્માને પણ દુભવે છે. તે જ રીતે 'ભવરોગ પણ અસાધ્ય છે' આવું કહીને ખોટો બચાવ ન કરો.

૧૦૦૫ સરાણે (શરાણ ઉપર) ચઢેલા હીરાઓ મુગટની શોભામાં વધારો કરે છે, તેવી રીતે પરિષહ રૂપ સરાણે ચઢેલા અને ઉપસર્ગની કસોટીએ કસોટી કરાયેલા અને તેમાં પસાર થયેલા આત્માઓ શાસનની શોભામાં વધારો કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૦૬ રજોહરણ, મુહપત્તિ આદિ ધર્મસાધન સિવાયની વસ્તુમાં મૂર્છા તે બાહ્ય પરિગ્રહ.

૧૦૦૭ મિથ્યાત્વાદિ એ વસ્તુતઃ અભ્યંતર પરિગ્રહ છે.

૧૦૦૮ 'પરિગ્રહ' શબ્દમાંના परि ઉપસર્ગના પરમાર્થને નહિ પિછાણનાર દિગમ્બરમતાવલંબીઓ ઉપકરણોને અધિકરણો તરીકે જાહેર કરે છે. આથી તેઓ વિદ્વત્પરિષદમાં હાંસીપાત્ર ઠરે તેમાં નવાઈ શી ?

૧૦૦૯ પ્રવ્રજ્યા, નિષ્ક્રમણ, સમતા, ત્યાગ, વૈરાગ્ય, ધર્માચરણ અહિંસા અને દીક્ષા: પાવનકારી પારમેશ્વરી પ્રવ્રજ્યાના એકાર્થિક આ નામોના પરમાર્થને સમજનાર દીક્ષાનો વિરોધ કરી શકતો નથી.

૧૦૧૦ શિષ્યના પ્રમાદને અને પ્રમાદકાર્યને દૂર કરનારા પરમ ગુરુવર્યો ગુરુપદને શોભાવે છે.

૧૦૧૧ સંસારમાંના અનાદિકાળના પ્રમાદમય અભ્યાસ યોગે થતી સ્ખલનાઓની પરંપરાના સપાટામાં શિષ્યવર્ગ સપડાયો છે.

૧૦૧૨ સ્ખલનાને માત્ર નિમિત્તરૂપ ગણી શિષ્યના દુષ્ટ-પણાને અંગે ભવભીરુ ગુરુવર્યોએ ઉદ્વેગ કરવો તે અસ્થાને છે.

૧૦૧૩ સારા અર્થાત્ જાતિવંત અશ્વને કેળવનાર સારથિઓ સંસારમાં સેંકડોની સંખ્યામાં છે, પણ દુષ્ટ એટલે કે હીન જાતિવંત ઘોડાને કેળવનારા સહનશીલ સમજુ અને અનુભવી સારથિઓ તો ઘણીજ અલ્પ સંખ્યામાં હોય છે; તેવી જ રીતે સામાન્યકુલોત્પન્ન અજ્ઞાન અણસમજુ એવા છતાં પ્રવ્રજિત શિષ્યોને કેળવનારા સહનશીલ, સમર્થજ્ઞાતા, સ્વ–પર–હિતચિન્તક તથા તથાવિધ અનુભવી સારથિઓ અતિ અલ્પ સંખ્યામાં હોય તેમાં આશ્ચર્યને સ્થાન નથી.

૧૦૧૪ વિનીત શિષ્યોને પ્રભુમાર્ગમાં પ્રયાણ કરાવવાના કાર્ય કરતાં પ્રમાદી શિષ્યોને પ્રભુમાર્ગમાં પ્રેરણાપૂર્વક પ્રયાણ કરાવવાનું કાર્ય ઘણું જ કપરું છે, મુશ્કેલ છે, અને તેથી જ શાસનહિતચિંતક આચાર્યવર્યો તીર્થંકર તુલ્ય ભાવાચાર્યની ભાવવાહી કાર્યવાહીને કુશળતાપૂર્વક સેવી રહ્યા છે એવું યશોગાન અનેક પૂર્વાચાર્યોએ સ્થાને સ્થાને કર્યું છે.

૧૦૧૫ દુઃખથી ડરનારા તથા ડરીને દૂર દોડનારા તથા સુખની ઇચ્છા ધરાવનારા તથા તેને માટે સતત દોડધામ કરનારા તો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો હોય છે. સમ્યક્ત્વી જીવ તેવા ધ્યેયને ગૌણ કરી, બાહ્ય સુખનો ત્યાગ કરવા તથા બાહ્ય દુઃખને વેઠી લેવા પણ તૈયાર થાય છે, તેમાં આત્મસ્વરૂપનો વિકાસ જ ધ્યેય હોય છે.

૧૦૧૬ સમ્યગ્દૃષ્ટિ જીવો પરમાર્થને જાણનાર હોવાથી સદ્ગતિ દુર્ગતિદાયક, સુખદુઃખકારક બંધાતા અઘાતિ કર્મોનો ડર રાખતા નથી પરન્તુ ખુદ આત્માના ગુણોનો વિનાશ કરનાર ઘાતિકર્મોનો ભય ધરાવે છે.

૧૦૧૭ અઘાતિકર્મનો ઉદય માત્ર પુદ્ગલમાં જ ફાયદો કે નુકશાન દેખાડે છે. (આત્મામાં કવચિત્ ફેરફાર થાય પણ તેનો વિપાક સીધો પુદ્ગલ ઉપર જ છે.)

૧૦૧૮ ઘાતિકર્મનો ઉદય આત્માના ગુણ ઉપર જ અસર કરે છે. આત્મામાં અસર કર્યા પછી કથંચિત્ પુદ્ગલ ઉપર પણ અસર થાય પણ અઘાતિની અસર તો સીધી પુદ્ગલ ઉપર જ છે.

૧૦૧૯ 'ઘાતિ' વિશેષણ જ, જ્ઞાનાવરણીયાદિ કર્મોનું ભયંકરપણું જણાવવા પૂરતું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૨૦ તત્ત્વથી વિચારવામાં આવે તો તો વેદનીયાદિ કર્મને લાગેલું 'અઘાતિ' વિશેષણ નિર્વિષ સર્પની માફક નિર્ભયતા જણાવનારું છે

૧૦૨૧ જ્ઞાનાદિ ગુણો રોકનારાં ઘાતિ કર્મના બંધાદિ કરતાં અઘાતિના ઉદયથી થતાં દુઃખાદિકથી સમ્યગ્દૃષ્ટિ આત્માને તેવો ભય હોતો નથી, એ સ્વાભાવિક છે.

૧૦૨૨ 'ઘાતિ' શબ્દ 'हन्' ધાતુ ઉપર 'णिन्' પ્રત્યય લાવીને બનાવેલો છે તેથી ઘાતિકર્મો આત્માના ગુણોનો જરૂર ઘાત કરનારા જ છે એમ જણાવે છે.

૧૦૨૩ પાટલિપુત્રમાં 'શ્રુતસંમેલન' માટે સંમિલિત (એકઠો થયેલો) સંઘ તે કેવલ શ્રમણનો સમુદાય હતો.

૧૦૨૪ શ્રીવજ્રસ્વામીજીએ પુરિકાપુરી નામની નગરીએ લઈ જવાયેલો સંઘ શ્રમણ(સાધુ)ના સમુદાય રૂપ જ હતો, તેથી જ શય્યાતર કુંભકારને તે પટ ઉપર ચઢવા માટે ચોટલી કાપી સાધુતા સ્વીકારવી પડી હતી.

૧૦૨૫ ગોષ્ઠામાહિલને વંદનાદિ બાર પ્રકારના રિવાજને બંધ કરી સંઘ બહાર મેલનારો સંઘ પણ સાધુના સમુદાય રૂપ હતો.

૧૦૨૬ શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞાને અનુસરનારો શ્રાવકનો સમુદાય તે ચતુર્વિધ સંઘના હિસાબે એક ભાગ (વિભાગ) છે પણ તેઓ પોતે તો શ્રમણ સમુદાયની સેવાથી જ પોતાની કૃતાર્થતા માનનારા હોય છે, તેથી તેઓ પોતાને શ્રમણોપાસક ગણાવવામાં જ ધન્ય માને છે, અહોભાગ્ય! માને છે, તેવાઓ કદાપિ ભયંકર સર્પ જેવા હાડકાના માળા જેવા કે ગણાતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૨૭ કોઈપણ શાસ્ત્રમાં એવો લેખ નથી કે કોઈપણ શ્રાવક સમુદાયે કેવળ પોતાને જ સંઘ માની કાર્ય કર્યું હોય. સંઘપતિ વગેરે શબ્દો સંઘની રક્ષાને લઇ ને જ પ્રવર્તેલા છે, પણ સંઘની સ્થાપના કે માલિકીની અપેક્ષાએ પ્રવર્તેલા નથી.

૧૦૨૮ વંદનાદિ બાર પ્રકારના વ્યવહારથી રહિત શ્રાવકને પણ સંઘ બહાર કરવાનું કાર્ય તો ચાલુ કાળમાં પણ સાધુઓની આજ્ઞાથી જ થયેલું છે.

૧૦૨૯ આચારાંગાદિ બારેય અંગો અને તેનાં અધ્યયનો વગેરે અર્થથી શાશ્વતાં છે પણ શબ્દથી તેવાં નથી, તેથી જ જે જે તીર્થમાં શ્રી ગણધર મહારાજા દ્વાદશાંગીની રચના કરે તે તે તીર્થમાં, અધ્યયનોમાં આવતાં દ્રષ્ટાંતો ત્યાં સુધી પહેલા તીર્થનાજ ચાલુ રહે કે જ્યાં સુધી તે તીર્થમાં તેવાં તેવાં દ્રષ્ટાંતો બને નહિ. આ જ કારણથી શ્રી વીર ભગવાનના તીર્થનાં દ્રષ્ટાંતો અને કેટલાંક શ્રી પાર્શ્વનાથ આદિકનાં એટલે બીજા તીર્થંકરોના તીર્થનાં દ્રષ્ટાંતો પણ દેખાય છે.

૧૦૩૦ પંચનમસ્કાર મંત્ર શબ્દ અને અર્થ બંનેથી શાશ્વતો માનવો યોગ્ય છે. કેમકે જો તેમ ન માનીએ તો પૂર્વના ભવમાં થયેલો નમસ્કારનો સંસ્કાર પાછળના સાગરોપમ પછી થયેલા ભવમાં તીર્થાન્તરમાં નમસ્કારને પામ્યા છતાં પણ જાતિસ્મરણ દ્વારા ઉદ્‌ભૂત થાય નહિ. તેમ જ દેવ દાનવ મનુષ્યો કે તિર્યંચોમાં એક સરખી આરાધના અને તેની મદદ કે સંસ્કારોનો સુધારો બની શકે નહિ; માટે પંચનમસ્કારને શબ્દ તથા અર્થ બંનેથી નિત્ય માનવો એ શાસ્ત્રવિરોધ ન હોય તો યુક્તિસંગત માલુમ પડે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૩૧ શ્રાવક અને શ્રાવિકાનો વર્ગ સાધુપણાની ઉંચી કક્ષામાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળો બાલવર્ગ છે.

૧૦૩૨ સામાયિક વગેરે વ્રતો દિનપ્રતિદિન તેની શુદ્ધ કરવા માટે વારંવાર પ્રવૃત્તિ કરાતાં હોઈ શિક્ષાવ્રત કહેવાય છે. એમ પણ કહી શકાય કે સંયમની શુદ્ધ કલાની પ્રાપ્તિ માટે સામાયિક, દેશાવગાસિક, પૌષધ તથા અતિથિસંવિભાગ એ ચાર વ્રતોનું શિક્ષણ અભ્યાસ રૂપ છે અને તેથી તે વ્રતોને શિક્ષાવત ગણી શકાય, કહી શકાય.

૧૦૩૩ સર્વવિરતિની અભિલાષાવાળા જીવોને જ સમ્યગ્–દર્શન કે દેશવિરતિ ગુણઠાણું હોય છે.

૧૦૩૪ સર્વવિરતિની અભિલાષા વગરના જીવો ભલે શુદ્ધ દેવ, ગુરુ, ધર્મને માનનારા હોય, સામાયિક પૌષધાદિ આચરનારા હોય પણ તેઓ ગુણઠાણાની પરિણતિમાં ગયેલા નથી પણ વ્યવહારથી ધર્મના કાર્યોમાં શુદ્ધ રીતે પ્રવર્તેલા છે એમ કહી શકાય.

૧૦૩૫ શ્રી જિનેશ્વર ભગવાન વગેરેની સ્નાત્રાદિદ્વારા કરાતી આરાધનાને કારણભૂત દ્રવ્યસ્તવ ત્યારે જ કહેવાય કે તે આરાધના કરનારનું ધ્યેય સર્વવિરતિનું હોય; અર્થાત્ સર્વવિરતિના ધ્યેય વિનાની આરાધના અપ્રધાનભાવે દ્રવ્ય આરાધના છે પણ કારણ-ભાવે દ્રવ્યસ્તવ નથી.

૧૦૩૬ દ્રવ્યસ્તવ કરતાં થતી સ્વરૂપહિંસાનો બચાવ જગત-માત્રના જીવોને અભયદાન દેવારૂપ અનુબંધ ધ્યાન અંગે જ થઈ શકે પણ તે અધ્યવસાય વિના માત્ર તીર્થંકરબહુમાનાદિના વિચારમાત્રથી તે સ્વરૂપહિંસાનો બચાવ યુક્તિવાદીઓને પણ યોગ્ય લાગશે નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૩૭ સમ્યગ્દૃષ્ટિને અજ્ઞાનાદિ અઢાર દોષની ભયંકરતા કાતીલ (ઘણી જ તીવ્ર) લાગવી જોઈએ, અને તેથી જ તેને રોકનાર તથા રોકાવનાર એવા શ્રીઅરિહંત ભગવાનનોને તે દેવાધિદેવ તરીકે માનવા તૈયાર થાય.

૧૦૩૮ અજ્ઞાનાદિ અઢાર દોષોથી નિવર્તીને બીજા ભવ્ય જીવોને તે દોષોથી નિવર્તાવનાર જો કોઈ પણ મહાપુરૂષ હોય તો તે શ્રીતીર્થંકર મહારાજાઓ જ છે, અને તેથી તેઓ જ મુમુક્ષુઓને આરાધ્ય, પૂજ્ય અને ધ્યેય છે એવું સમ્યગ્દૃષ્ટિના અંતઃકરણમાં સુદઢ મન્તવ્ય હોય.

૧૦૩૯ શાસ્ત્રોનું યથાસ્થિત તત્ત્વનિરૂપણ મિથ્યાદર્શનના સંસ્કારવાસિત આત્માઓને શલ્ય રૂપ થાય છે.

૧૦૪૦ શાસ્ત્રોને વાંચનારા અને જાણનારા દુનિયામાં ગણાતા વિદ્વાનો પણ ઐહિકફળની ઇચ્છાઓ કે લોકસંજ્ઞા તરફ દોરાઈને, પૌદ્ગલિક પદાર્થોને અંગે ઉપદેશાયેલો સમભાવ આગળ કરીને ગુણી તથા અવગુણી, દેવ તથા કુદેવ વગેરેમાં પણ સરખાપણું રાખવા સૂચવે તે ઓછું ભયંકર નથી.

૧૦૪૧ શ્રીજિનેશ્વર મહારાજાઓએ ભયંકર સંસારસમુદ્રથી તરવા કે તારવાનો કોઈપણ માર્ગ દેખ્યો હોય તો તે સંયમાદિ દશ પ્રકારનો માત્ર શ્રમણધર્મ જ છે, સ્થૂલ(દેશ)વિરતિ પણ તે શ્રમણાદિ ધર્મના અંશરૂપે હોઈ તેના સાધનરૂપ જ છે.

૧૦૪૨ શ્રમણોપાસકપણામાં જો કે હિંસાદિથી વિરતિ ઘણા જ મોટા પ્રમાણમાં છે, તોપણ તે શ્રમણોપાસકપણામાં હિંસાદિની રહેલી ઘણી અવિરતિને શ્રમણોપાસક અધર્મ માનતો હોવાથી શ્રદ્ધાનદ્વારાએ તે માન્યતારૂપ ધર્મને અવલંબીને દેશવિરતિરૂપ શ્રમણોપાસક–આચારને શાસ્ત્રકારો કથંચિત્ ધર્મ-પક્ષમાં ગણે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૪૩ જન્મ લેવો એ ઓરડી રોપવા જેવું છે અને મૃત્યુ એ કાંટા સમાન છે. જન્મરૂપી ઓરડી રોપ્યા કરવી અને મૃત્યુરૂપ વેરાતા કાંટાથી થતી કદર્થનાથી ભય પામવો એ એક બાલીશતા છે. કાંટાથી ડરનારે કાંટાના કારણનું જ ઉન્મૂલન કરવું જોઈએ.

૧૦૪૪ અનંતકાળથી આ જીવ રખડયા કરે છે તેનું કારણ એક જ છે કે તે મૃત્યુથી ડરે છે પણ જન્મથી ભય પામતો નથી, હજુ સુધી તે કદી જન્મથી ડર્યો નથી !

૧૦૪૫ મરણથી ડરેલો માર્ગ ભૂલેલો છે જ્યારે જન્મથી ડરનારો માર્ગ પર આવેલો છે.

૧૦૪૬ નવપદમાં રહેલાં પાંચ પરમેષ્ઠીઓ સંસારી નથી પણ સંસારનો સર્વથા ત્યાગ કરી દીક્ષિત થયેલા પરમતારક મહર્ષિઓ છે.

૧૦૪૭ દીક્ષા એ સર્વ ભયથી મુક્ત કરાવનારી તથા એકાન્તે નિર્ભય સ્થાને સ્થિત કરી શાશ્વત સુખ સમર્પનારી ચીજ છે.

૧૦૪૮ આધિને અટકાવનારી, વ્યાધિને વિદારનારી, ઉપાધિને ઉચ્છેદનારી, સંતાપને શરમાવનારી તથા મહોન્મત્ત એવા ક્રુર કર્મરાજાને નિમેષ(આંખના પલકારા) માત્રમાં નમાવનારી, કેવલ પરમ પવિત્ર પારમેશ્વરી પ્રવ્રજ્યા (દીક્ષા) જ છે.

૧૦૪૯ દ્રવ્યથી એટલે બાહ્ય ઘર છોડયા વગર, તીર્થંકરેનો પણ શાસ્ત્રકારે સાધુપણું માન્યું નથી.

૧૦૫૦ જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, ઉપાધિ આદિથી ભરપૂર એવા અનાદિઅનંત સંસારમાં, શ્રી જિનેશ્વર દેવોએ સ્વયમ્ આચરેલી અને કહેલી પવિત્ર પ્રવ્રજ્યા પ્રાણીઓને ઘણી જ દુર્લભ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૫૧ જ્યાં સુધી આ જીવ કર્મની સત્તામાં જકડાઈ રહ્યો છે ત્યાં સુધી અનંતા દુઃખો ભોગવી રહ્યો છે. જ્યાં સુધી રાગદ્વેષ તથા મોહની શ્રેણી ચાલુ છે ત્યાં સુધી જન્મ-મરણની પરંપરા પણ ચાલુ જ છે.

૧૦૫૨ અહિં સંસારમાં રહ્યા છતાં મોક્ષસુખની વાનગી પ્રશમ અને સમતા રસમાં તરબોળ થયેલા મુનિવરો જ અનુભવી રહ્યા છે.

૧૦૫૩ શ્રી જિનેશ્વર દેવના શાસનની પરમ પવિત્ર દીક્ષાનો અધમ પુરુષો કે હીનભાગીઓ જ પાર પામી શકતા નથી પણ ભાગ્યવાન આત્માઓ તો તેનો સહેલાઈથી પાર પામી શકે છે.

૧૦૫૪ સાધુને દાનમાં અપાતો રોટલીનો ટૂકડો કે વાટકી પાણી તે નિર્ગ્રંથપણું પ્રાપ્ત કરવાના દસ્તાવેજ ઉપર સહી છે.

૧૦૫૫ અહિં મેળવેલા પદાર્થો મરતી વખતે સાથે લઈ જઈ શકાય તેવા પ્રકારની શોધ હજી સિદ્ધ થઈ નથી. કદાચ સિદ્ધ થઈ જાય તો માતાપિતા, પુત્રપુત્રી, સ્ત્રી વગેરે માટે કોઈ કંઈયે રાખતો જાય ખરો ?

૧૦૫૬ સમ્યક્ત્વ પમાય તે વખતનો આનંદ કેવળજ્ઞાની મહાત્માઓથી આખી જિંદગીના પ્રયત્નથી પણ સ્પષ્ટપણે કહી શકાતો નથી.

૧૦૫૭ આત્મકલ્યાણનો માર્ગ ચારિત્ર સિવાયનો બીજો કોઈ નથી અને તે સર્વદા હું આદરું એવી બુદ્ધિ સમ્યક્ત્વવાળાની નિરંતર હોવી જોઈએ.

૧૦૫૮ અવધિજ્ઞાનથી અલંકૃત દેવતાઓ પરમેષ્ઠી કે વંદનીય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરીકે ગણાતા નથી પણ અષ્ટપ્રવચનમાતાને ધારણ કરનાર સાધુ પરમેષ્ઠીમાં વંદનીય તરીકે ગણાય છે.

૧૦૫૯ ભાવક્રિયા તેનું નામ ગણાય કે જે કર્મક્ષયના મુદ્દાથી નિરતિચારપણે જ કરાય.

૧૦૬૦ શ્રી જૈનશાસનમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સિવાય પરમ મંગલ પદાર્થો બીજા નથી.

૧૦૬૧ દયાના પરિણામ વગરનો જીવના બદલે ચૌદ રાજલોકના જીવોના ઘાતની અનુમોદના કરનાર છે.

૧૦૬૨ ભાવદયા તે સમ્યક્ત્વવાન્ દેશવિરતિ તથા સર્વવિરતિ વિગેરે તમામની ગણાય છે.

૧૦૬૩ રાગાદિક સમગ્ર દોષોનો પ્રચાર કરનાર હોય તો માત્ર ભોગ–તૃષ્ણા છે.

૧૦૬૪ કાષ્ઠાગ્નિકથી જેમ અગ્નિ અને પાણીના પૂરથી જેમ સમુદ્ર તૃપ્ત થતો નથી તેમ ગમે તેટલા ભોગોને ભોગવતાં છતાં ભોગ–તૃષ્ણાવાળો આત્મા કદી તૃપ્ત થતો નથી અર્થાત્ કદી સંતોષ પામતો નથી.

૧૦૬૫ ભોગને ભોગવવા દ્વારાએ ભોગતૃષ્ણાને તૃપ્ત કરવા ધારવું એ જળમાં પડેલા ચંદ્રના પ્રતિબિંબને બાલક પકડવા જાય તેના જેવું અગર પશ્ચિમની છાયાને પકડવા જવા જેવું છે.

૧૦૬૬ અધમ પુરુષો મોહ અને અજ્ઞાનથી ભોગતૃષ્ણાને આધીન થઇને ભયંકર ભવ–અરણ્યમાં ભટકયા કરે છે, જ્યારે ઉત્તમ પુરુષો આ ભોગતૃષ્ણાને દોષવાળી ગણીને પોતાના શરીરરૂપી મકાનમાંથી બહાર કાઢી મૂકી, સંતોષમાં જ લીન રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૬૭ ત્યાં સુધી જ મોક્ષમાં અપ્રીતિ અને સંસારમાં પ્રીતિ ભાસે છે, જયાં સુધી ચિત્તમાં આ અધમ ભોગતૃષ્ણાએ ઘર ઘાલ્યું છે.

૧૦૬૮ કોઈ પણ પ્રકારે જયારે આ ભોગતૃષ્ણા ઓસરી જાય છે ત્યારે ભાગ્યશાળીઓને ભવ કાંકરા સરખો ભાસે છે.

૧૦૬૯ ભોગતૃષ્ણાને આધીન બનેલો નર જ અશુચિથી ભરેલા ટોપલા સમાન સ્ત્રીઓનાં અંગોમાં સુગંધી તથા મનોહર કમલની અને નિર્મલ ચંદ્રની કલ્પના કરે છે.

૧૦૭૦ જયારે આ ભોગતૃષ્ણા સર્વથા ચાલી જશે ત્યારે સ્ત્રી આદિક તથા પાંચેય ઇંદ્રિયોના શબ્દાદિક વિષયો સ્વપ્નમાં પણ દેખાવ દેશે નહિ.

૧૦૭૧ જે મહાત્માઓનાં હૃદયમાંથી આ ભયંકર ભોગતૃષ્ણા ભાગી ગઈ છે તેઓ કદાચ ભિક્ષુક કે દરિદ્રનારાયણ હોય તો પણ ઇંદ્રાદિકથીયે અધિક સુખી છે.

૧૦૭૨ જ્યાં સુધી જીવ દુઃખપરિણામરૂપ ધન, વિષય, કુટુંબ વગેરેને વિષે સુખબુદ્ધિ રાખે છે તથા સુખપરિણામરૂપ વૈરાગ્ય, તપશ્ચર્યા, ત્યાગ, સંયમાદિમાં દુઃખબુદ્ધિ રાખે છે ત્યાં સુધી જ અર્થાત્ આ વિપરીત વાસના ખસતી નથી ત્યાં સુધી જ તેને દુઃખનો સંબંધ છે.

૧૦૭૩ જયારે આ જીવ વિષય, ધન, કુટુંબાદિ માટે કરાતી પ્રવૃત્તિને દુઃખરૂપ તથા તેનાથી નિવૃત્તિને સુખરૂપ જાણતો થશે ત્યારે તે સાંસારિક ઇચ્છાનો નાશ થયો હોવાથી અને આત્મીય સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છાના સદ્ભાવથી સાચો આનંદ અનુભવશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૭૪ જેમ જેમ મનુષ્ય સ્પૃહા રહિત થાય છે તેમ તેમ તે પાત્ર થતો જતો હોવાથી, પાત્રતાના યોગે ખિંચાઇને સંપત્તિઓ નજીક નજીક આવતી જાય છે.

૧૦૭૫ ભાગ્ય વિનાનો મનુષ્ય (નિર્ભાગી) જેમ જેમ સંપત્તિઓની ઇચ્છાઓ કરે છે તેમ તેમ તે સંપત્તિઓ ઉલટી દૂર દૂર ચાલી જાય છે.

૧૦૭૬ મન કે તનની આછી પણ પીડા સ્વપ્નમાંયે ન જોઈતી હોય તો વિષયોની સ્પૃહા ન રાખશો.

૧૦૭૭ દરેક આત્માએ નિરંતર વિચારવું જોઈએ કે અર્થાત્ પોતે પોતાના પ્રશ્નકાર બનવું જોઈએ કે 'શું હું સર્વ-સંગ ત્યાગ કરવામાં સમર્થ નથી ?'

૧૦૭૮ તીવ્રરાગ રહિત ગૃહસ્થો (જેઓની રાગદશા તીવ્ર નથી તેવા ગૃહસ્થો) વિષયોમાં પ્રવૃત્તિ કરવાવાળા છતાં, ચારિત્રના પ્રાધાન્યવાળાં દ્રવ્યસ્તવો કરતાં કરતાં ચારિત્ર મોહનીયને હણીને ભાવવ્યાધિને પાતળા કરી આત્માની શાંતિ અનુભવે છે.

૧૦૭૯ જેને ચારિત્રથી દેવલોકના વિષયો મેળવવાની વાંછા હોય તેને માટે તો અહિંના થોડા વિષયોના ત્યાગે સ્વર્ગના વધારે વિષયો મેળવી ઉલટું વધારે દુઃખમાં ડૂબવાનું નિર્માણ થાય છે. એનો એવો અનર્થ ન કરવો જોઈએ કે 'ચારિત્રનો ત્યાગ કરવો' કિન્તુ દેવલોક કે વિષયાદિકની અભિલાષા દૂર કરવી જોઈએ.

૧૦૮૦ શ્રી જિનેશ્વર ભગવાનના શાસનમાંજ જીવાદિક નવતત્ત્વોનું યથાર્થ નિરૂપણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૮૧ સર્વ આસ્તિક દર્શનકારો જો કે 'જીવ' પદાર્થને માને છે, પણ સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈ પણ આત્મા તેને (જીવને) દેખી શકયો નથી (દેખી શકયો નથી) અને તેથી જ એમ કહેવું જોઈએ કે એમ કહી શકાય જ કે શ્રી સર્વજ્ઞ ભગવાન સિવાયના આસ્તિક એવા પણ દર્શનકારોએ 'જીવ' શબ્દ કહેવામાં શ્રી સર્વજ્ઞ ભગવાનના વચનની માત્ર નકલ જ કરી છે.

૧૦૮૨ પદાર્થને જાણનારો કે જોનારો જ મનુષ્ય પદાર્થના નામના કથનનો પ્રારંભ કરે એ નિયમ સત્ય હોઈ શ્રી સર્વજ્ઞ ભગવાને જ 'જીવ' શબ્દની પ્રવૃત્તિ શરૂ કરી છે એમ કહેવું સત્ય જ છે.

૧૦૮૩ રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દ વિનાના પદાર્થને સાક્ષાત્ જાણનારી વ્યક્તિ જ રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ વિનાના આત્માને જાણી અને જોઈ શકે.

૧૦૮૪ કોઈ પણ ઘટપટાદિ પદાર્થમાંથી કલ્પના બુદ્ધિએ સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણને દૂર કરવામાં આવે, તદનંતર તે દ્રવ્યનું જે સ્વરૂપ કલ્પી શકીએ તે જ સ્વરૂપ અમૂર્ત દ્રવ્યનું હોય છે અને જીવ પણ તેવો જ હોવાથી શ્રી સર્વજ્ઞ ભગવાનથી જ દેખાય.

૧૦૮૫ અન્ય મતવાળાઓ જીવને જ્ઞાનનું અધિકરણ માની આત્મામાં જ્ઞાનનો માત્ર સમવાય (સંબંધ) માને છે જ્યારે જૈન શાસ્ત્રકારો તો આત્માને જ્ઞાનસ્વરૂપ માને છે.

૧૦૮૬ સ્મરણ તથા વિસ્મરણની ચિત્રવિચિત્ર દશાને અનુભવનારો મનુષ્ય જ્ઞાનને રોકનાર કર્મને જરૂર માનશે.

૧૦૮૭ શિક્ષક, શાસ્ત્ર, શૈલી અને ઉપયોગ એક સરખાં છતાં, શિક્ષણની પ્રાપ્તિની વિચિત્રતા સમજનારો મનુષ્ય આવરણના ક્ષયે જ્ઞાનની પ્રાપ્તિ છે, એમ માને તે સ્વાભાવિક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૮૮ આત્મા જો સ્વભાવે સર્વજ્ઞાનમય ન હોય તો અતીતના નાશ પામેલા અને અનાગતના નહિ ઉત્પન્ન થએલા પદાર્થોને જાણવાનો વખત જ ન આવે.

૧૦૮૯ પદાર્થોના સંયોગોનું નિયમિતપણું હોવાથી મન, આત્મા કે ઇંદ્રિયોની સાથે જોડાયેલા પદાર્થોનું જ્ઞાન થવા છતાં પણ લોકાલોકના વર્તમાનકાળના પણ અનંતાનંત પદાર્થો જાણવાનું આત્માના જ્ઞાનસ્વભાવ સિવાય બની શકે જ નહિ.

૧૦૯૦ એકી વખતે અનેક ઇંદ્રિયોના વિષયોનું જ્ઞાન છદ્મસ્થને થઈ શકતું નથી. એના નિર્વાહ માટે અન્યમતકારોએ યાવત્ શરીર વ્યાપી એવા મનને ન કબૂલ કરતાં મનને અણુ-પરિમાણવાળું માન્યું. પણ એક ઇંદ્રિયને ઘણા વિષયો લાગેલા છતાં તેમાંના એક જ વિષયનો બોધ થાય છે એ વસ્તુનો નિયમ કરવા માટે આત્માના ઉપયોગને જ માનવો પડશે.

૧૦૯૧ ઉપયોગ એ આત્માનો અબાધિત, અવિચ્છિન્ન, અવિ-ચલ, શાશ્વત, સાર્વત્રિક ગુણ હોવાથી આત્માને તદ્રૂપ જ માનવો પડશે.

૧૦૯૨ મનને અણુ માન્યા છતાં પણ કઈ કઈ ઇંદ્રિયની સાથે કયારે કયારે અને કયા કયા કારણથી મન જોડાય અને પહેલી ઇંદ્રિયથી જુદું પડે એનો નિર્ણય કરવામાં મનને અણુ-પરિમાણવાળું માનનારા લોકોને મુશ્કેલી જ છે.

૧૦૯૩ આત્માને સર્વવ્યાપક માનનારા દર્શનકારો મૃતક-શરીરમાં પણ આત્માને માનવા તૈયાર થાય અને તેથી મનરૂપી ભૂતને આધારે જ ચેતનની ઉત્પત્તિ વગેરે વ્યવહાર કરી જડ સાથે જ ચેતનાનો સંબંધ નાસ્તિકોની પેઠે ઠરાવે તેમાં નવાઈ જેવું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૯૪ આત્માને સર્વ વ્યાપક માનનારાઓ આત્માનું ગમન વગેરેને ન માનતા હોઈ, ભવાંતરમાં જડ એવા મનનું જ ગમન માનવા તૈયાર થાય છે.

૧૦૯૫ જ્ઞાન માત્રમાં મન અને ચામડીના સંયોગને કારણુ માનનારાઓ જ્ઞાનને આત્માના સ્વભાવરૂપે માની શકે જ નહિ.

૧૦૯૬ 'આત્મા, મન તથા ઇંદ્રિયના પદાર્થના સંબંધથી જ જ્ઞાન થાય છે' એમ માનનારાઓ ઈશ્વરને મન કે ઇંદ્રિય ન હોવાથી જ્ઞાની કઈ રીતિએ માની શકે? અર્થાત્ એ ન્યાયે તો ઈશ્વરને જ્ઞાની તરીકે માની શકાય જ નહિ.

૧૦૯૭ ઇંદ્રિય તથા મનરૂપી સાધનદ્વારા પ્રગટતા જ્ઞાનને જાણવાથી, જ્ઞાન ઇંદ્રિયાદિક વિના થાય જ નહિ એમ માનવાથી આત્માને જ્ઞાનરૂપ ન માનનારાઓ સિદ્ધિપદને પામેલા આત્માઓમાં (સિદ્ધોમાં) પણુ જ્ઞાનનો સર્વથા અભાવ માનવા તૈયાર થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

૧૦૯૮ અશરીરી એવા સિદ્ધપણામાં તેઓ જ સંપૂર્ણ જ્ઞાન માની શકે કે જેઓ આત્માને સ્વભાવથી જ સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ માનતા હોય.

૧૦૯૯ કોઈપણુ સુજ્ઞ મનુષ્ય મળેલા જ્ઞાનના નાશને માટે ધર્મ કરવા તૈયાર થાય નહિ માટે ધર્મથી મળતા મોક્ષને જ્ઞાન તથા સુખ વિનાનો મનાય નહિ.

૧૧૦૦ સદ્દજ્ઞાન અને સદ્દવર્તનની સ્થિતિ જો મોક્ષની મુખ્ય જડ હોય તો તેના જ આધારે થયેલા મોક્ષને સંપૂર્ણ જ્ઞાનમય અને વીતરાગતામય માનવો પડે.

P. P. Ac. Gunratnasuriji M.S.　　Jin Gun Aaradhak Trust

૧૧૦૧ વિગ્રહગતિના વચલા સમયે માત્ર, જે એક, બે કે ત્રણ હોય તેમાં જ આ જીવ આહાર વિનાનો હોય છે; બાકીનો સર્વકાળ તે આહાર કરવામાં જ પ્રવર્તેલો હોય છે, માટે તેના (આહારના) ત્યાગની પ્રથમ જરૂર છે.

૧૧૦૨ કેવળી મહારાજથી કરાતા સમુદ્ઘાતમાં અને ચૌદમા ગુણઠાણાની અયોગીદશામાં જ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય અનાહારીપણું પામી શકે છે.

૧૧૦૩ જીવનો તૈજસ્ શરીર સાથે સર્વ–કાળ–સંબંધ હોઈ તેને (જીવને) સર્વકાળ આહાર લેવો પડે છે.

૧૧૦૪ વિગ્રહગતિ વગેરેમાં જીવ આહાર કરવાલાયક પુદ્ગલોને ગ્રહણ કરી શકતો નથી માટે જ તે વખતે અનાહારીપણું રહે છે પણ તે વખતે પુદ્ગલ ગ્રહણ કરવાનો સ્વભાવ નથી એમ તો નથી જ.

૧૧૦૫ ઉત્પત્તિસ્થાનમાં આવતાંની સાથે જ પ્રથમ સમયે જ જીવ આહાર ગ્રહણ કરે છે અને તેથી આહારપર્યાપ્તિની અપેક્ષાએ ત્યાં જીવ અપર્યાપ્તો હોતો નથી.

૧૧૦૬ તૈજસ્શરીર રૂપી ભઠ્ઠી દરેક સંસારી જીવોની સાથે જ વળગેલી જ છે. તે તૈજસ્–અગ્નિનું જાજ્વલ્યપણું જ તેની અને જીવની અનાદિતા જણાવવા માટે બસ છે.

૧૧૦૭ મળેલા દાહ્ય પદાર્થને બાળવો અને નવા દાહ્ય પદાર્થને પકડવો એ જેમ અગ્નિનું કાર્ય છે તેવી જ રીતે આ તૈજસ શરીર રૂપી અગ્નિ મળેલા આહારને પરિણમાવે છે અને નવા આહારને પકડે છે.

૧૧૦૮ દાહ્ય પદાર્થના પરિણમનરૂપ અગ્નિ હોવાથી જ્યાં સુધી અગ્નિ હોય ત્યાંસુધી બાહ્ય પદાર્થની હયાતી માનવી જ પડે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૦૯ તૈજસ અગ્નિ નવો ઉત્પન્ન થતો જ નથી માટે તે અનાદિથી જ સળગતો છે.

૧૧૧૦ તૈજસ્અગ્નિ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી દરેક સમયે તે દાહ્ય પદાર્થરૂપી આહારને ગ્રહણ કરતો જ રહેશે. (જો કે દિગંબરો કેવલીને કવલાહાર (કવલ+આહાર) માનતા નથી તોપણ તેઓને 'નોકર્મ' નામનો એક જ કલ્પેલો આહાર માનવો પડે છે. તેઓ માને છે કે 'કેવલી નોકર્મ આહાર કરે કરે છે' કેવલી ભગવાનને આહાર અને શરીર બંને જુદી જાતનાં એટલે નોકર્મ આહાર અને પરમ ઔદારિક શરીર માનીને દિગંબરોએ પણ આહાર જન્ય જ શરીરનું પોષણ માનેલું છે.)

૧૧૧૧ શાસ્ત્રરીતિએ ઓજ, લોમ અને પ્રક્ષેપ (કવલ) એવી રીતે ત્રણ પ્રકારના આહારો અનુક્રમે ઉત્પત્તિ સમયે, અપર્યાપ્તપણા વગેરેમાં અને જન્મ પામેલાને મનાય છે. (દિગમ્બરોને આહારના ઘણા ભેદો માત્ર કેવલીને થતો આહાર ઉઠાવવા માટે જ માનવા પડ્યા છે.)

૧૧૧૨ દરેક પ્રકારના આહારો ઉપયોગપૂર્વક અને રાગદ્વેષની પરિણતિથી જ થયેલા હોય છે એવો નિયમ નથી અને તેથી જ અપર્યાપ્ત અવસ્થા વગેરેમાં પણ આહારની હયાતી માનવામાં આવેલી છે

૧૧૧૩ ગર્ભમાં રહેલા પર્યાપ્તા જીવના શરીરનું પોષણ પણ માતાએ કરેલા કવલાહારના આધારે જ છે એ હકીકત શાસ્ત્રસિદ્ધ છે. માતાની રસનાડીની સાથે પુત્રની રસનાડી હોય છે. અને તેથી જ માતાના કવલાહારના રસથી પુત્રના શરીરનું પોષણ થાય છે. (કેવલીની) નાડી કોઈપણ બીજા કવલાહાર કરનાર જીવ સાથે જોડાયેલી નથી કે જેથી તેઓશ્રીનું શરીર કવલાહાર વગર ગર્ભમાં રહેલ જીવની માફક પોષણ પામે.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૧૪ આ જીવે શરીરને બાંધવાનો વિચાર કર્યો જ નહોતો, પણ તૈજસ્‌ના બળે આહાર ગ્રહણ થયો અને તેમાંથી જે રસ જામ્યો તે જ રસ આ જીવનને શરીરપણે વળગ્યો અર્થાત્ તૈજસ્‌ના લીધે આહાર તથા આહારને લીધે શરીર જીવ સાથે વગર ઇચ્છાએ પણ જોડાયું અને પછી તે શરીર ઉપર રાગ થવાથી તેના પોષણ તથા રક્ષણ વગેરે તરફ આ જીવ દોરાયો.

૧૧૧૫ આ શરીરમાં જીવ આશ્રિત થયો તેથી જ અનેક ઉપાધિને અનુભવવાની જરૂર પડી.

૧૧૧૬ શરીરના આધારે નહિ રહેલા જીવોને અરૂપી અને અનાશ્રિત એવા આકાશની પેઠે કોઈપણ જાતનું કોઈ પણ પ્રકારે દુઃખ વેઠવું પડતું નથી.

૧૧૧૭ એકલા અગ્નિને કોઈપણ મનુષ્ય ઘણથી કૂટતો નથી. પણ જ્યારે તે અગ્નિ લોઢામાં આશ્રિત થાય છે ત્યારે જ તેને લુહારો વિગેરે લોઢાની સાથે કૂટે છે; તે જ રીતિએ નિરાશ્રિત (સ્વતંત્ર) જીવને કોઈ પણ પ્રકારની બાધા હોતી નથી પરન્તુ શરીરાશ્રિત (દેહધારી) જીવને જ અનેક પ્રકારની બાધાઓ હોય છે.

૧૧૧૮ તત્ત્વદૃષ્ટિથી માલૂમ પડશે કે લોકમાં થતું દુઃખ એ કેવળ અનિષ્ટ એવા પુદ્‌ગલના સંયોગથી થયેલું છે, અને તે પ્રકારનું સુખ પણ ઇષ્ટ પુદ્‌ગલ સંયોગથી જ થાય છે તેથી તે સુખ–દુઃખ તો આત્મામાં માત્ર આરોપિતજ છે પણ આત્માના સ્વભાવથી થતું જે સુખ છે કે જેનો અનુભવ સર્વ–કર્મ–રહિત એવા શ્રી સિદ્ધ પરમાત્માઓ જ કરી શકે છે, તે આરોપ વિનાનું અને વાસ્તવિક સુખ છે અને તેથી તેવું સુખ તે જ આત્માનો વાસ્તવિક સ્વભાવ છે.

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

૧૧૧૯ અનાદિકાળથી રાગદ્વેષ જીતવાની, સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીવાળી પદ્ધતિ એકસરખી ચાલી આવી છે, ચાલે છે અને ચાલશે.

૧૧૨૦ શ્રીતીર્થંકરો બધા સ્વયંબુદ્ધ જ હોય પણ કેવળીઓ બધા કંઈ સ્વયંબુદ્ધ ન હોય.

૧૧૨૧ સ્વશક્તિથી જ અને સ્વઆલંબનથી જ તીર્થંકરો કૈવલ્યદશા પ્રાપ્ત કરે છે.

૧૧૨૨ આત્મીય દૃષ્ટિએ દેવતાનો ભવ પણ આત્મીય શક્તિના આવિર્ભાવને વધારવા માટે અંધાપા સમાન છે.

૧૧૨૩ સમ્યગ્દર્શનાદિદ્વારા જીવોને મોક્ષ મેળવી આપવા ભાવદયાનાં નિર્ઝરણાં ઝરાવવા માટે શ્રી જૈનદર્શનરૂપ હૃદ જગતમાં જન્મ્યો છે.

૧૧૨૪ કર્મયોગે આવી પડેલાં અન્ય જીવનાં દુઃખોને દેખીને તેનાં તે દુઃખોને ટાળવાનું મન થાય, તે માટે પ્રયત્નો થાય અને તે દુઃખો સર્વથા દૂર કરાય તે દ્રવ્ય દયા.

૧૧૨૫ જ્યાં સુધી ભાવદયાનું તત્ત્વ નિહાળનારા નહિ થાઓ ત્યાં સુધી જ પ્રભુ માર્ગની બધી કાર્યવાહી સાધ્યની સિદ્ધિ કરી શકશે નહિ.

૧૧૨૬ ભાવદયામાં જનારા કેવલ ભવ્ય જીવો જ હોઈ શકે. દ્રવ્યદયામાં તો ભવ્ય અને અભવ્ય બન્ને હોય, પણ ભાવદયામાં ફક્ત એકલા ભવ્ય જીવો (ભવ્ય પરિણામવાળાં) હોય તે જ રહી શકે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૨૭ દેવાની દાનતના પરિણામ માત્રથી દારિદ્ર ફિટાવવાની તાકાત આવતી નથી પરન્તુ ધનોપાર્જનની તાકાત હોવી જોઈએ, તેમ એકલા સમ્યક્ત્વથી મુક્તિ ન મળે પણ સંવર અને નિર્જરા મેળવવાં જોઈએ.

૧૧૨૮ ચારે ગતિના સકંજામાંથી કેમ છૂટાય? સંપૂર્ણ ગુણ કેવી રીતે પ્રગટ થાય? કર્મજાળમાં કેવી રીતે ન સપડાઈએ? આ બધા આત્માના ભાવદયામય ભવ્ય મનોરથો છે.

૧૧૨૯ કષાયોનો ક્ષય કરનાર જીવોને ભવભ્રમણ કરાવનાર જગત્‌માં કોઈ નથી કેમકે કર્મની સ્થિતિ બંધાવનાર કષાયો જ છે.

૧૧૩૦ કષાય (સિવાય ભવભ્રમણનું અન્ય કોઈ મુખ્ય કારણ નથી. યોગથી બંધાતાં કર્મો માત્ર સમય જેટલી જ સ્થિતિનાં હોય છે.

૧૧૩૧ વિકલ્પ વિષયોથી ઉત્તીર્ણ થયેલ, સ્વભાવનું આલંબન કરનાર અને જ્ઞાનની પરિપકવ દશા પામેલો હોય તે જ આત્મા અર્થાત્ આ ત્રણ ગુણોથી અલંકૃત થયેલો આત્મા સાક્ષાત્ શમ છે.

૧૧૩૨ 'શમ'જ અન્ય કશાથી પણ ન બુઝાવી શકાય તેવી હૃદયમાંની તૃષ્ણાદિની જ્વાળાને શાંત કરે છે.

૧૧૩૩ આત્મકલ્યાણના હેતુ એવા ત્યાગમાર્ગના અપૂર્વ દર્શન કરાવ્યાં તેથી જ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનને આપણે માનીએ છીએ.

૧૧૩૪ દોષની ભયંકરતા સમજી, 'તેને નહિ છોડું તો રખડીશ' એ સૂત્ર ગોખ્યા જ કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૩૫ અઢાર દોષો અરિહંતભગવંતોએ ટાળ્યા અને જગત્‌ના જીવો તે દોષોને ટાળે તેટલા માટે જ આ શાસનનો તેઓશ્રીએ જન્મ કર્યો છે.

૧૧૩૬ દ્રવ્યાનુષ્ઠાન ભાવ વગરનું થાય તો તે નિરર્થક તો નથી જ.

૧૧૩૭ વૃદ્ધિ પામતો વિદ્યાભ્યાસ, વિવેક અને વિશુદ્ધ વર્તન વગરનો હોય તો તે વાસ્તવિક રીતિએ વિદ્યાભ્યાસ નથી પણ વગર નોતરેલ વિનાશકાળ છે.

૧૧૩૮ સ્પર્શ–રસ–ઘ્રાણ–ચક્ષુ એ ચારેય ઇંદ્રિયો પૈકી એકેય ઇંદ્રિયનો એ વિષય નથી કે જે તત્ત્વના પરમાર્થને પિછાણે.

૧૧૩૯ ભૂત, ભવિષ્ય અને સામ્પ્રતકાલમાં જેઓએ કલ્યાણ સાધ્યું, સાધશે અને સાધે છે તે તમામ શ્રુતનો જ પ્રભાવ છે.

૧૧૪૦ સર્વકાળના કલ્યાણનું કેન્દ્ર મોક્ષ છે કારણ કે મોક્ષમાં સાદિ અનંત જ સ્થિતિ છે.

૧૧૪૧ નિર્જરાના કારણ જોડે બંધની પરિણતિ ભળી હોય તો બંધ સજ્જડ કરાવે અને બંધના કારણ જોડે ભળેલી નિર્જરાની પરિણતિ સજ્જડ નિર્જરા કરાવે.

૧૧૪૨ કર્મની અદાલતમાં, ચ્હાય તો શ્રી જિનેશ્વર ભગવંત હોય, ચક્રવર્તી હોય કે એકેન્દ્રિય હોય; કોઈનું પાપ માફ થતું નથી.

૧૧૪૩ મોક્ષની ઇચ્છાવાળા જીવો, ચ્હાય તે મતના હોય તો પણ, તે સર્વે ભવ્ય જીવો છે.

૧૧૪૪ મોક્ષ માર્ગના શૂરા સેનાધ્યક્ષ કે વસ્તુતઃ સાર્વભૌમ મહારાજાધિરાજ શ્રી તીર્થંકરો જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૪૫ દેવ, ગુરુ, અને ધર્મને ત્યાગને લીધે જ માનીએ છીએ. એમાં પૌદ્ગલિક સંબંધને સ્થાન જ નથી. પ્રાતિહાર્ય અતિશયો આદિ તો મહિમારૂપ છે પણ સાધ્યરૂપે તો મોક્ષનું સાધનપણું જ છે.

૧૧૪૬ બાહ્ય તથા અભ્યંતર બન્ને પ્રકારનો તપ કર્મક્ષય, કેવલજ્ઞાન તથા મોક્ષનું અનુપમ સાધન છે.

૧૧૪૭ કર્મોની અકામપણે કે સકામપણે નિર્જરા થયા સિવાય જીવ કોઈ દિવસ પણ સમ્યગ્દર્શનાદિ ગુણોમાંથી કોઈ પણ ગુણને પ્રાપ્ત કરી શકતો નથી.

૧૧૪૮ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર એ ત્રણેય મોક્ષનાં અપૂર્વ સાધન છે છતાં નિર્જરાને માટે તે સિવાયનું કારણ જો કોઈ હોય તો તે, લાંબાકાળનાં સંચિત, નિધત્ત અને નિકાચિત કર્મોને સર્વથા ક્ષય કરી આત્માને પરમપદ સમર્પણ કરનાર 'તપ જ' છે.

૧૧૪૯ આઠ પ્રભાવકોમાં 'તપસ્વી' પ્રભાવક અઠ્ઠમ આદિ વિકૃષ્ટ તપશ્ચર્યાવાળાને જણાવેલ છે.

૧૧૫૦ શ્રાવક સંસ્થાને અંગે, પ્રાવચનિકપણું વગેરે ન હોવાથી, ઔદાર્ય આદિના યોગે મહારાજાને મળી અમારિપડહ વગડાવવા એ શાસનપ્રભાવનાનું કાર્ય છે.

૧૧૫૧ મતિ આદિ પાંચે ય જ્ઞાનના પ્રકાર છતાં પણ, જો કોઈ સ્વ અને પરનું નિરૂપણ કરનાર દીવા સમાન જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાન જ છે.

૧૧૫૨ રથયાત્રા, તીર્થયાત્રા, સંઘપૂજા અને શાસનપ્રભાવના આદિ કૃત્યોદ્વારાએ દર્શનપદની આરાધના થાય છે.

૧૧૫૩ મતિજ્ઞાનાદિની પણ સમૃદ્ધિ શ્રુતજ્ઞાનથી જ છે.

૧૧૫૪ મિથ્યાત્વાદિ દોષો અને કર્માદિ કારણોનો આદરભાવ, જીવોને આત્મકલ્યાણ સાધવાના માર્ગમાં હોતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧૫૫ ગુણુ અને ગુણી બંને ઉપર રાગ કરવો જોઈએ. તે પ્રશસ્ત રાગ કહેવાય.

૧૧૫૬ શ્રી જિનેશ્વર મહારાજની તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ એમ જેટલે જેટલે અંશે ભક્તિ થાય તેટલે અંશે પૂર્વકાળનાં બાંધેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મોના નાશ થાય છે.

૧૧૫૭ મિથ્યાત્વ, અવિરતિ. અજ્ઞાન ક્રોધાદિક કષાયો અથવા જ્ઞાનાવરણીયાદિ કર્મો ઉપર કરાતો દ્વેષ, તે પ્રશસ્ત દ્વેષ કહેવાય છે.

૧૧૫૮ મિથ્યાદર્શન આદિ અવગુણવાળા જીવો ઉપર ધરાતો દ્વેષ, એ પ્રશસ્ત દ્વેષ કહેવાય નહિ.

૧૧૫૯ સમ્યગ્દર્શનાદિ અવગુણવાળા ગુણી ઉપર ભક્તિ આદિ આરાધનાદ્વારાએ રાગ કરવો, તે પ્રમોદ ભાવનાનો વિષય થાય છે. તેમ મિથ્યાદર્શન આદિ અવગુણવાળા ઉપર દ્વેષાદિ કરવો, એ કોઇપણ ભાવનાનો વિષ નથી.

૧૧૬૦ મિથ્યાદર્શન આદિ અવગુણોવાળા દ્વેષનું સ્થાન નથી પણ કરુણા અને માધ્યસ્થ ભાવનાનું સ્થાન છે.

૧૧૬૧ શ્રેણી માંડી કેવલજ્ઞાન પામનાર જીવ સત્તામાં રહેલા નિકાચિત કર્મોનો ક્ષય કરવાનું સામર્થ્ય ધરાવે છે.

૧૧૬૨ પહેલાં ખરાબ આચરણ કે ખરાબ પરાક્રમથી કરેલાં પાપકર્મોનો ક્ષય વેદવા વિના થતો નથી અર્થાત્ વેદવાથી તે કર્મોનો ક્ષય થાય છે અથવા તપશ્ચર્યાથી થાય છે.

૧૧૬૩ ભવ્ય જીવોને મોક્ષની પ્રાપ્તિનાં સાધન તરીકે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ છે.

૧૧૬૪ સર્વ કર્મનો ક્ષય કરવાને માટે તપ જેવી કોઇપણ ઉપયોગી ચીજ સંસારભરમાં નથી.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust